


♦જોડણી♦

આ ‘ઈ.બુક’માં માત્ર એક જ ‘ઈ’–‘ઉ’ વાપર્યા છે.

●eBook : 'સ્વર્ગ ધરતી પર છે'●

♦By Prof. Raman Pathak 'Vachaspati'♦

('અભીવ્યક્તી' બ્લૉગમાં મુકાયેલા પ્રા. રમણ પાઠક 'વાચસ્પતી'ના લેખોની ઈ.બુક)

●© સમ્પાદક●

♦ઈ.બુક મુલ્ય : તદ્દન મફત...♦

●જોડણી : આ 'ઈ.બુક'માં માત્ર એક જ 'ઈ'–'ઉ' વાપર્યા છે●

♦ઈ.બુક પ્રકાશક♦

મણી મારુ,

405, સરગમ એપાર્ટમેન્ટ, કૃષી યુનીવર્સીટી સામે, નવસારી

પોસ્ટ : એરુ એ. સી. – 396450 સેલફોન : 9537 88 00 66

ઈ.મેઈલ : govindmaru@gmail.com

●ઈ.બુક અક્ષરાંકન●

ગોવીન્દ મારુ

સેલફોન : 9537 88 00 66

ઈ.મેઈલ : govindmaru@gmail.com

# અનુક્રમણીકા

વાચકમીત્રો પોતાની પસન્દગીના લેખ પર ક્લીક કરતાં જ, તે લેખનું પાનું ખુલશે. એ જ પ્રમાણે દરેક લેખમાં જે તે 'લેખના શીર્ષક'ની નીચે જમણી બાજુએ લખવામાં આવેલ 'અનુક્રમણીકા' શબ્દ પર ક્લીક કરતાં જ આ અનુક્રમણીકા ખુલશે. આ સુવીધાનો લાભ લેવા વાચકમીત્રોને વીનન્તી છે.


I સમ્પાદકીય ● ગોવીન્દ મારુ ● **04**

1 અત્રૈવ વીશ્વ ભવત્યેકનીડમ્ ● **07**

2 ધાર્મીકતા ઘટી રહી છે : આનંદો! ● **18**

3 અન્ધશ્રદ્ધાનીર્મુલન = ધર્મનું શુદ્ધીકરણ ● **28**

4 ગુરુ : કંઠે પહાણ શકે ક્યમ તરી? ● **38**

5 કર્મફળ : સજા પરત્વે સજાગતા ● **49**

6 પુત્રીમ્ પુત્રમ્ સમાચરેત્ ● **60**

7 સાવધાન! 'શ્રદ્ધા'નો બીગ બેંગ! ● **72**

8 સ્વર્ગ આકાશમાં નહીં; ધરતી પર જ છે ● **83**

9 ચાર્વાક્–દર્શન (ભાગ – 1) ● **97**

10 ચાર્વાક્–દર્શન (ભાગ – 2) ● **110**

11 રૅશનાલીઝમ, વૃત્તીઓ અને સદ્ગુણો ● **124**

12 અન્તીમ ભ્રમણ : કાળની વીકરાળ લીલા ● **138**

II આધુનીક મહર્ષી : પ્રા. રમણભાઈ પાઠક 'વાચસ્પતી' ● વલ્લભ ઈટાલીયા ● **148**

III અમારાં પ્રકાશનો ● **167**

I

# સમ્પાદકીય

અનુક્રમણીકા

સુરતના ‘ગુજરાતમીત્ર’ અને મુમ્બઈના ‘સમકાલીન’ દૈનીકની લોકપ્રીય કૉલમ અનુક્રમે ‘રમણભ્રમણ’ અને ‘સંશયની સાધના’ દ્વારા સ્મરણીય રમણભાઈ પાઠક ‘વાચસ્પતી’એ ધાર્મીક રીતરીવાજો અને ધર્મઘેલી પ્રજાની બેવકુફીઓને પડકારી ને અન્ધશ્રદ્ધા વીરોધી રૅશનલ ચળવળ ચલાવી હતી. તેઓના માનવતાવાદી વીચારોવાળા લેખોથી મારા જેવા અનેકોનું જીવન ઘડાયું છે. એટલું જ નહીં વાચકો માનવજીવનનો સાચો ધર્મ પામી શક્યા છે.

‘અભીવ્યક્તી’ બ્લૉગના વાચકમીત્રો તરફથી પ્રા. રમણભાઈના મુલ્યવાન રૅશનલ વીચારો ધરાવતાં પુસ્તકોની માંગ પ્રાપ્ત થઈ; પરન્તુ તેઓનાં પુસ્તકો આઉટ ઓફ પ્રીન્ટ છે. મારા ‘અભીવ્યક્તી’ બ્લૉગ પર

રમણભાઈના બહુઆયામી, બહુઅવગાહી અને બહુમુલ્ય 41 લેખો પ્રગટ કરવામાં આવ્યા છે. આ તમામ લેખોને વાચકમીત્રો તરફથી ખુબ જ સારો આવકાર અને પ્રતીસાદ સાંપડતો રહ્યો છે. પાઠકસાહેબના જન્મ દીવસે તે પૈકીના 12 લેખોની 'ઈ.બુક' 'સ્વર્ગ ધરતી પર છે' લોકાર્પીત કરી ને હું આનન્દ અને ગૌરવ અનુભવું છું.

'મણી મારુ પ્રકાશન'ના નેજા હેઠળ 32મી અને પ્રા. રમણભાઈ પાઠકની આ પાંચમી 'ઈ.બુક' પ્રગટ કરવામાં આવે છે. 'ઈ.બુક' 'સ્વર્ગ ધરતી પર છે' દેશદેશાવરના વાચકમીત્રોનો પ્રેમ પ્રાપ્ત કરશે તો જ મારો પરીશ્રમ સાર્થક. વાચકમીત્રો પોતાનાં સુચનો/ પ્રતીભાવ પાઠવશે તો 'ઈ.બુક્સ'રુપી આ 'વીચારગંગા'ને સતત વહેતી રાખવાના મારા ઉત્સાહમાં ચોક્કસ વધારો થશે.

પ્રા. રમણભાઈ પાઠક કેવું 'જીવ્યા', તે વાચકમીત્રોને જાણવા મળે તે માટે 'આધુનીક મહર્ષી :

પ્રા. રમણભાઈ પાઠક (વાચસ્પતી)’ લેખ આ ‘ઈ.બુક’માં સામેલ કર્યો છે. આ લેખ બદલ લેખક વલ્લભભાઈ ઈટાલીયાનો આભાર માનું છું.

આ ‘ઈ.બુક’ના વીષયને સુંદર રીતે અભીવ્યક્ત કરતું મુખપૃષ્ઠ તૈયાર કરવા બદલ ચીત્રકારશ્રી રણમલ સીંધવનો આભાર માનું છું.

અંતમાં, ‘અભીવ્યક્તી’ બ્લૉગના સલાહકારો ઉત્તમ + મધુકાન્તા ગજ્જર તથા રમેશભાઈ સવાણી સાહેબને તો કેમ ભુલાય...?

ધન્યવાદ.


●ગોવીન્દ મારુ●

405, સરગમ એપાર્ટમેન્ટ,

નવસારી કૃષી યુનીવર્સીટી સામે,

વીજલપોર. નવસારી.

પોસ્ટ : એરુ એ. સી. – 396 450

સેલફોન : 9537 88 00 66

ઈ.મેઈલ : govindmaru@yahoo.co.in


(((●)))

**1**

# અત્રૈવ વીશ્વ ભવત્યેકનીડમ્

અનુક્રમણીકા

સુરતના એક શીક્ષક મીત્રે હસતાં હસતાં, છતાં ખેદપુર્વક કહ્યું : ‘શો પ્રજાસત્તાક દીન અને શેનું ધ્વજવન્દન? આજે સવારે અમારી સ્કુલમાં ધ્વજવન્દન પ્રસંગે પંદર શીક્ષકો અને અગીયાર વીદ્યાર્થીઓ હાજર હતા!’

બીજા એક સાથીએ દલીલ કરી કે, પ્રજા મોંઘવારી, બેકારી, આપત્તીઓ તથા સમસ્યાઓથી ત્રાસીત્રાસી ગયેલી છે એને એવો ઉત્સાહ જ ક્યાંથી રહે કે ચાલો, ભાવ તથા ભાવનાપુર્વક રાષ્ટ્રધ્વજને વન્દના કરીએ!

મેં કહ્યું : ‘પ્રજા સમસ્યાઓ તથા જીવનનાં સુખાનન્દ નષ્ટ કરતી આપત્તીઓથી ત્રાસી ગઈ છે. એટલે એને પ્રજાસત્તાક દીનમાં આવો કશો રસ નથી

– એવો તમે બચાવ કરો છો, મંજુર! પરન્તુ આજે રજુ થતાં ટી.વી.નાં દૃશ્યો તરફ તમને નજર કરાવું.' મેં તેઓશ્રીને ચાલી રહેલા એક મહાપર્વરુપ મેળાનું દૃશ્ય બતાવ્યું. લાખો લોકો ઉભરાતા હતા! નદીના 'પવીત્ર' જળમાં મહાસ્નાન કરવા પડાપડી કરતા હતા! આજના સ્નાનનો મહીમા અપરમ્પાર હતો. એટલે સાંભળેલા આંકડા મુજબ, દસ લાખ માણસો એનું પુણ્ય કમાવા સાત પેઢીનાં પાપ ધોવા પડાપડી કરતા હતા.. પછી અખબારમાંથી વળી અન્ય એક ધાર્મીક જુલુસનું દૃશ્ય મેં તેઓને બતાવ્યું; જેઓ હજારોની સંખ્યામાં રોડ પર નીકળી પડી, ભયંકર ભીડ જમાવી, નીર્દોષ લોકનો ટ્રાફીક જામ કરી રહ્યા હતા. જાતજાતના 'ધાર્મીક'(?) પોકારોથી સમગ્ર નગર ધ્વની પ્રદુષણથી ત્રસ્ત હતું. લોકો વધારામાં ફટાકડાય ગજવતા હતા.. એ પછી, મેં પેલા બચાવકર્તા મીત્રને પ્રશ્ન કર્યો કે, 'તમને લાગે છે કે

આ પ્રજા મોંઘવારી, બેકારી, તંગી કે સમસ્યાઓ આપત્તીઓથી ત્રાસીત્રાસી ગઈ છે? અરે, આ પ્રજા તો ઉત્સાહ – ઉત્સવથી થનગની ને ધમધમી રહેલી સ્પષ્ટ દેખાય છે. એને પોષક ખાણીપીણી કે શુદ્ધ હવા–પાણીની કોઈ તંગી પડતી નથી. એને તો પુણ્યની તંગીની જ ફીકર છે અને એથી વધુને વધુ પુણ્ય કમાવા તે આમ માઈલોના માઈલો દોડે છે, અને આવી કડકડતી ઠંડીમાં નદીનાં ‘વીશુદ્ધ(!)’ જળમાં ઝંપલાવે છે! કેટલા અકસ્માત થયા, કેટલા મર્યા, કેટલા દાઝી ગયા? – એના વીવીધ આંકડા મીડીયા આપતા રહે છે; પરન્તુ કોને કેટલું પુણ્ય મળ્યું! એનો આધ્યાત્મીક અમુલ્ય આંકડો કે સર્વે જાહેર થતા જ નથી! અધધધ! આટલા બધા અને આટલી બધી જાતના બાવાઓ જોઈને જ હું તો દુ:ખીદુ:ખી થઈ ગયો : કશું જ સર્જનાત્મક કામ કર્યા વીના આટલા બધા લાખો માનવીઓ મફતનું

ખાઈને આવી અવનવી વેશભુષાનું પ્રદર્શન કરી રહ્યા છે! આ બધો બોજ તો આખરે આ ગરીબ દેશની દરીદ્ર તથા અભાવગ્રસ્ત પ્રજાને માથે જ ને!

મેળા જેવાં જ વરઘોડા, યાત્રાઓ વગેરેમાં હજારો માથાં હાથી–ઘોડા–પાલખી પર સવાર થઈને ધીમી ગતીએ, રોડ રોકી, આગળ વધતાં વારમ્વાર નજરે ચઢે છે અને તે પાછું આ એકવીસમી સદીના (આ દેશમાં તો ‘કહેવાતા’) વીજ્ઞાન યુગમાં! હે તેઓના ઈશ્વર, તું એમને માફ કરજે; કારણ કે પોતે શું કરી રહ્યા છે તે એ તેઓ ખુદ જ નથી જાણતા!

બોલો, ક્યાં છે મોંઘવારી? ક્યાં છે જીવન જરુરીયાતની ચીજોની તંગી? અહીંની પ્રજાને તો હજીય ‘પુણ્યની તંગી’ જ ઘનઘોર પીડી રહી છે અને એથી જ પુણ્યદાયક તહેવારે–પ્રસંગે લોકો ભુરાંટા થઈને પુણ્ય કમાઈ લેવા આમથી તેમ લગભગ બારેમાસ દોડતાં જ રહે છે! અને સરકારો

પણ પોતાનાં ‘પાપ’ ધોવા આવા પ્રસંગોએ લોકોને બેફામ દોડવાની તમામ સગવડોય કરી આપે છે! મને ભારે કુતુહલ થયું. એટલે એક અનુભવી કાકાને પુછ્યું, ‘કાકા, આ પુણ્ય એટલે શું? કથળેલા પાણીમાં ટોળાબન્ધ ડુબકાં મારવાથી પુણ્ય કેવી રીતે મળે?’ ... કાકા ક્રોધે ભરાયા ને બોલ્યા, ‘હે પાપી જીવ, તું ઘોર નરકમાં જ જવાનો!’ મેં હસતાંહસતાં જવાબ આપ્યો, ‘કાકા એ સ્થળ અહીંના કરતાં તો જરુર વધુ સારું હશે!’ તેઓ વધુ ખીજાયા ને બોલ્યા કે ‘તમારા લોકોમાં રાષ્ટ્રીય ભાવના જ નથી, ધીક્કાર!’

પછી વળી મેં કેટલાક કીશોર વીદ્યાર્થીઓને રોકીને પુછ્યું, ‘અલ્યા ભાઈ, તમે લોકો ધ્વજવન્દનમાં કેમ જતા નથી?

એ ઉગતી પેઢીના ઉત્તરોય સાંભળવા ને સમજવા જેવા છે : એક જણ કહે, ‘કંટાળો આવે

છે.’ તો બીજો વળી બોલ્યો કે ‘ત્યારે જ ટી.વી. પર એક મસ્ત કાર્યક્રમ ચાલતો હતો...’

વાસ્તવમાં આ પ્રત્યુત્તર તો બહુમતી યુવાજગતનો જ છે. ત્રીજાએ વળી કહ્યું કે, ‘ઠંડી બહુ લાગે છે!’ અને ચોથાએ તો વળી સૌથી સુન્દર જવાબ વાળ્યો અર્થાત્ તેણે તો વળતો પ્રશ્ન જ કર્યો કે, ‘આમ સવારે સવારે ધ્વજવન્દન કરવા દોડી જઈ, રજાનો દીવસ બગાડવાની કાંઈ અનીવાર્યતા? હું તો ઉઠ્યો જ નવ વાગ્યે!’ આવી ઉંઘણશી પ્રજાની જ આ ભાવી પેઢી!

મને લાગે છે, આવા જવાબો એ આપણી અધુરી કે અવળી કેળવણીની જ નીશાની છે. થોડાં વર્ષો પુર્વે કેટલાક ‘સુશીક્ષીત’ ગૃહસ્થો અમને (વગદાર સમજીને) મળવા આવ્યા કહે : ‘આપણાં પાઠ્યપુસ્તકોમાં બધા જ ધર્મના મોટા ધર્મપુરુષો વીશે યા તેઓના ચમત્કારો વર્ણવતા પાઠો છે; ફક્ત

અમારા જ આદ્ય ધર્મગુરુ વીશેનો કોઈ પાઠ નથી. તો પાઠક સાહેબ એવો પાઠ એમાં દાખલ થાય એવો કંઈક પ્રયત્ન કરશો? એવું કંઈક યાદ છે કે બેંગ્લોર યુનીવર્સીટીના વાઈસ ચાન્સેલર શ્રી. નરસૈંયાએ એક વાર કહેલું કે 'આપણી કેળવણી એક જ હેતુ સીદ્ધ કરે છે – અભણ અન્ધશ્રદ્ધાળુઓ ઘટાડીને સુશીક્ષીત અન્ધશ્રદ્ધાળુઓ પેદા કરવાનો!'

તેઓશ્રીની વાત કે ફરીયાદ કે વેદના બીલકુલ સાચી : પેલા પોતાના ગુરુનો પાઠ દાખલ કરાવવા ઉત્સુક એવા સદગૃહસ્થો, જેઓ મને મળવા આવેલા તેઓ, બધા જ ભણેલા ડીગ્રીધારીઓ હતા, અર્થાત્ સુશીક્ષીત અન્ધશ્રદ્ધાળુઓ! જો તેઓ ધર્મગુરુને બદલે, 'આજકાલ વીદ્યાર્થીઓ ધ્વજવન્દનમાં હાજર નથી રહેતા એનું કંઈક કરવું જોઈએ; અભ્યાસક્રમોમાં આજની પેઢીમાં રાષ્ટ્રભાવના પ્રગટે એવા જોરદાર

પાઠો દાખલ કરવા જોઈએ.' એવી કોઈ દરખાસ્ત લઈને આવ્યા હોત તો મને આ દેશના ભાવી વીશે થોડોકેય આશાવાદનો અનુભવ થાત.

આજની પેઢીમાં 'હું એક ભારતીય છું. ભારત મારો દેશ છે..' એવી કોઈ સભાન ભાવના પ્રવર્તતી જોવા જ મળતી નથી. યુવાપેઢીને લેશ માત્ર પડી નથી કે, આપણો દેશ કેવી ભયાનક કટોકટીઓમાંથી પસાર થઈ રહ્યો છે અને એવા આ દેશના નાગરીક તરીકે આપણે કંઈક કરવું જ જોઈએ! એ આપણી ફરજ છે અરે, કેવળ યુવા પેઢીને જ શા માટે દોષ દેવો? પુખ્તોની જમાત પણ ક્યાં કશી રાષ્ટ્રીય જવાબદારીના ખ્યાલથી સંચીત છે? ના, એ બધાને તો ઐહીક અસ્તીત્વમાં લખલુટ પૈસા કમાવા છે અને પછી પરલોકમાં 'સુખી' થવા માટે પુણ્યનું ભાથું બાંધી જવું છે!

અકસ્માત એ જ પ્રજાસત્તાક દીનની મોડી સાંજે વળી એક વયોવૃદ્ધ સ્વાતન્ત્ર્ય સેનાનીને મળવાનું બન્યું. તેઓ કહે, 'પાઠક સાહેબ, આવું રાષ્ટ્ર સર્જવા આપણે સ્વાતન્ત્ર્યસંગ્રામ ખેલેલો, લાઠીઓ ખાધેલી અને કારાવાસ વેઠેલા?

મેં કહ્યું, 'એ જ આપણી ભુલ થઈ, આ પ્રજાને સાચા સ્વરુપે ઓળખ્યા વીના જ, આપણે એને માટે આઝાદી લાવવા નીકળી પડ્યા – મોટામાં મોટી ભુલ તો ગાંધીજીની થઈ; જેઓ આ પ્રજાની નાડ પારખી જ નહોતા શકતા, આ પ્રજાને એના સાચા સ્વરુપે બીલકુલ ઓળખતા જ નહોતા. બાકી આપણે સૌ ત્યારે અંગ્રેજ શાસકો પાસે એવી જ માંગણી કરત કે, 'એમને આઝાદી ભલે આવતાં સો વર્ષ પછી આપજો! દરમીયાન એમને એક સ્વતન્ત્ર લોકશાહી પ્રજાસત્તાકના જવાબદાર નાગરીકો તરીકે પાક્કા તૈયાર કરવાની યોજના અમલમાં મુકો!'

વાસ્તવમાં તો અંગ્રજો એ જ સુકાર્ય બનાવી રહ્યા હતા; પણ હીટલરે આખી દુનીયાની સુખશાન્તી, પ્રગતી તથા વ્યવસ્થીત પ્રવૃત્તી અને આયોજન સદન્તર અસ્તવ્યસ્ત કરી નાખ્યા! બાકી, કૉંગ્રેસની સ્થાપના તથા પંચાયતો, લોકલ બોર્ડ અને પ્રાન્તીય ધારાસભાઓ સહીતની અંગ્રેજોની વહીવટી વ્યવસ્થા ભારતીય પ્રજામાં લોકશાહી માનસ તથા રાષ્ટ્રીય અભીગમનું ઘડતર નક્કર તથા આવશ્યક રીતે અચુક જ કરી રહી હતી. આ દૃષ્ટીએ આમ અધકચરા તૈયાર થયેલા એક લઘુમતી ભારતે જ ગાંધીજીને ભ્રમમાં નાખી દીધા! ગાંધીજીએ હીંદીની મહાનતા તથા ભાવી વીશ્વમાં તેણે પ્રદાન કરવાના મુલ્યવાન (આધ્યાત્મીક) ફાળા વીશે જે મોટામોટા દાવા કર્યા છે. એ વાંચતા આજે તો હસવું જ આવે.

## ભરતવાક્ય

એક યુવકને પુછતાં એણે જ સુન્દર તથા સાચો જવાબ વાળ્યો કે, ‘વર્તમાન પરીસ્થીતીમાં

ભલે આપણે રાષ્ટ્રપ્રેમ યા નાગરીક જવાબદારીની આવશ્યક્તા ચર્ચીએ; પરન્તુ એ કોઈ ઈલાજ નથી. માટે જ હું રાષ્ટ્રવાદી નહીં; વૈશ્વવીકતાવાદી છું. માનવજાતને કેવળ સમસ્યાઓથી જ નહીં; સર્વનાશ યા નીકન્દનમાંથી પણ એને ઉગારી લેવાનો આજે એક માત્ર માર્ગ વીશ્વસરકાર જ છે. આજે વીજ્ઞાનની અજોડ તથા અદ્ભુત પ્રગતીએ વીશ્વને એક નાનકડું રાષ્ટ્ર જ બનાવી દીધું છે.' – આ યુવક રેશનાલીસ્ટ છે.

(((●)))

2

# ધાર્મીકતા ઘટી રહી છે : આનન્દો!

અનુક્રમણીકા

ન હી કલ્યાણકૃત્ કશ્ચીત્
દુર્ગતીમ્ તાત ગચ્છતી ।

આ સંસારમાં તમે જો કોઈ પણ કલ્યાણકારી, લોકહીતકારી, સારું કામ કરશો, તો તેનું કદાપી ખરાબ, અમંગલકારી પરીણામ આવશે નહીં.

●શ્રીમદ્ ભગવદ્ ગીતા●

આપણી પ્રજા અને ચોક્કસ સન્દર્ભે કદાચ સમગ્ર માનવજાત ધાર્મીક દૃષ્ટીએ, અર્થાત્ ધર્મઘેલછામાં પીછેહઠ કરી રહી છે; એવા નીરાશાવાદી ઉદ્ગારો અમારા સક્રીય તથા ઉત્સાહી રૅશનાલીસ્ટ કાર્યકર બીરાદરો અને કવચીત્ હું પોતે પણ નીસાસા સાથે વ્યક્ત કરી બેસું છું; ત્યારે આ

આશ્વાસનરુપે હું ગીતાનું ઉપરોક્ત સુવાક્ય પછી ટાંકું છું. મીત્રો, આપણી પ્રવૃત્તી જગતની માનવહીતકારી પ્રવૃત્તીઓમાંય સૌથી બહેતર કલ્યાણકારી સેવાકાર્ય છે; એટલે એનું કમસે કમ અશુભ–હાનીકારક પરીણામ તો નથી જ આવવાનું! માટે કાર્ય કરતા રહો; પરીણામની ફીકર ના કરો! હું નીરાશાવાદી નથી, તો મીથ્યા આશાવાદી પણ નથી જ; મતલબ કે પરીણામને હકારાત્મક ભાવે જોવું અને કર્મ કરતા રહેવું.

હમણાં એકાદ માસ પુર્વે, 6 મે, 2013ના રોજ, મુમ્બઈથી સાત હમસફર મીત્રો ખાસ મારી ખબર જોવા અને રૅશનાલીઝમ અંગે વીવીધ પાસાંની ચર્ચા કરવા મારે ત્યાં પધાર્યા હતા. તેઓનો પોતાનો સન્તોષકારક પ્રતીભાવ લખી જણાવતાં, શ્રી. નરેન્દ્ર મસરાણી narendramasarani@yaoo.in લખે છે કે, ‘ખુબ આનન્દ થયો: દૃઢ નીર્ધાર અને

કેન્દ્રીકૃત પુરુષાર્થ માનવીની જીન્દગી કેવી પલટી નાખે છે, એનો પુરાવો મળ્યો.’ સારાંશરુપે મારે એટલું જ જણાવવાનું કે, જો તમે ક્રાંતી કરવા કૃતનીશ્વયી હશો અને કુરુઢીઓ, પરમ્પરાઓ, ધાર્મીક માન્યતાઓ તથા કુરીવાજોનો હીમ્મતભેર સામનો તથા ભંગ કરશો, તો સમાજ તમને કશું જ કરી શકશે નહીં; આખરે તમે સફળ જ થશો.

હમણાં એક અકલ્પનીય સમાચાર વાચવામાં આવ્યા; જે રૅશનાલીસ્ટ બીરાદરોનો ઉત્સાહ વધારનારા અને માનસમાંથી નીરાશાભવ નાબુદ કરવામાં ઘણા પ્રેરક નીવડી શકે તેમ છે; એ સમાચારનું મથાળું છે; ‘ભારતવાસીઓની ઈશ્વરમાંથી શ્રદ્ધા ઘટી રહી છે’. હવે એક બાજુ આપણે જ્યારે વ્યથીત નજરે ધર્મઘેલછામાં વધારો થઈ રહેલો જોઈએ છીએ, ત્યારે નીરાશ–હતાશ થઈ જઈએ, એ સ્વાભાવીક છે. દા.ત., કુમ્ભમેળામાં દસ

કરોડ માણસો ઉમટી પડે અને કચડાઈ પણ મરે કે પછી આમ પ્રજાના આરાધ્ય ગણાય એવા પુરુષો ઉઘાડા પગે ચાલતા ચાદર ચઢાવવા જાય, સોનાનો મુગટ ચડાવે અને સીદ્ધી–વીનાયકના દર્શન કરવા બેત્રણ કીલોમીટર લાંબી લાઈનમાં બેવકુફ જેવી શકલ સાથે ઉભેલા નજરે ચઢે. ત્યારે નીઃશ્વાસ સાથે ઉદ્‌ગારાઈ જાય કે આટઆટલા રૅશનાલીસ્ટ પુરુષાર્થનું શું આ જ ફળ? પરન્તુ હવે સમજાય છે કે, આ તો બહુમતીની બેવકુફીનાં કેવળ ઉપલક દર્શન છે; હકીકતે તો માનવજાતમાંથી ઈશ્વરની અમંગલ માન્યતા ઓસરી જ રહી છે. એને માટે વાંચો નીચેના સમાચાર :

‘ધાર્મીકતા અને શ્રદ્ધા વીષયક વૈશ્વીક સર્વે મુજબ, ભારતમાં ધર્મમાં નહીં માનનારાઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. 2005માં થયેલા સર્વે દરમીયાન, ભારતવાસીઓમાંથી 87 ટકા

વ્યક્તીઓએ જણાવ્યું હતું કે અમે ઈશ્વર તથા ધર્મમાં શ્રદ્ધા ધરાવીએ છીએ! હવે આજે 2013માં થયેલા સર્વેમાં 81 ટકા પ્રજાજનોએ જણાવ્યું છે કે, અમે ધાર્મીક તથા શ્રદ્ધાળુ છીએ. આમ, આઠ વર્ષમાં ઈશ્વર તથા ધર્મમાં માનનાર લોકોની સંખ્યામાં છ ટકાનો ઘટાડો થયો છે!' અને કેવળ ભારતમાં જ નહીં; સમગ્ર વીશ્વની માનવજાતમાં પણ મુખ્યત્વે આવું જ વલણ દૃષ્ટીગોચર થયું છે, અર્થાત્ આસ્તીકોની સંખ્યા ઘટતી જાય છે; જેમાં સૌથી મોટી ટકાવારી ચીનની છે, જ્યાં બીન ધાર્મીક એવા નાસ્તીક લોકોની સંખ્યામાં 77 ટકાનો વધારો થયો છે. આ પરીણામ ત્યાંની સરકારના ધાર્મીક ઘેલછા વીરુદ્ધના સક્રીય પગલાંને પણ આભારી છે એ ખાસ નોંધવું રહ્યું. ભારતમાં આ ટકાવારી ફક્ત 16 ટકા છે. તો એ પ્રત્યે પ્રજા તથા સરકાર ઉભય જાગ્રત તેમ જ સક્રીય થાય એવો અનુરોધ કરીએ!

એક વાત અત્રે ભારપુર્વક છતાં નમ્રતાપુર્વક નોંધું કે, અંગ્રેજો તો બહુ સારા–શાણા શાસકો હતા; તેઓ ભારત પર શાસન સ્થાપીને જાણે કે આપણા આભારી બન્યા હતા! દા.ત., બ્રીટીશ સરકારે ભારતીય સામ્રાજ્યની સત્તાની લગામ હસ્તગત કરતાં, મહારાણી વીક્ટોરીયાએ જે ઢંઢેરો બહાર પાડ્યો, એમાંની એક કલમ હતી : ‘અમે ભારતીય પ્રજાની ધાર્મીક બાબતોમાં બીલકુલ દખલગીરી કરીશું નહીં,’ અને આ વચન તેઓએ તો યથાર્થ પાળી પણ બતાવ્યું; પરન્તુ એનું તો એક દુષ્પરીણામ એવું આવ્યું કે, આપણી કુરુઢીઓ કાયમ રહી, ધર્મધતીંગો ચાલુ જ રહ્યાં અને સુખશાન્તી તથા સમૃદ્ધી–સલામતી અને વૈજ્ઞાનીક સાધનો વધતાં, આપણી ધર્મઘેલછામાં વળી પાગલ તથા ચીન્તાજનક વધારો થયો!

એક અતીદુઃખદ, આઘાતજનક દાખલો ટાંકુ તો, બાળપણમાં હું અનેક વાર પાવાગઢનું આરોહણ કરી, મબલખ પ્રવાસ–આનન્દ માણી આવેલો : પરમ શાન્ત–પ્રશાન્ત, મનભર તથા સ્વચ્છ પ્રાકૃતીક સૌન્દર્ય અને નીર્મળ તથા મીઠાં મધ અને નીર્મળાં જળાશયો, વાતાવરણ આખું મહેક મહેક થાય... બસ, પર્વતારોહણનો આનન્દ જ આનન્દ!!! જ્યારે હમણાં હું પાવાગઢ ગયો, તો ભયંકર ભીડ, અસહ્ય, માથુંફાડ ગન્દકી તથા દુર્ગન્ધ અને વળી તળેટીમાં પોલીસનો કાફલો; જેણે અમને અટકાવ્યા કે, 'તમારી કાર લઈને તમે ઉપર નહીં જઈ શકો! પાર્કીન્ગની બીલકુલ જગ્યા જ નથી!' બોલો, પ્રજાના ધાર્મીક સ્વાતન્ત્ર્યનું આવું સર્વનાશી પરીણામ!

મારું કહેવાનું એ છે કે, અંગ્રેજો તો વીદેશી સમ્રાટો હતા; એથી ભારતીય પ્રજાને ખુશ કરવા સમ્પુર્ણ ધાર્મીક સ્વાતન્ત્ર્ય આપે– એ સમજી શકાય.

તેમ છતાં, તેઓએ પણ સતી થવાનો રીવાજ તથા બાળલગ્ન પ્રતીબન્ધક કાયદા કરવા જ પડ્યા હતા. પરન્તુ આઝાદી સ્થપાતાં, હવે તો ભારતીય પ્રજાનું પોતાનું જ શાસન આવ્યું છે. ત્યારે દેશને પીડતાં યા હાની કરતાં તમામ અનીષ્ટો કાયદાથી દુર કરવાની તેની તો લોકશાહી ફરજ જ બની રહે છે. હવે વીચાર કરો! એકાદ મહીના જેટલો લાંબો ચાલતો કુમ્ભમેળો રાષ્ટ્રનો કેટકેટલો મીથ્યા બગાડ, કેટકેટલાં સમય, શ્રમ, સમ્પત્તી વેડફે છે! ગન્દકી તથા રોગચાળો ફેલાવે છે અને નદીમાં ગમ્ભીર પ્રદુષણ સર્જે છે! ત્યારે રાષ્ટ્રીય– પ્રજાકીય સરકારે તો વીચારવું જ ઘટે કે, આવાં ધર્મધતીંગોથી રાષ્ટ્રને શો લાભ? આપણા જ મહાપુરુષો, શંકરાચાર્યજીથી માંડીને તે મહર્ષી દયાનન્દજી સુધીના ધર્મપુરુષોએ આવાં હાનીકારક કર્મકાંડને અર્થહીન લેખાવી, એનો વીરોધ જ કર્યો છે. ત્યારે પ્રજાકીય સરકારે તો એના

પર પ્રતીબન્ધ ફરમાવવો જ જોઈએ. આપણા ગુજરાતમાં ભરાતી ‘રુપાલની પલ્લી’ પણ આવો જ એક મીથ્યા રાષ્ટ્રીય બગાડ છે; છતાં એ બન્ધ કરાવવાના કે સુધારવાના રૅશનાલીસ્ટોના પ્રયત્નો નીષ્ફળ નીવડ્યા છે. ત્યારે આવાં અનીષ્ટો પરત્વે સરકારની કોઈ ફરજ ખરી કે નહીં? મતલબ કે, અંગ્રજો તો વીદેશી શાસકો હતા; પરન્તુ આપણી સ્વતન્ત્ર પ્રજાકીય સરકારે તો દેશના ગમ્ભીર હાનીકર્તા એવાં ધાર્મીક અનીષ્ટો વીરુદ્ધ સક્રીય પગલાં લેવાં જ જોઈએ. એવો એક સરસ– ઉત્તમ એતીહાસીક દાખલો છે પણ ખરો : ગુજરાતમાં દુકાળની પરીસ્થીતી હતી; છતાં કોઈ લાગણીહીન કર્મકાંડી પુરુષ એક મોટો યજ્ઞ કરવા તૈયાર થયેલો, ત્યારે શ્રી. હીતેન્દ્ર દેસાઈની સરકારે એની સ્પષ્ટ મનાઈ ફરમાવેલી! કમનસીબે આવો ફક્ત એક જ સુમંગલ બનાવ ઈતીહાસમાં બન્યો છે!

## ભરત વાક્ય

અરેરેરે, આપણે ક્યાં સુધી
આવા પછાત અને રુઢીગ્રસ્ત રહીશું?
ચાલો, ચાલો, ઉઠો જાગો!
બધું ઠીકઠાક કરીએ...

હવે દીસે અરુણું પરભાત?

•નર્મદ•

(નર્મદનો આવો પોકાર
અહીં સ્મૃતી– આધારે ટાંક્યો છે;
એટલે શબ્દશઃ નથી જ.)

(((•)))

3

# અન્ધશ્રદ્ધાનીર્મુલન = ધર્મનું શુદ્ધીકરણ

અનુક્રમણીકા

વહેમ–જવનની સાથ
સુધારાદીત્ય લડે છે,
ભર્તખંડમાં જુદ્ધ
કહું ચોમેર મચે છે !

•નર્મદ•

વીર નર્મદની 180મી જન્મજયન્તીના ચાર જ દીવસ પુર્વે, એની ઉપર ટાંકેલ કાવ્યપંક્તીઓને સાર્થક કરે એવી એક ખુનખાર ઘટના એ જ ‘ભારતખંડ’માં વળી બની ગઈ. આ યુદ્ધનો આદ્ય જોદ્ધો, આપણો બળીયો સેનાપતી જીવનભર ઝઝુમ્યો, અને એણે જ સ્વપ્ન જોયું : ‘દીસે અરુણું પરભાત, વીતી ગઈ છે રાત!’ પણ ના, આજેય એ

તો સ્વપ્ન જ રહ્યું લાગે છે; કારણ કે હજી આજેય આ નઘરોળ દેશમાં સુધારાની વાત યા પ્રવૃત્તી કરનારને છડેચોક ગોળીએ વીંધી નાખવામાં આવે છે અને લોકમતે પ્રચંડ દેખાવો યોજીને આજેય, એકવીસમી સદીના બીજા દાયકામાં પણ, પોકારવું પડે છે કે, 'અન્ધશ્રદ્ધા–વીરોધી કાયદો કરો!' અરે વધુ દુઃખદ, તીવ્ર પીડાની વાત તો વળી એવી કે, સુધરેલા કે સુશીક્ષીત, અખબારોમાં જાહેરમાં લખતા આ જ ભરતખંડના નાગરીકોમાં હજીય એવા છે કે, જેઓ આવા કાયદાનો વીરોધ કરતા લખે છે કે : 'અન્ધશ્રદ્ધા–વીરોધી કાનુન ધાર્મીક સ્વાતન્ત્ર્યનો વીરોધી બની રહે!'

આવા અભીપ્રાયનો સીધોસાદો સુચીતાર્થ તો એવો થાય કે, વહેમો – અન્ધશ્રદ્ધાઓ પણ ધર્મ છે! આ તો ધાર્મીકો દ્વારા જ ધર્મનું અવમુલ્યાંકન કહેવાય! હા, પ્રત્યેક ધર્મમાં વહેમો અને

અન્ધશ્રદ્ધાઓ અલબત્ત છે જ; પણ એનો અર્થ એવો નથી કે, એ ધર્મનો જ એક ભાગ છે, માટે એનીય છુટ હોવી જોઈએ. એથી ઉલટું, રાજ્યની તો એ સર્વ પ્રથમ ફરજ છે કે, સમાજમાં પ્રવર્તતા અને સમાજને પીડતાં અનીષ્ટોને ડામવા મજબુત કાયદા અમલી બનાવવા. (જો કે આ દેશના 'સત્યાગ્રહી' નાગરીકો કોઈ કાયદો પાળતા જ નથી, સર્વત્ર સવીનય કાનુનભંગ! – પણ એ વળી જુદો જ પ્રશ્ન છે.) ધર્મ જેમ પુરાણો, તેમ આવી વીકૃતીઓ વધુ.

આપણા સમાજમાં અતી અથવા તો સર્વત્ર વ્યાપક અન્ધશ્રદ્ધાઓ, વહેમો, માન્યતાઓ, કુરીવાજો અને એ દ્વારા થતી છેતરપીંડીઓને જાણો અને પછી કૃપા કરીને કહો કે, આવાં કરતુતોને ધર્મનો અંશ કહેવાય ખરો?

સાંભળો : ભુવા–બડવાઓ ભુત ભગાડે; તાન્ત્રીકો મન્ત્રતન્ત્રથી યા દોરાધાગા બાંધીને તમને

તન્દુરસ્ત બનાવી દે અથવા તો કરોડપતી! દીવ્યશક્તી ધરાવતા માન્ત્રીકો વન્ધ્યાને પણ સન્તાનસુખ લાવી આપે (એને માટેના બધા ‘વીધીઓ’ ન કહેવામાં જ સાર!); મેલી વીદ્યાથી મુઠ મારીને તમારા શત્રુને હતો ન હતો યા તો લુલો–લાચાર ઘડીના છઠ્ઠા ભાગમાં કરી આપે; પતી કે પત્ની આડે માર્ગે ચાલતાં હોય, ઘરમાં કશીક અશાન્તી યા કંકાસ જામતા હોય, ધન્ધો બરાબર ન ચાલતો હોય, મોટી ખોટ ગઈ હોય, નોકરી ન મળતી હોય, લોટરી ન લાગતી હોય કે દીકરીની સગાઈ ન ગોઠવાતી હોય, માન્ત્રીક – તાન્ત્રીક તમને જાતભાતના નંગ પહેરાવીને બધું જ ઠીકઠાક કરી આપે, પીંછી મારીને બાવાઓ – બાપુઓ કે ગામના ભુવા રોગ મટાડી દે; કથા–પરાયણની બાધા રાખી આપે અને પુર્ણ કરી આપે, વગેરે વગેરે અસંખ્ય! અલબત્ત, આ બધા જાદુટોણા સફળ જાય કે

નીષ્ફળ, એની દક્ષીણા(ફી) તો વસુલ લેવાની જ! **આવા ધન્ધાને છેતરપીંડીનો ગુનો ગણાય કે ધર્મ?** આમેય છેતરપીંડી એ ફોજદારી ગુનો છે જ; પછી કહેવાતા ધાર્મીક વીધીને કેમ મુક્તી આપી શકાય?

અનીષ્ટનો એ સ્વભાવ અથવા તો એનું પેટા–ઉત્પાદન જ એવું છે કે, તેને લાંબો વખત ચાલવા દેવાય, તો પછી પ્રચંડ શક્તીશાળી સ્થાપીત હીતો એમાંથી ઉભાં થાય, જે પછી સોપારી આપે ને ગોળીઓય છોડાવે – વીંધી જ નાખે! આપણી સરકારોએ ધાર્મીક સ્વાતન્ત્ર્યને બહાને આવાં લુંટણખોર તત્ત્વોને બીનધાસ્ત જામવા દીધાં, હવે આજે નાબુદ કરવા અતી મુશ્કેલ, લગભગ અસમ્ભવીત બની ગયાં છે; કારણ કે સામ, દામ, દંડ, ભેદ બધું જ આજે એવા ગુનાહીત તત્ત્વોના હાથમાં આવી ગયું છે...

મહારાષ્ટ્ર વીધાનસભામાં અન્ધશ્રદ્ધા વીરોધી કાયદો બનતો એવી દલીલથી અવરોધવામાં આવ્યો કે, આ બધા જ મુદ્દાઓ હીન્દુ ધર્મને જ મુખ્યત્વે લાગુ પડે છે; જ્યારે વહેમો – અન્ધશ્રદ્ધાઓ, મન્ત્રતન્ત્રાદી તો દરેક ધર્મમાં છે! અરે, મારા મહેરબાનો, આ દેશમાં હીન્દુઓ મોટી બહુમતીમાં છે, તો તમે તમારી જ ચીન્તા કરો ને? તમારા ધર્મનું શુદ્ધીકરણ થતું હોય તો એને તો અવરોધવાનું નહીં; આવકારવાનું જ હોય ને? ઉપરની દલીલ તો કંઈક એવી અતાર્કીક કે આત્મઘાતી ગણાય કે, 'મારો પાડોશીય બીમાર રહે છે; પછી મારા એકલાની જ દવા શીદ ને કરો છો? નહીં જ કરવા દઉં!'

ડૉ. નરેન્દ્ર દાભોળકરની શહીદી પછીની ઘટનાઓમાં રૅશનાલીઝમ પક્ષે એક આવકાર્ય તથા આશા–ઉત્સાહપ્રેરક ઘટના એ બની કે આવી હીંસાખોરીનો મોટે પાયે વીરોધ થયો. એટલું જ

નહીં, વહેમ–અન્ધશ્રદ્ધા વીરોધી કાયદાની જબરજસ્ત બુલન્દ માંગણી કરવામાં આવી, જેમાં લોકલાગણીના અમુક અંશનો અચુક, અસરકારક પડઘો છે. આમ તો આ પુર્વેના મોટાભાગના મહાપુરુષોની શહીદી પણ સમાજમાં કે ધર્મમાં સુધારા લાવવાની તેઓની ઝુમ્બેશનું જ પરીણામ હતું ને? પરન્તુ એને આમ અનીવાર્ય દુષ્પરીણામ લેખાવીએ તો પણ; આપણી પ્રજાની એક બીનલોકશાહી તથા પછાત માનસવાળી નીર્બળતા તો શોચનીય જ લેખાય, જે એ કે આપણે લોકશાહીનાં 66 વર્ષ પછીય હજી વીચારસ્વાતન્ત્ર્ય તથા અભીવ્યક્તી–સ્વાતન્ત્ર્ય પરત્વે પુરતા ઉદાર સહીષ્ણુ નથી બની શક્યા, એ આપણી સખ્ત વખોડવાપાત્ર નીર્બળતા, આપણું પછાતપણું ગણાય. જો કે આપણે ગુજરાતી પ્રજા પ્રમાણમાં વધુ સહીષ્ણુ, ઉદાર તથા આધુનીક માનસીકતાવાળી

પ્રજા જરુર છીએ. ત્યારે અન્ય જુથોની નીતીરીતીના પ્રત્યાઘાતરુપે આપણે પીછેહઠ કરી, અસહીષ્ણુ તથા ઝનુની ન જ બનીએ! ઝનુન અને હીંસાખોરીથી તો ઉલટાનો મામલો કથળે છે; કારણ કે ઝનુન પરસ્પરતાને જન્મ આપે છે. જગવીખ્યાત ફીલસુફ વોલ્ટર કહે છે : 'કોણ વધુ ઝનુની આસ્તીક કે નાસ્તીક? અલબત્ત, આસ્તીક જ; કારણ કે નાસ્તીકને ઉશ્કેરવાનું (ગોળીઓ છોડવાનું) કોઈ કારણ જ નથી.' આ પુરાવો જ ગણાય કે, મહારાષ્ટ્રના રૅશનાલીસ્ટોએ કશાય ઝનુન કે હીંસાખોરીનો આશરો લીધા વીના જ, આટલું વીરાટ સમર્થન પ્રાપ્ત કર્યું છે; જે પુના–મુમ્બઈમાં થયેલા દેખાવો ને પોકારોએ સીદ્ધ કર્યું છે.

મને ગુજરાતીઓની સમજદારીની એક યાદગાર ઘટના યાદ આવે છે : અમુક આધ્યાત્મીક પંથની સભામાં, જ્યારે એક લખાણ બદલ મારા પર

હુમલો લાવવાનો નીર્ણય થઈ રહ્યો હતો; ત્યારે આપણા જાણીતા વીચારક પ્રભુભાઈ મીસ્ત્રીએ સમ્બોધન કર્યું કે : ‘ભાઈઓ, આપણે માથાં ફોડવામાં નહીં; માથાં ફેરવી નાખવામાં માનીએ છીએ!’ અને ટોળું શાંત થઈ ગયું. સત્યમુલક, તાર્કીક પ્રચારથી જેટલું કામ થાય છે; એટલું મારફાડ કે ગોળીબારથી નથી જ સીદ્ધ થતું. શ્રી. નગીનદાસ સંઘવી લખે છે તેમ, ‘ગુજરાતમાં અન્ધશ્રદ્ધાવીરોધી કાયદો વધુ જરુરી છે; કારણ સ્પષ્ટ જ છે કે આપણે ત્યાં અન્ધશ્રદ્ધા દ્વારા છેતરપીંડીનો ધન્ધો વધુ ધમધોકાર તથા વ્યાપક ધોરણે ચાલે છે; બીજા પ્રાન્તોના બાવાઓ પણ આવા–તેવા ધન્ધા માટે ગુજરાતમાં ઉતરી પડે છે, અને ટંકશાળ પાડે છે; કારણ કે ગુજરાતીઓ ધનીક, ઉદાર તથા અમુક સન્દર્ભે ભોળી પ્રજા છે!’

## ભરતવાક્ય

સુરતની ‘સત્યશોધક સભા’એ પણ એક સભા દ્વારા ડૉ. દાભોળકરની હત્યાનો ઉગ્ર વીરોધ કર્યો છે અને ગુજરાતમાં પણ ‘અન્ધશ્રદ્ધા નીર્મુલન–કાનુન’ કરવાનો બુલન્દ અનુરોધ કર્યો છે. પ્રમુખશ્રી બાબુભાઈ દેસાઈ, ભુતપુર્વ પ્રમુખશ્રી ડૉ. બી. એ. પરીખ, નાનુભાઈ નાયક (નાનુબાપા) વગેરેએ આ પ્રસંગે જોરદાર પ્રવચનો કર્યાં... પન્દરમી સપ્ટેમ્બરે અમદાવાદમાં ‘અખીલ ગુજરાત રૅશનાલીસ્ટ’ સમ્મેલન પણ મળી રહ્યું છે.

(((●)))

4

# ગુરુ : કંઠે પહાણ શકે ક્યમ તરી? –અખો

અનુક્રમણીકા

## ગુરુ, ગોવીન્દ દોનોં ખડે, કીસકો લાગું પાય?
## બલીહારી ગુરુ આપકી જીન ગોવીન્દ દીયો બતાય!

(એક ભજન)

ગુરુજીનો મહીમા ઉંચા આસમાને સ્થાપીત કરતો અન્ય એક સંસ્કૃત શ્લોક પણ આટલો જ વીખ્યાત છે, અને વળી એ તો આજેય શાળાઓની પ્રાર્થનાઓમાં રાગોટાય છે : ગુરુર્બ્રહ્મા, ગુરુર્વીષ્ણુ, ગુરુર્દેવો મહેશ્વરઃ ગુરુઃ સાક્ષાત્ પરબ્રહ્મ...

જ્યારે મારા જેવા ઉંધી ખોપરીના જણને સદાય એ પ્રશ્ન મુંઝવતો રહ્યો છે કે, ગુરુની વળી જરુર જ શી? અને એ પ્રશ્ન આ વીસમી–એકવીસમી સદીમાં તો ખરેખર ગમ્ભીર સંશયનું

કારણ બની રહ્યો છે : કારણ કે જ્ઞાનના ભંડાર સમાં સમૃદ્ધ પુસ્તકાલયોથી માંડીને તે કમ્પ્યુટર સુધીના જ્ઞાનના વીરાટ દરવાજા આજે એકદમ હાથવગા ખુલી ગયા છે, ત્યારે ગુરુની શી જરુર? જો જ્ઞાન માટે જ ગુરુદેવ પાસે ખરેખર જવું પડતું હોય તો!

મને તો સદાય પ્રતીતીપુર્વક એવું જ લાગતું રહ્યું છે કે, બ્રાહ્મણોએ પોતાનું મહત્ત્વ વધારવા, સામાજીક સ્થાન સર્વોચ્ચ સ્થાપીત કરવા, પોતે જ પોતાને બ્રહ્મા, વીષ્ણુ, મહેશ્વર અને સાક્ષાત્ બ્રહ્મા ઘોષીત કરી દીધેલા! બાકી વ્યવહારના કોઈપણ ક્ષેત્રમાં જેમ એજન્ટ એક અવીશ્વાસુ અને કુટીલ પાત્ર તરીકે જ પ્રગટ થાય છે, એવો જ આધ્યાત્મીક ગુરુ પણ શંકાસ્પદ, શકમંદ લેખાવો જોઈએ; કારણ કે તે પણ ભગવાનો એજન્ટ જ છે!

ગુરુ એક મહાજ્ઞાની પુરુષ હોય છે – એવી છાપ સમાજમાં છલનાથી પ્રચલીત બનાવવામાં આવી છે. બાકી મેં તો અનેક ગુરુઓનાં પ્રવચનો સાંભળ્યા છે; ત્યારે સદાય અભીમાનપુર્વક વીચાર આવી જ ગયો છે કે, આ આસનસ્થ ઈસમની સરખામણીમાં તો હું ખરેખર ઘણું વધુ અને સાચું સમજી શકું છું. દા.ત., એક ગુરુજી 'અહં વૈશ્વાનરો ભુતવા.....'વાળો શ્લોક બોલતાં વદ્યા કે, 'હા, ભગવાન જરુર તમારા શરીરમાં વસીને તમે ખાધેલો ખોરાક પચાવે છે; પરન્તુ પછી તમે વાલ–ચોળા ખાઓ કે આખો દી આઈસ્ક્રીમ ને પાણીપુરી ચગળતા ફરો તો અપચો થાય જ ને?' કેવી હાસ્યાસ્પદ બાલીશ દલીલ! આ સો ટકા સત્ય ઘટના છે. ત્યારે મને લાગ્યું કે, ગુરુ થવા માટે પ્રજ્ઞા કે જ્ઞાનની નહીં; ભગવાં વસ્ત્રો તથા લાંબી દાઢી–મુછની જ અનીવાર્યતા છે! પ્રસ્તુત ગુરુ તો વળી

કૅનેડા – અમેરીકામાં પણ આશ્રમો ચલાવે છે. જો કે આ કાંઈ તેઓની મહાનતાનું મોટું પ્રમાણપત્ર નથી; કારણ કે વીદેશમાં વસતા આપણા ઘણા બાંધવોના IQનો તો મને સારો એવો પરીચય છે.

કહેવાતી આધ્યાત્મીકતા માટે, કહેવાતી આ કે તે સીદ્ધી માટે જ્યાં સુધી વ્યક્તી ગુરુભક્તી અનીવાર્ય માનશે, ત્યાં સુધી બળાત્કારોય થતા જ રહેવાના. એને માટે એક જોરદાર ઐતીહાસીક સમર્થક પ્રસંગ આપણાં પુરાણોએ જ આપ્યો છે. પાંચ હજાર વર્ષ સુધી કઠોર તપશ્ચર્યા તપનાર ઋષી વીશ્વામીત્ર મેનકાનાં પાંચ મીનીટના નાચનખરાંથી એવા તો કામવીહ્વળ થઈ ગયા કે, મનોમન વીચારી ઉઠ્યા હશે કે, ખરેખર તો તપશ્ચર્યામાં કશી જ મજા નથી આવતી; બાકી આમ મેનકાનો સાક્ષાત્કાર થાય, તેય તપશ્ચર્યાનું જ શુભમંગલ ફળ ગણાય ને?

ગમે તેટલા કડક કાયદા કરો સમાજમાંથી બળાત્કાર કદીય સમ્પુર્ણ નાબુદ થવાનો નથી જ; કારણ કે એ પુરુષ જાતની સ્વાભાવીક કુદરતી વૃત્તી જ છે. શેક્સપીયરે ક્યાંક કહ્યું છે કે : ‘એડલ્ટરી ધાઉ શેલ્ટ નોટ ડાઈ!’ – ‘વ્યભીચાર, તું કદીય નષ્ટ થવાનો નથી.’ અને આમ જોઈએ તો બળાત્કાર પણ વ્યભીચારનો જ એક પ્રકાર છે ને? પરસ્ત્રીનો ઉપભોગ એ પુરુષ માટે એક સર્વોચ્ચ આનન્દ, બ્રહ્માનન્દ છે : ઈન્દ્ર જેવો દેવોનો રાજા કાંઈ અમસ્તો પુજનીય ઋષીવર્યની ઝુંપડીમાં આકુળવ્યાકુળ મનોદશા સાથે કપટથી ઘુસી નહોતો આવ્યો! એક વાત યથાર્થ જાણી – સમજી લો કે, રમખાણો દરમીયાન, અરાજકતામાં જે સેંકડો બળાત્કારો થાય છે, એ આચરનારા કાંઈ બધા ગુંડા–મવાલીઓ જ નથી હોતા, બલકે સજજનો

પણ જાણે વીવશ થઈને ઝંપલાવી દે છે... યાહોમ કરીને!

યાદ રાખો કે, એકાન્ત હોય, સામે લાચાર તથા સુન્દર, કમસે કમ યુવાન તથા આકર્ષક સ્ત્રી ખડી હોય અને તમે એના ઉપરી જેવા સત્તાધારી કે અધીકારી પુરુષ હો, ત્યારે તમે અડપલાં કર્યા વીના ભાગ્યે જ રહી શકો. અને ત્યારે જો પેલી યુવતી અનાકાની કરે, તો તમે જબરજસ્તી કરવાના... એમાંય જો પુરુષ વળી 'સેડીસ્ટ' જેવો દર્દી હોય તો બાઈનો બાપડીનો વગર વાંકે જ મરો, બેફામ પીડન! એક અફર સત્ય બરાબર સમજી લો કે, માનવ ઈતીહાસમાં આજ પર્યંત કોઈ નૈષ્ઠીક – અવીચળ બ્રહ્મચારી પાક્યો જ નથી, અને ભવીષ્યમાંય કદાપી પાકશે નહીં; કારણ કે એ પ્રકૃતીના નીયમ વીરુદ્ધની અપેક્ષા કે એવો પ્રયાસ છે. તો બાપડા સામાન્ય બાવા–બાવટાઓનું તો શું

ગર્જું? જ્યાં કુદરત આટલી બધી મક્કમ હોય, ત્યાં બાપડી સ્ત્રીઓના પહેરવેશને અકારણ વખોડવો અને એના પર જાતભાતની મર્યાદાઓ મુકવાની ભલામણ કરવી, એ કેવળ અજ્ઞાનજનીત ખ્યાલો છે : ‘પાડાને વાંકે પખાલીને ડામ!’ બાકી, હું તો સાવ છેવાડાના ગામડામાં ઉછરેલો; જ્યાં બીચારી મહીલાઓ પાસે ફેશનેબલ ડ્રેસ કે મેકઅપની તો શક્યતા જ અસમ્ભવ; છતાં ત્યારેય બળાત્કારો થતા. ફરક એટલો જ કે મીડીયાદીના અભાવે ઝાઝો ઉહાપોહ થતો નહીં...

ક્ષમા કરશો જ મીત્રો, આવું બધું ‘શાસ્ત્રીય’ લખીને, હું બળાત્કારનો યા બળાત્કારીનો બચાવ કરવા જરાય નથી ઈચ્છતો; કારણ કે હું બળાત્કારનો સખત વીરોધી જ છું. અને એનું કારણ વળી એ કે, હું સ્ત્રીને પણ એક સમાન તથા સન્માનનીય સ્થાનની અધીકારીણી એવી સમ્પુર્ણ

સ્વતન્ત્ર માનવ વ્યક્તી માનું છું. એથી એના દેહ સાથે એની ઈચ્છા વીરુદ્ધ એક આંગળી પણ સ્પર્શવી, એ જબરજસ્ત અસંસ્કારી વર્તન અને વ્યાવહારીક ગુનો જ ગણાય અને છે જ. આ અપરાધ તો વળી, ચોરી કે લુંટફાટ કરતાંય ગમ્ભીર ગણાવો જોઈએ અને ગણાય જ છે; કારણ કે એમાં જડ માલમીલકતને બદલે, એક સ્વતન્ત્ર માનવ વ્યક્તીના દેહ સાથે, તેની મરજી વીરુદ્ધ છેડછાડ કરવામાં આવે છે.

મને લાગે છે કે કાયદાની કડકાઈ કરતાંય નાગરીક સુવ્યવહારનું શીક્ષણ વધુ કામીયાબ નીવડે. એ છે, સ્ત્રીને એક સમાન અધીકારવાળી માનવવ્યક્તી તરીકે ભારપુર્વક સમાજમાં પ્રતીષ્ઠીત કરવી તે. એને માટેનો એક કામીયાબ માર્ગ એ ગણાય કે, સમાજમાં સ્ત્રી – પુરુષના સહવાસની, સહકારની ને હળવા–મળવાની ઘણી વધુ સ્વતન્ત્રતા

– માન્યતા હોવી જોઈએ. સ્ત્રી એક અજાણ્યું, અસ્પૃશ્ય, આપણામાંથી ભીન્ન એવું ઈતર આકર્ષક પ્રાણી છે – એવી લાગણી પુરુષમાનસમાંથી નાબુદ થવી જ ઘટે. બીજી બાજુ, સ્ત્રીએ વધારે સશક્ત તથા હીમ્મતબાજ બની રહેવું જોઈએ, બને તો સશસ્ત્ર ફરવું. અલબત્ત, ગાઢ પરીચય આક્રમકતા ઘટાડે જ, એ મનોવૈજ્ઞાનીક વ્યાપાર બરાબર સમજી લઈ, એનો સક્ષમ અમલ થવો જોઈએ. હું ધારું છું કે, શીક્ષણથી આવી આબોહવા સીદ્ધ થઈ શકે. સંસ્કારીતાને ઉપરથી લાદેલી નહીં; પરન્તુ લોહીમાં ભળી ગયેલી બનાવવી જોઈએ; જેથી વ્યક્તી એવું માનસ કેળવે કે અમુક કૃત્ય તો આપણાથી થાય જ નહીં.

એ જ રીતે ગુરુઓનો પ્રભાવ, અહોભાવ તથા ખોટી ઉમદા છાપ સમાજમાંથી નાબુદ થવી જ જોઈએ. આજે તો ગુરુપદ એ જાણે કે એક

સર્વસાધક વ્યવસાય બની બેઠો છે, જેમાં મબલખ સમૃદ્ધી મળે, તેમ આજ્ઞાંકીત કે પ્રભાવીત શીષ્યાઓ પણ મળે! સરકાર વીચારે કે સમાજના તથા રાષ્ટ્રના ઉત્થાનમાં આવા જરીપુરાણા બાવાસાધુઓની કશીય આવશ્યક્તા છે ખરી? અને લોકોને તેઓ સમજે એવું શીક્ષણ આપવું જોઈએ કે, ગુરુ વગર પણ જ્ઞાન મળી શકે છે; ઉપરાંત કશોય ચમત્કારીક લાભ કરાવી દેવાની શક્તી કોઈપણ માનવવ્યક્તીમાં સમ્ભવી શકે જ નહીં.

## ભરતવાક્ય

સંસ્કૃતમાં એક સુભાષીત છે કે : 'યૌવન, ધનસમ્પત્તી તથા સત્તા; છુટક રીતેય ભુંડા કૃત્યો કરાવનારી ઉપલબ્ધી છે, તો એક સામટી જ્યાં એ ભેગી થાય, ત્યાં પછી શું થાય – એ સમજી શકાય.' હવે જુઓ કે, ગુરુજીઓનાં

નીવાસસ્થાનોમાં તો આ બધાં જ અનીષ્ટો એકત્ર થયેલાં હોય છે! પછી ગુરુઓનો વીશ્વાસ તો રખાય જ કેમ? (અને પુરુષનું યૌવન એટલે 70–80–90 વરસ સુધી !)

((( ● )))

5

# કર્મફળ : સજા પરત્વે સજાગતા

અનુક્રમણીકા

સચ્ચે ફાંસી ચઢતે દેખે,

જુઠા મોજ ઉડાવે...

(એક ફીલ્મી ગીત)

કર્મફળના સીદ્ધાન્તને ચર્ચાપત્રી મીત્ર શ્રી. નીરાંતે અવૈજ્ઞાનીક તથા નીષ્ફળ લેખાવ્યો છે. (‘ગુજરાતમીત્ર’ તા. 05 ઓક્ટોબર, 2013) અને લખાણમાં ક્યાંક ‘બેવકુફી’ શબ્દ પણ પ્રયોજ્યો છે; જે સમ્પુર્ણ યોગ્ય વાત અને સત્ય હકીકત છે. કર્મફળનો અર્થ જો આપણે કરેલાં કર્મનો બદલો એવો ઘટાવીએ તો એ ‘નીષ્ફળ’ જ જાય એનું કારણ એક અસત્યમાંથી હમ્મેશાં બીજું અસત્ય જ જન્મે, અસત્યમાંથી સત્ય કદાપી નીપજી શકે જ

નહીં! એટલે કર્મનો સીદ્ધાન્ત જે જન્મ–પુર્વજન્મ તથા પુનર્જન્મ સાથે સંકળાયેલો છે. એમાં મુળભુત રીતે ‘આત્મા’ જ એક અસત્ય કપોળકલ્પીત પદાર્થ છે; ત્યાં વળી પુર્વજન્મ કે પુનર્જન્મની શક્યતા જ ક્યાં રહે? આદીમાનવ આજના માનવી જેવો જ કુતુહલગ્રસ્ત અવશ્ય હતો, હોય જ; પરન્તુ ત્યારે વૈજ્ઞાનીક સત્યોની શોધને પક્ષે લગભગ શુન્ય જ હતું. પરીણામે તે બીચારો જડ–ચેતનની અવસ્થાઓ જોઈને તીવ્ર મુંઝવણ અર્થાત્ કુતુહલ અનુભવતો હશે; પરન્તુ ઉત્તર અર્થાત્ સત્ય ક્યાંયથી પ્રાપ્ત થવું એ ત્યારે અસમ્ભવ જ હતું. એક જ દેહ જે ઘડી પહેલાં બોલતો, ચાલતો, સમજતો કે વીચારતો પણ હોય, તે ઘડીભરમાં સાવ ચેતનરહીત, લાકડા કે પથ્થર જેવો બની જાય, એ જોતાં પીડા સાથે કેટલું ભયંકર આશ્ચર્ય એ આદીમાનવને થતું હશે! એટલે સાવ સ્વાભાવીક જ છે કે તે એટલી જ કલ્પના કરી

શકે કે, આ દેહમાંથી કશુંક એવું નીકળીને સદાનું ચાલ્યું ગયું; જે એને હરતો–ફરતો ને કામ કરતો રાખતું હતું. આમ માનવજાતમાં આત્માની કલ્પના અસ્તીત્વમાં આવી.

એવી જ રીતે આ સુવીરાટ વીશ્વનું અકલ્પ્ય અને અદ્ભુત સંચલન ('સંચાલન' નહીં, પણ 'સંચલન') જોઈને એના આદીમ ચીત્તને ભારે કુતુહલ થતું હશે. પદાર્થના મુળભુત ગુણધર્મને વશ આ સમગ્ર તન્ત્ર, આપોઆપ તેની મેળે જ ચાલે છે – એવો તો વીચાર સુધ્ધાં કરવા પણ તે આદીમાનવ શક્તીમાન નહોતો કે ન તો એને એવું સત્ય જણાવી શકે એવી કોઈ અન્ય વ્યક્તી કે તત્ત્વ ત્યારે ત્યાં ઉપસ્થીત હતાં. આથી તેણે કોઈ અતીશક્તીશાળી કે સર્વશક્તીમાન સંચાલકની કલ્પના કરી. આમ આદીકાળથી જ માનવ સંસ્કૃતીમાં બે અસત્યો સર્વોપરી જેવાં પ્રવર્તમાન બન્યાં. 'આત્મા અને

પરમાત્મા’.. પરમ આશ્ચર્યની દુઃખદ હકીકત આજે તો એ જ લેખવી રહી કે, હજી આજેય માનવજાતની વીરાટ બહુમતી આ અસત્યોને વળગી રહે છે! કર્મફળના સીદ્ધાન્તની ચર્ચા હજી આજેય, વીજ્ઞાને આટલી હરણફાળ સત્યની દીશામાં સાધી છે ત્યારે પણ, કરવી પડે છે એને વળી વધુ દુઃખદ આશ્ચર્ય જ ગણવું રહ્યું.

એક અસત્યમાંથી બીજું અસત્ય જ પ્રગટે; એ સીદ્ધાન્તની પ્રકીયા અત્રે વધુ સ્પષ્ટ કરીએ તો, મુળમાં એવું જ બન્યું હશે કે માનવી, આદીમાનવે સમાજરચનાની દીશામાં જ્યારે થોડી ઘણી પ્રગતી કરી હશે; ત્યારે એવા સમાજને સ્વસ્થ તથા વ્યવસ્થીત રાખવા માટે કેટલાક સદાચારના નીયમો તેના અગ્રણીઓએ ઘડવા પડ્યા હશે. હવે માનવસ્વભાવ એવો જ વીચીત્ર આજ પર્યંત રહ્યો છે કે, તુચ્છ કે મહત્ કારણસર માણસ પ્રચલીત

નીયમ–કાનુનનો ભંગ કરવા પ્રેરાય, અર્થાત્ એવું કંઈક કરી જ બેસે. હવે એવું વીનાશક પાયા ઉપર ન બને, એ માટે અગ્રણીઓને પક્ષે, સામાજીકોને માથે કશોક ભય યા ફરજ લાદવાની અનીવાર્યતા ઉદ્ભવી હશે. એમાંથી જ કર્મફળનો સીદ્ધાન્ત પ્રગટ્યો. મતલબ કે, જો તમે કઈ ખોટું કામ (અર્થાત્ સમાજવીરોધી કૃત્ય) કરશો તો એની સજા તમારે ભોગવવી જ પડશે. એ ઉપરાન્ત ઈશ્વરનો ભય પણ દેખાડવામાં આવ્યો; પરન્તુ સમાજમાં સંશયવાદીઓ પણ જાગે જ; એવા લોકોએ પ્રશ્ન ઉઠાવ્યો હશે કે ફલાણો – ફલાણો બેફામ દુર્વર્તન કરે છે. તોય સુખી છે, મોજ કરે છે! એવું કેમ? આવા પ્રશ્નનો સત્ય ઉત્તર શક્ય જ નહીં; આજેય નથી; કારણ કે મુળ સીદ્ધાન્ત જ અસત્ય હતો અને છે. એટલે અગ્રણીઓએ એવો જવાબ બનાવી કાઢ્યો કે તે માણસ આજે તેના ગયા જન્મનાં સારાં કર્મોનાં

સુફળ માણી રહ્યો છે; તે પુરાં થશે તે પછી કદાચ આવતા જન્મે તેને આજનાં દુષ્કૃત્યોનાં પાપનો બદલો મળશે જ. આમ, એક અસત્યને સત્ય ઠરાવવા માટે ત્રણ ત્રણ અસત્યો ભારપુર્વક રજુ કરવાં પડ્યાં, પ્રચારવાં પડ્યાં (1) આત્માનું અસ્તીત્વ (2) જન્મ – પુર્વજન્મ – પુનર્જન્મ (3) સજા કરનાર કોઈ શક્તીશાળી તત્ત્વ કે એવું કશુંક તન્ત્ર (જો કે ત્યારે ચાર્વાક્ જેવા આ સર્વ અસત્યોનો તાત્ત્વીક વીરોધ કરનારા વીવેકબુદ્ધીવાદીઓ અચુક જ પ્રગટેલા.)

આવો કર્મનો સીદ્ધાન્ત, અલબત્ત, છે તો સારો જ – જો તેનો સફળ અમલ અથવા તો સામાજીકો દ્વારા પુરેપુરું પાલન થતું હોય તો! પરન્તુ અસત્યોથી સદાચાર ભાગ્યે જ પ્રગટે અને પ્રગટે તોય સર્વદા અને સર્વથા સફળ નીવડે જ નહીં. વળી માનવી એક ભયંકર પ્રાણી છે. સ્વાર્થવશ કે આવેગોથી

પ્રેરીત તે પછી ગમે તેવું ભયંકર કૃત્ય કરવા પણ લલચાઈ જાય છે; ત્યારે ફાંસી જેવી જીવલેણ સજાની પણ તે પરવા કરતો નથી! પરીણામે કર્મફળને નામે આપવામાં આવતી પાપ–પુણ્યના બદલાની ‘ધાર્મીક’ ધમકી પણ બહુધા નીષ્ફળ જ નીવડે. જરાક વીષયાંતર કરીને કહું તો, હું ફાંસીની સજાનો વીરોધી છું; કારણ કે એમાં મને માણસજાતની પાશવી અસંસ્કારીતાનાં દર્શન થાય છે. એક વાર્તામાં વીખ્યાત વાર્તાકાર ચેખોવ કહે છે : ‘સદ્‌ભાગ્યે આજે માનવજાત પ્રગતી કરી રહી છે. હવે એ દીવસ દુર નથી લાગતો કે જ્યારે એક દેશમાંથી બીજા દેશમાં જવા માટે પાસપોર્ટની જરુર નહીં પડે અને ફાંસીની સજા રદ થઈ ગઈ હશે.’ દુર્ભાગ્યે ચેખોવની ચીર વીદાયને સો ઉપરાન્ત વર્ષો વીતી ગયાં; તોય માનવજાત એટલી આગેકુચ નથી કરી શકી. જો કે ત્યારે જ ચેખોવે માનવજાતની આ

મર્યાદા પ્રતી અંગુલીનીર્દેશ કર્યો જ હતો. મતલબ કે પ્રસ્તુત વાર્તામાં વધારે એક પાત્ર આવું મંગલ ભાવી ભાખે છે, ત્યારે સાંભળનાર બીજું પાત્ર તત્કાલ એનો વીરોધ કરતાં કહે છે, 'પછી તો ગમે તે માણસ બીજા ગમે તે જણનું ડોકું ભરબજારેય ઉડાવી દઈ શકશે કેમ?' મતલબ કે એ શ્રોતાજને તો ત્યારે ફાંસીની સજા નાબુદીનો વીરોધ જ કરેલો! ચેખોવે સામાન્ય જનમાનસના પ્રતીકરુપે જ આ શ્રોતાના શબ્દો ટાંક્યા છે.

ફાંસીની સજા બીજા એક અર્થમાં પણ નીરર્થક હોઈ, નાબુદ કરવા જેવી છે; માયાબહેન કોડનાનીને 28 વરસની જેલની સજા ફરમાવતા ન્યાયાધીશ જ્યોત્સ્નાબહેન યાજ્ઞીકે જાહેર કર્યું કે, 'આ અપરાધ જઘન્ય છે, ટેરેસ્ટ ઓફ ધ ફેર છે મતલબ કે ફાંસીની સજાને લાયક છે; પરન્તુ જો હું એમને ફાંસીની સજા આપું તો એક બે મીનીટમાં જ

ગુનેગારને મુક્તી મળી જાય! આથી જ 28 વરસ જેવી લાંબી સજા કરું છું. જેથી આટલી દીર્ઘ મુદત સુધી અપરાધી જેલમાં રહે તો એને પોતાનાં પાપ સમજાય અને એ બદલ પસ્તાવો અનુભવે – એ વધારે આવશ્યક ગણાય. આમ, ફાંસીની સજા એ ખરેખર ગુનેગાર માટે તો મુક્તી જ છે. પછી ભલેને પાછળ જીવતા રહેલાં મનોમન યા જાહેરમાં ખુશ થયા કરે.. આમ ફાંસીની સજા જંગલીયાત ભરી ઉપરાન્ત અર્થહીન પણ છે. જો કે મારી દૃષ્ટીએ માનવ સંસ્કારીતાનો મુદ્દો વધુ મહત્ત્વનો છે. અમુક સુધરેલા દેશોએ ફાંસીની સજા નાબુદ કરી પણ દીધી છે. ટુંકમાં, હાથપગ કે જીભ કાપી નાખવાં, આંખો ફોડી નાખવી, કાનમાં ધગધગતું સીસું રેડવું, માણસને જીવતો સળગાવી મારવો યા ફાંસીએ લટકાવી દેવો એ બધી બાર્બેરીયન યુગનાં જ અવશેષો ગણાય.

અત્રે મહત્ત્વની વાત તો એ છે કે, સજાના ભયથી માણસ કદાપી સુધરતો નથી કે ગુનો યા દુષ્કૃત્ય કરતો અટકતો નથી. માટે કાનુની સજાઓની જેમ જ કર્મફળ જેવી ‘ધાર્મીક’ સજાઓ પણ નીષ્ફળ જ નીવડી છે. વધારામાં કર્મફળનો સીદ્ધાન્ત અસત્ય હોઈ, અજ્ઞાન તથા અન્ધશ્રદ્ધામાં જ વધારો કરે છે. માણસે હવે સજાઓને બદલે ગુનાખોરીની નાબુદી પ્રત્યે વીશેષ ધ્યાન આપવાની જરુર છે અને તે વૈજ્ઞાનીક સંસ્કારીતાના પ્રસારથી જ ઘણે અંશે શક્ય બને. આવી માન્યતાનો પુરાવો એ જ કે 18–19મી સદીની અપેક્ષાએ ક્રુર સજાઓ જેવી બાબતોમાં આજે માણસ ઘણો સુધર્યો છે; દા.ત., આજે કોઈનેય જીવતો સળગાવી મારવાની સજા ક્યાંય થતી નથી.

# ભરતવાક્ય

સ્વર્ગ નથી,  નરક નથી, આત્મા નથી,
પુનર્જન્મ નથી માટે યાવત્ જીવેત્ સુખં જીવેત્,
ઋણ કૃત્વા ઘૃતં પીબેત્!
અન્યોને લેશ માત્ર ખલેલ કે
પીડા પહોંચાડ્યા વીના
ખાઓ, પીઓ અને જલસા કરો!

•ચાર્વાક્•

(((•)))

6

# પુત્રીમ્ પુત્રમ્ સમાચરેત્

અનુક્રમણીકા

આપણા સમાજમાં સ્ત્રીઓ સન્દર્ભે બેવડાં ધોરણ અપનાવાય છે; દીકરીનો જન્મ, એનો ઉછેર, એનાં લગ્ન, એનું લગ્નજીવન, એની પ્રસુતી, એની માંદગી અને છેવટે એની ચીરવીદાય – આ બધા જ તબક્કે સ્ત્રીઓને સર્વત્ર અન્યાય થતો આવ્યો છે. સાહીત્યકારોનુંય એવું છે કે, આવા અન્યાયોને બલીદાન, કુટુમ્બ–વત્સલતા, ઉદારતા (સહીષ્ણુતા) જેવા રુપાળાં નામ આપી, કરુણ રસને બહેલાવતી રચનાઓ કરે છે. આવી રચનાઓ વાચતાં, જાણે એમ લાગે છે કે, સ્ત્રીઓ પર જુલમો ગુજારાય તેમાં કોઈ વાંધો નથી. સૌથી ઘોર, કરુણતમ પરીસ્થીતી એ

છે કે, ગર્ભમાંનું બાળક ફક્ત છોકરી હોવાના કારણ માત્રથી એને (જન્મ પુર્વે જ) મારી નાંખવામાં આવે છે.

...ડૉ. અશ્વીની મ. કાપડીયા

(‘છીપમાં મોતી એક’ પુસ્તીકામાંથી સાભાર)

પ્રાધ્યાપીકા બહેન ડૉ. અશ્વીનીની આ વાત બીલકુલ સાચી છે; એમાંથી ભારતીય સમાજને પડકાર તથા વર્તમાન પરીસ્થીતીની વેદનાનો ચીત્કાર સમ્ભળાય છે. છેક નર્મદ યુગથી, વીધવાઓની સ્થીતીનું એ કવીનું હૃદયદ્રાવક બયાન કે ‘સરસ્વતીચન્દ્ર’ની ગુણસુન્દરી અને કુમુદથી માંડીને તે ‘સાત પગલાં આકાશ’ સુધી બરાબર આ જ દુઃખદ રવૈયો ચાલતો આવ્યો છે. જાણો છો? ખ્રીસ્તી ધર્મમાં તો નારીને ‘ઉતરતો (પુરુષથી હલકો) આત્મા’ ગણવામાં આવે છે.

ભારતીય આર્ય ધર્મોમાં વળી બેવડાં ધોરણ છે : ધર્મગ્રન્થોમાં સ્ત્રીઓ વીશેના તથા સ્ત્રીઓ પ્રત્યેના ઉલ્લેખો કમકમાં પ્રેરક છે અને સુત્રો એવાં ભ્રામક છે કે ન સ્ત્રી સ્વાતન્ત્ર્યમર્હતી/ અને તે સાથે જ વળી યત્ર નાર્યસ્તુ પુજ્યન્તે/ ભારતીય સમાજમાં દીકરીને (એટલે સ્ત્રી સન્તાનને) 'સાપનો ભારો' લેખાવવામાં આવે છે! ખરેખર તો, આપણા સમાજમાં ડગલે ને પગલે જીવતા સાપના ભારા બાંધી રાખવામાં આવ્યા છે, જે બાપડી સ્ત્રીઓને જ ડસે છે. (જુઓ ઉમાશંકરનો એકાંકી સંગ્રહ 'સાપના ભારા') બહેનશ્રી પ્રા. કાપડીયાએ એક નવો જ ખુણો આ પુસ્તક દ્વારા અજવાળ્યો છે; જે એક સાથે કુરીવાજનું અમંગલ સુચન કરતું મંગલદર્શન છે. એ છે સ્ત્રી ભ્રૃણહત્યાથી માંડીને તે 'ઑનરકીલીંગ' સુધીના

અમાનુષી અન્યાયો કે પાપાચારનાં ઘોડાપુર વચ્ચે, દીકરીના લાડકોડભર્યા, પ્રેમવાત્સલ્યથી ભરપુર એવી ગણતર ઘટનાઓનું આશાપ્રેરક તથા આશ્વાસન પ્રેરક બયાન.

બહેનશ્રીનાં આ બયાનોનો ભાવાર્થે, સારાંશ એવો સુમંગલ છે કે, આવી રુઢીગ્રસ્ત વીષમતાઓ વચ્ચે પણ, આપણા સમાજમાં આપણી આસપાસ જ એવા વીલક્ષણ કે વીશીષ્ટ ભાવનાવાળાં કુટુમ્બો વસે છે કે, જેઓ પોતાના પુત્રીસન્તાનનો ઉછેર પુત્રવત્ જ કરે છે; અર્થાત્ પ્રસ્તુત માતાપીતા કે વડીલોનાં ચીત્તમાં–હૈયામાં પુત્ર કે પુત્રી વચ્ચે કોઈ જ ભેદ નથી. આ ખુબ મોટી વાત છે અને શાંત ક્રાન્તી છે. કારણ કે આ પુસ્તકમાં પ્રા. અશ્વીનીબહેન વારંવાર ઉલ્લેખે છે કે ભારતીય હીન્દુ સમાજમાં પુત્રસન્તાનનું મુલ્ય

તથા મહત્ત્વ લગભગ અનીવાર્ય જેવું છે : ધાર્મીક તથા સામાજીક બન્ને સન્દર્ભમાં : વડીલોના અગ્નીસંસ્કારથી માંડીને તે પીંડદાન સુધીની મરણોત્તર ક્રીયા પુત્રને હસ્તે જ થાય, તો જ મરનારના આત્માને સ્વર્ગ મળે કે મુક્તી મળે! (આવું ‘સ્વર્ગ’ ક્યાં છે અને ‘મુક્તી’ એટલે શું? – એ જો કે કોઈ જ જાણતું નથી!)

આ પુસ્તકમાં, આવાં સોળ સમજદાર કુટુમ્બોના એવા અભીનન્દનીય અભીગમનો પરીચય કરાવવામાં આવ્યો છે કે, જેમાં પુત્રીનો જન્મ કે ઉછેર, ભણતર કે લગ્ન, પુત્રનાં જેટલાં જ સ્વતન્ત્ર પ્રેમવાત્સલ્ય તથા ઉમંગ–આનન્દથી આચરવામાં આવ્યાં છે અથવા તો આવે છે; જેમાં ડૉક્ટર દીક્ષીતદમ્પતી તથા પોપટભાઈ – સરયુબહેન વ્યાસ જેવાં પ્રતીષ્ઠીત જાણીતાં

દમ્પતીની આવી ઉમદા ભાવનાનો તથા પ્રગતીશીલ અભીગમનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. બહેનશ્રી પ્રા. અશ્વીનીબહેન, સંકોચ સાથે એક સત્ય જણાવું? ખુશીની વાત છે, એટલે જ જણાવવાનું મન કરું છું, તો થોડી આત્મશ્લાઘાય ક્ષમ્ય ગણશો જ, અમારા રૅશનાલીસ્ટ વર્તુળમાં એવા કેટલાક મીત્રો છે કે, જેઓએ એક જ પુત્રીસન્તાનને પુત્ર કરતાંય વધુ સ્નેહવાત્સલ્યથી વધાવી લીધું છે. ખુદ આ લેખક (ર.પા.)ને પણ એક જ પુત્રીસન્તાન છે, અને એવો સભાન નીર્ણય અમે દમ્પતીએ છેક 1950માં કરેલો, એટલું જ નહીં, એ પુત્રીનો ઉછેર પણ અમે ભારે લાડકોડથી તથા કાળજીપુર્વક કરેલો અને આજેય એ દીકરી ચી. શર્વરી દ્વારા મને એટલાં જ હુંફ – આશ્વાસન તથા પરમસન્તોષ

મળી જ રહ્યાં છે. (પુત્રી અમેરીકામાં વસે છે, અને હું અહીં સાવ એકલવાયો છું; પણ વળી એ જુદી સમસ્યા છે. જેની કોઈ ફરીયાદ મારા મનહૃદયમાં નથી. અને પુત્રની ખોટ તો મને ક્યારેય સાલતી જ નથી.) રૅશનાલીઝમ સ્વીકાર્યાનો એ વીશેષ લાભ છે.

બહેનશ્રી પ્રા. અશ્વીનીબહેન આ વીષય એટલે કે પુત્રીસન્તાનને પુત્રવત્ ગણી આવકારવાનો અનુરોધ આ પુસ્તકમાં પ્રધાનધ્વની લેખે કર્યો છે; એ તો એક અત્યન્ત ઉપયોગી તથા અભીનન્દનીય પ્રદાન છે જ; પરન્તુ સાથેસાથે એ નીમીત્તે તેઓએ આ પુસ્તકમાં ઉત્તમ સામાજીક ચીન્તન પ્રસ્તુત કર્યું છે, એ પણ મુલ્યવાન તથા આવકાર્ય છે : દા.ત., આપણા સમાજમાં ભયાનક પીડાકારી લેખાતું સ્ત્રી પ્રત્યેનું

વાંઝીયામહેણું (પૃષ્ઠ : 35), તેઓ અનુરોધે છે કે, મોટી ક્રાન્તીની મીથ્યા રાહ ન જોયા કરો; પરન્તુ તમારા પોતાના કુટુમ્બથી જ, તન્દુરસ્ત આચાર–વીચારને અપનાવો ને નીષ્ઠાપુર્વક અમલી બનાવો! (પૃષ્ઠ : 36) ભ્રુણહત્યા નહીં; યોગ્ય રીતે ભ્રુણદાન કરો! (પૃષ્ઠ : 47), હજી સ્ત્રી–પુરુષ સમાનતા માટે તો ઘણી મજલ કાપવાની બાકી છે. (પૃષ્ઠ : 64), સ્વતન્ત્રતા, સમાનતા અને બન્ધુતા આ સુત્રો જીવનમાં શક્ય તેટલાં વહેલાં સ્વીકારીને જીવનરાહ નક્કી કરીએ તો, એ આપોઆપ તન્દુરસ્ત સમાજના ઘડતર તરફ લઈ જશે. (પૃષ્ઠ : 09), લગ્નમાં વરથી કન્યા નાની જ હોય, એવો આગ્રહ જાળવવાની જરુર નથી. (પૃષ્ઠ : 31) ઈત્યાદી... ડૉ. કાપડીયાબહેને આવી બધી બાબતોનો અર્થાત્ સમાજ સુધારાનો

અનુરોધ બહુ જ સરળ, છતાં સુન્દર, હૃદયસ્પર્શી શૈલીમાં કર્યો છે એ બદલ તેઓ અભીનન્દનનાં અધીકારી અવશ્ય છે. તેમની શૈલીમાં સર્જનાત્મકતા પણ છે, એના એક બે નમુના જોઈએ :

(1) ઉત્તુંગ શીખરો ઘરના ચળકતા ખડકોની નીચે, મીઠાં પાણીનાં ઝરણાં સતત વહેતાં હોય છે, જે હેઠવાસના જીવોને પરમ શાન્તી અર્પે છે.(એવી ડૉ. પ્રભાવતીબહેન દીક્ષીતની સેવા પ્રવૃત્તી છે : પૃષ્ઠ : 51)

(2) પુરુષપ્રધાન સમાજમાં એક સુભાષીત છે કે ‘છોકરો સોળ વર્ષનો થાય, એટલે તેને મીત્ર સમજવો’ – આ કહેવતને ધરમુળથી સુધારી, બાપ–દીકરી વચ્ચે જાતીય બાબતો અંગે પણ

નીખાલસતાથી ચર્ચા થતી થાય. (જ્યોતી વૈદ્ય અને ચી. સોનલ : પૃષ્ઠ : 33) ઈત્યાદી.

અન્તમાં લેખીકાબહેનને એક બે સુચન નમ્રતાપુર્વક કરવાનું મન થાય છે કે, પ્રત્યેક દમ્પતી અથવા તો દીકરીની હસ્તી યા ઉમ્મરનાં ચોક્કસ વર્ષ આપ્યાં હોત તો સારું રહેત એ જ રીતે એ વંદનીય યુગલનાં સરનામાં કે ટેલીફોન નમ્બર પણ, જો તેઓની મંજુરી હોય તો, આપવાં જોઈએ. દા.ત., ગીતાબહેન, એમના પતી નીતીનભાઈ અને પુત્રી શ્વેતાના નીવાસ સન્દર્ભે અમારા બારડોલીનો જ ઉલ્લેખ આવે છે. તો જો તેઓનું ચોક્કસ સરનામું આપ્યું હોત, તો મને સમ્પર્ક કરવાનું ગમત. ખેર, એ તો બધું ગૌણ લેખાય, પણ આવું પુસ્તક, જેને પ્રસ્તાવનાકાર પ્રો. સુર્યકાંત શાહે અભુતપુર્વ અદ્ભુત કહ્યું છે;

એવું અજોડ પુસ્તક, પુરતાં શ્રમ–કાળજીપુર્વક પ્રગટ કરવા બદલ ડૉ. અશ્વીનીબહેન મનસુખલાલ કાપડીયાને લાખ–લાખ ધન્યવાદ! અલબત્ત, એક ગમ્ભીર છતાં આડવાત એ કે, એક જ સ્ત્રીસન્તાન–પુત્રીથી સમ્પુર્ણ સન્તોષ, સુખ તથા આનન્દ માની લેતાં માતાપીતા વળી એક જુદી જ દુઃખદ સમસ્યા પણ જન્માવે છે; જે જાણવા ઈચ્છતા – જીજ્ઞાસુ ભાવકોએ સરોજ પાઠક લીખીત એક પરમ હૃદયસ્પર્શી વાર્તા 'મુંગા નકારનો હાહાકાર' વાંચવી. (પ્રાપ્તીસ્થાન : શ્રી. અગ્રવાલ ટ્રસ્ટ, 1308, રંગીલદાસ મહેતાની શેરી, ગોપીપુરા, સુરત–395 501)

## ભરતવાક્ય

શ્રી. ચલથાણ વીભાગ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી એનાં સાધનોની મર્યાદામાં રહીને

વીવીધ પ્રવૃત્તીઓ પણ કરે છે. શ્રીમતી વી. આર. ભક્ત શીક્ષણ મહાવીદ્યાલયનાં (કામરેજ) શ્રેયાન પ્રાધ્યાપીકા ડૉ. અશ્વીનીબહેન કાપડીયાએ અમને જણાવ્યું કે, તેઓ એક જ દીકરીનાં મા–બાપવાળાં કુટુમ્બોનો અભ્યાસ વૈજ્ઞાનીક દૃષ્ટીએ કરવા માંગે છે. અમારે માટે આ નવો જ મુદ્દો હતો; તેથી આ મંડળીએ એનો સમગ્ર આર્થીક બોજો ઉપાડી લેવાનું સ્વીકાર્યું.

–જયંતીભાઈ છોટુભાઈ પટેલ

પ્રમુખ

(((●)))

7

# સાવધાન! ‘શ્રદ્ધા’નો બીગ બેંગ!

અનુક્રમણીકા

We may define faith as a firm belief in something for which there is no evidence.

–Bertrand Russell

શ્રદ્ધાની અન્ય એક વ્યાખ્યા અંગ્રેજીમાં એવી પણ છે કે, Faith may be defined, as a firm belief that something improbable will happen, by some irrelevant act.

આથી ગુજરાતીમાં આપણે ‘શ્રદ્ધા’ની વ્યાખ્યા આ પ્રમાણે કરીએ :

‘શ્રદ્ધા’ એક એવી સુદૃઢ માન્યતા છે કે, અમુક તત્ત્વ યા વ્યક્તીના પ્રભાવથી કે એની કૃપાથી, અમુક વીધી કરવાથી અથવા તો કેવળ તત્પ્રત્યેની

માન્યતાના બળે, કંઈક અસમ્ભવ (improbable) એટલે કે પ્રકૃતીના કાર્યકારણ ન્યાયથી ભીન્ન અથવા ઉલટું પરીણામ સીદ્ધ કરી શકશે.

દા.ત., સત્યનારાયણની કથાની કે પછી અમુકતમુક બાબાની બાધા રાખવાથી પરીક્ષામાં પ્રથમ વર્ગ સાથે પાસ થવાશે. એવી દૃઢ માન્યતા.

આ વ્યાખ્યાની ચર્ચા કરતા પુર્વે આપણા વાદવીવાદની એક ગમ્ભીર ક્ષતી પ્રતી અંગુલીનીર્દેશ કરી લઈએ અને એ નાબુદ કરીને પછી જ ચર્ચાપ્રધાન વ્યાખ્યાન કરવું યા લેખ લખવો જોઈએ એવો અનુરોધ કરીએ. વાદપ્રધાન આવા કાર્યક્રમમાં, મુખ્ય મુદ્દાની વ્યાખ્યા તથા વીભાવના સ્પષ્ટ નીશ્ચીત કર્યા વીના જ આપણે ત્યાં આડેધડ પ્રવચનો થાય છે અને પછી અસંગત તથા અર્થહીન એવી તુચ્છ દલીલોની ફેંકાફેંક ચાલે છે. આપણે શ્રદ્ધા શબ્દની કે વીષયની વ્યાખ્યા કર્યા વીના જ એની ચર્ચા કરીએ

છીએ : હકીકતમાં, શ્રદ્ધાના ભાવ સાથે ‘વીશ્વાસ’, ‘મનોબળ’ તથા ‘ખાતરી’ આદી ભાવોની ભેળસેળ કરીને જ ગમે તે રીતે શ્રદ્ધાને બીરદાવવાનો હેતુ સીદ્ધ કરવાનો મીથ્યા પુરુષાર્થ કરી, સન્તોષ માની લઈએ છીએ.

દા.ત., કોઈ એમ કહે કે, પતીને વીદેશ જવાનું યા અન્ય કોઈ નીમીત્તે લાંબો વખત ઘર બહાર રહેવાનું થાય, ત્યારે તે પોતાની પત્ની પર ‘શ્રદ્ધા’ રાખે જ છે ને કહે કે પોતાની ગેરહાજરીમાં કશું અનીચ્છનીય નહીં આચરે!’ હકીકતમાં અહીં ‘શ્રદ્ધા’ શબ્દ અસ્થાને જ છે, ચોકસાઈથી કહેવું હોય તો આને ‘વીશ્વાસ’ શબ્દથી જ ઓળખાવાય. (જો કે ઘણા પુરુષો આવો વીશ્વાસ પણ નથી રાખતા; છતાં જવું પડે એટલે જાય છે! પણ એ વળી જુદો મુદ્દો છે, વહેમીલી માનસીકતાનો)... એક મીત્રે લંગડો ભક્ત કેદારનાથનાં દર્શનાર્થે

મહાપ્રયાસથી પહાડ ચઢી રહ્યો હતો – એને ‘શ્રદ્ધા’નું બળ કહ્યું, ત્યારે પણ મેં સુચવેલું કે, એ શ્રદ્ધા નથી, મનોબળ છે.

‘શ્રદ્ધા’ શબ્દ એની ચોક્કસ વીભાવના મુજબ improbability – અસમ્ભવીતતા સાથે અતુટ સમ્બન્ધ ધરાવે છે અને આ અસમ્ભવીતતા એટલે જ પ્રકૃતીના કાર્યકારણના અફર તન્ત્રથી કશુંક ભીન્ન બને એવી ઘટના. જો કે એવું કદીય બની શકે જ નહીં. માટે જ શ્રદ્ધા માત્ર અન્ધ જ હોય છે. અર્થાત્ ‘શ્રદ્ધા’ એટલે જ ‘અન્ધશ્રદ્ધા’! ખુદ ગાંધીજીએ કહ્યું છે કે શ્રદ્ધા હમ્મેશાં આંધળી જ હોય! ભાવનાશીલતા અર્થાત્ ભાવવીશ્વનો સમ્બન્ધ માનવીની લાગણીની તીવ્રતા સાથે છે અને લાગણી માત્રને તર્કવીવેકથી સહેલાઈથી સમજાવી શકાય છે, એમાં કશું જ રહસ્યમય યા અલૌકીક નથી. દા.ત., પોતાની પ્રેમીકાનો જીવ બચાવવા માટે પ્રીયજન

પોતાના જાનનું બલીદાન આપી દે – એ પ્રેમની લાગણીની ઉત્કટતા સહેજે અને બહુ સહેલાઈથી સમજી શકાય છે. એવું જ માતાના સન્તાન પ્રત્યેના નીરપેક્ષ પ્રેમ બાબત સમજાવી શકાય. મુળ હકીકત તો એ છે કે, પ્રકૃતીનાં જીવસૃષ્ટીનો તંતુ ચાલુ રાખનારાં જે અનેક પરીબળો છે, એમાંનું જ એક માનો બચ્ચાં માટેનો નીરપેક્ષ પ્રેમ છે, જેને કુદરતી વૃત્તી જ કહેવાય. અનેક પ્રાણીવર્ગમાં તો, મોટું થયા પછી બચ્ચું માને ઓળખતું સુધ્ધાં નથી હોતું. છતાં માદા પોતાના જાનના ભોગેય બચ્ચાનું રક્ષણ કરવા ઝઝુમે છે. માનવી તો કેટલીક વ્યક્તીઓ, કેવળ પ્રીયજનો જ નહીં; કોઈ પણ સ્વજન, અરે, અજાણ્યાનો પણ; જીવ બચાવવા પોતાની જીન્દગીને હોડમાં મુકી દે છે...

શ્રદ્ધા અને અન્ધશ્રદ્ધાનો ભેદ આપણે તાત્ત્વીક ધોરણે નહીં; પરન્તુ પ્રકાર આધારીત એટલે

કે ગુણવત્તાના પાયા પર પાડીએ છીએ; જે આપણી ઉચ્ચાવચતાની મીથ્યા માન્યતાઓ જ છે. દા.ત., ઈશ્વર ઉપરની શ્રદ્ધા કહેવાય. જ્યારે ભુતપ્રેત કે ભુવા પ્રત્યેની એવી જ લાગણીને અન્ધશ્રદ્ધા કહેવાય. આ તદ્દન વાહીયાત વીભાગીકરણ લેખાય; કારણ કે તમારે મન ઈશ્વરવીષયક જેવી અને જેટલી દઢ માન્યતા છે, એવી અને એટલી જ સુદઢ એક આદીવાસીની ભુતપ્રેત બાબતની માન્યતા હોય છે. બાકી આવાં બધાં તત્ત્વ મુળભુત રીતે તો કપોળકલ્પીત જ છે. મતલબ કે શ્રદ્ધાળુ સર્વ કોઈ અન્ધશ્રદ્ધાળુ જ હોય. તમે જેટલી શ્રદ્ધાથી ઈશ્વરની મુર્તી કે છબી સમક્ષ ધુપ–દીપ યા ફુલ–પ્રસાદનો વીધી કરો છો, એટલી જ શ્રદ્ધાથી પછાત – અભણ વર્ગો યા ભુતપ્રેતમાં કે જાદુટોનામાં માનનારી બહેનો ચાર રસ્તે જઈને પાણીનું કુંડાળું કરે છે અને નાળીયેર યા વડાં ચઢાવી આવે છે. બન્નેની

મનોદશા તો પુરી સરખેસરખી જ છે. સુર્ય જેવા એક જડ પીંડની ઉપાસના કરનાર અને પથ્થરના દેવના થાનકે બલી ચઢાવનાર બન્નેની મનોદશામાં કશો ભેદ કે ઉચ્ચાવચતાનો ફરક સીદ્ધ થાય છે ખરો? બાકી તો 'હું જ સાચો અને ઉંચો' – એવી મીથ્યાભીમાની લાગણીની વાત જુદી છે. ખરેખર જ શ્રદ્ધા અર્થાત્ અન્ધશ્રદ્ધા અજ્ઞાનતાનું જ પરીણામ છે, બાકી સુર્ય માનવી પર કોઈ ઉપકાર કરવા આમ, એક સળગતો પીંડ નથી જ બની રહ્યો! એ સુર્યપુજકો બાપડા પછી જ્યોતીષમાં માનનારની ટીકા તો કરી જ કેવી રીતે શકે?

એક પુજનીય સન્ત 'ધર્મ અને વીજ્ઞાન' વીશે પ્રવચન કરી રહ્યા હતા. આમ તો, તેઓ પ્રખર જ્ઞાની પુરુષ છે અને કીમતી વીચારોય ધરાવે છે. પરન્તુ આવી ભુલ કરી બેઠા! એમણે કહ્યું, 'ભગવાને ચન્દ્ર પૃથ્વીથી અઢી લાખ માઈલ દુર ગોઠવ્યો, એ જ

બરાબર સહેતુક છે. બાકી એ જો થોડો નજીક મુકાયો હોત તો, એવી મોટી ભરતી આવત કે આપણે સૌ ડુબી મરત' – એવું કંઈક અને વળી ઈશ્વરની લીલા વીશે એથીય અનેકગણું હાસ્યાસ્પદ એવુંય ઘણુંબધું તેઓશ્રીએ કહ્યું. જવાબમાં મેં લખ્યું, ‘અરે સ્વામીજી, આજની અપેક્ષાએ જો વધુ મોટી, જોખમી ભરતી આવી હોત, તો માનવી સમુદ્રકાંઠાથી થોડા વધુ દુર વસવાટ કરત; એમાં ડુબી મરવાનું તો આવે જ ક્યાંથી? ઈતર લીલાની હાસ્યાસ્પદતાનો જવાબ મેં, આમન્યા ખાતર જાહેરમાં નહીં લખ્યો; પણ પત્રથી જણાવ્યો. તેમ છતાંય સ્વામીજી મારા પર ભયંકર રોષે ભરાયા!

આવી જ ભગવાનની લીલાના મીથ્યા વખાણ ‘બીગ બેંગ'ના લંબાણકાળ (ડ્યુરેશ) બાબતે પણ શ્રદ્ધાળુઓ કરે છે કે, ‘એ જો સેકંડના એક અબજમાં ભાગ જેટલોય લાંબો ટુંકો હોત, તો આ

બ્રહ્માંડ આવું ન રચાયું હોત અને આપણેય ન હોત' ઈત્યાદી. અરે મીત્ર, ક્યુરેશન પ્રમાણે જેવું બ્રહ્માંડ રચાયું હોત; પછી તેવી જ સમગ્ર સૃષ્ટી વીકસી હોત અને એનો કોઈને જ કશો હરખશોક નહોત. કારણ કે આ સમગ્ર લીલા કેવળ જડ તત્ત્વોની જ છે, જેને મન જ નથી, કે એમાં પછી આપણી કે કશાનીય કશી ફીકર ચીન્તા હોય. આનો એક સાદોસીધો સચોટ પુરાવો જ એ છે કે, સુર્યના એક પૃથ્વી સીવાયના  બીજા આઠ ગ્રહો સાવે સાવ નીર્જન, અર્થહીન ઘુમ્યા જ કરે છે, અબજો વર્ષોથી! એની પરવા કરનાર કોઈ તત્ત્વ છે ખરું? વળી, ધુમકેતુઓ પણ અનીયમીત સફરી બનીને આવે છે અને ગુરુ જેવા વીરાટ ગ્રહો એને ગળીય જાય છે! બ્રહ્માંડમાં આવા તો અસંખ્ય, અબજોના અબજો પીંડો છે અને અથડાઅથડીની તથા ભાંગફોડની ભયંકર ઘટનાઓ નીરન્તર બન્યા જ કરે છે, કુદરતનું સંચાલન 'અન્ધ

નીયમ’વશ પ્રવર્તે છે. પરન્તુ સમય તથા વીસ્તારની અસીમ અગાધતાને પરીણામે, આપણને હાલ તુરત એની કશી જ આપત્તી નથી, માટે જ ઈશ્વરની લીલાને વખાણીએ છીએ અને એના પર શ્રદ્ધા રાખી બેફીકર(?) લીલાલહેર કરીએ છીએ! બાકી નજીકની એક નીહારીકા (એન્ડ્રોનેડા?) પ્રચંડ વેગે આપણી ગેલેક્સી તરફ ધસી રહી છે, જે અમુક અબજો વર્ષ બાદ ટકરાશે પણ ખરી જ. અને ત્યારે બધું જ હતું ન હતું થઈ જશે. ખેર, અજ્ઞાનમ્ પરમ્ સુખમ્! બાકી વીજ્ઞાન તો આજે માનવસર્જીત ડી.એન.એ. બનાવવા સુધી પહોંચી ગયું છે... તમારું ડી.એન.એ. બજારમાં મળતું થઈ જશે !

સમગ્ર પ્રકૃતીનું સંચલન (સંચાલન નહીં) એના અન્ધ, જડ, અફર કાર્ય–કારણના નીયમોને વશ ચાલ્યા જ કરે છે, જેમાં જડ–ચેતનનોય કશો ફરક નથી. કેદારનાથમાં પ્રચંડ પુર આવે, તો એમાં

મહાન ભગવાન પણ લાચાર! હજારો ‘ભક્તો’ ડુબી મર્યા, ત્યારે એ ઈશ્વર શું કરતો હતો? સુરતમાંય થોડાં વર્ષ પુર્વે આવો લાચાર હાહાકાર મચી જ ગયો હતો ને? હકીકતમાં, કાર્ય–કારણના અફર નીયમો સમક્ષ સમ્પુર્ણ લાચારી અનુભવતા મનુષ્યે, કેવળ મીથ્યા ગૌરવ કે મોટપ અનુભવવા માટે ‘શ્રદ્ધા’ જેવો આધ્યાત્મીક શબ્દ – ભાવ ગોઠવી કાઢ્યો. બાકી એથી કોઈ લાભ નથી.

## ભરતવાક્ય

અતીશયોક્તીનીય અતીશયોક્તી ઉર્ફે કોના બાપની દીવાળી...?!! સોવીયેત સર્વસત્તાધીશ સ્તાલીને (સ્ટેલીને) એક કરોડ નહીં; એક અબજ માણસો મારી નાખેલા!

(((•)))

8

# સ્વર્ગ આકાશમાં નહીં; ધરતી પર જ છે

અનુક્રમણીકા

ન સ્વર્ગો નાપવર્ગો વા નૈવાત્મા પારલૌકીકઃ

•ચાર્વાક•

ધર્મ, જે સામાન્ય રીતે પ્રેમ, કરુણા, સહાનુભુતી, ભાતૃભાવ જેવા માનવીય ગુણો પ્રબોધે છે, એને બદલે જો તે નફરત, ઘૃણા, તીરસ્કાર અને વેર ફેલાવતો હોય તો, દરેકે સચેત થઈ જવું જોઈએ. હીન્દુ ધર્મમાં જ સ્વામી વીવેકાનન્દ, સ્વામીશ્રી દયાનન્દ સરસ્વતી, કબીર, ગૌતમ બુદ્ધ કે ઈશ્વરચન્દ્ર વીદ્યાસાગર જેવી વીભુતીઓ અને દાર્શનીકોએ કર્મકાંડ, મુર્તીપુજા આદીનું ખંડન કર્યું જ છે. અને માનવગૌરવની પ્રતીષ્ઠા કરી છે. આ દેશમાં ગરીબી, આર્થીક અસમાનતા, શોષણ,

અનારોગ્ય, અન્ધશ્રદ્ધા, વહેમો અને રુઢીજડતા સદીઓથી પ્રવર્તમાન છે. આપણે જીવનનાં ઈતર ક્ષેત્રોમાં પરીવર્તનો સહેલાઈથી સ્વીકારી લીધાં છે. પરન્તુ ધર્મ કે ધર્મગ્રન્થો દ્વારા અપાયેલાં ઉપદેશ – માન્યતાઓમાં પરીવર્તન કરવા આપણે લેશમાત્ર તૈયાર થતા નથી. વાસ્તવમાં, હજારો વર્ષ અગાઉ તત્કાલીન રાજકીય, સામાજીક કે ધાર્મીક પરીપ્રેક્ષ્યમાં લખાયેલા ગ્રન્થો કે એની આચારસંહીતા વર્તમાન સંજોગોમાં કેટલા સુસંગત તથા ઉપયોગી? એ પ્રશ્ન તપાસવાની તાતી જરુર છે.

–અશ્વીન ન. કારીયા

(‘સ્વર્ગ–નરકની માન્યતાઓ’ પુસ્તકમાંથી)

આપણા પુર્વજ ઋષીમુનીઓ મહાજ્ઞાની હતા, અને આજના વીજ્ઞાનની તમામ સીદ્ધીઓ તથા શોધો હજારો વર્ષો પુર્વે તેઓ કરી જ ચુક્યા હતા, જેનો

અણસાર અથવા આછા કે સુચીતાર્થરુપ પુરાવા આપણા ધર્મગ્રન્થોમાંથી મળે જ છે. –એવા એવા દાવા... કેટલાક પ્રાચીનતાપ્રેમી ધર્મનીષ્ઠો યા સાધુસન્તો અને ધર્માચાર્યો કરે છે, ત્યારે મને એક વીચાર આવે છે કે મહાસાગરમાં બેચાર ઘડા પાણી ઉમેરવાથી લાભ જ શો?

હીન્દુ ધર્મ અર્થાત્ પ્રાચીન આર્યધર્મ મહાન છે, અતીમહાન છે જ. એના ધર્મગ્રન્થો, વેદો કે ઉપનીષદો અને પુરાણોમાં જે ઉંચું અને ઉંડું ચીન્તન છે, માનવતાનો સદ્દુપદેશ છે, જીવન વીશેની ભવ્ય કલ્પનાઓ છે, ‘દ્યૌઃ શાંતીઃ અંતરીક્ષં શાંતીઃ વનસ્પતયઃ શાંતી, સર્વ શાંતીઃ’ અથવા તો ‘અત્રૈવ વીશ્વં ભવતી એકનીડમ્’ કે પછી ‘શુની ચ એવ, શ્વપાકે ચ પંડીતાઃ સમદર્શીનઃ’ – એવી એવી ભાવનાઓ, માનવસમાજ માટે અતીમુલ્યવાન તથા

પ્રેરક એવા એવા સનાતન સદ્‌બોધ આ જ ધર્મે આપેલાં છે, જો કે એ જ ધર્મ વર્ણવ્યવસ્થા, ઉંચનીચના તીવ્ર ભેદભાવ તથા અસ્પૃશ્યતાય પ્રવર્તાવ્યાં છે, એ ધર્મશાસ્ત્રમાં વીજ્ઞાનનાં સત્યો ન હોય, તોય એથી શો ફરક પડે છે? વર્તમાન માનવીની અપેક્ષાએ આપણા પુર્વજો ઘણા અજ્ઞાન હતા, ખાસ કરીને ભૌતીક વીજ્ઞાનોમાં, એ હકીકત સ્વીકારી લેવાથી, આપણા મહાન પુર્વજોનાં કાર્યોની કે એક ભવ્ય સંસ્કૃતી તથા સમાજની મહાનતામાં લેશમાત્ર ઉણપ આવતી નથી, એમ મારું નમ્રપણે માનવું છે.

દા.ત., માનવસર્જીત પ્રથમ ઉપગ્રહ ઋષી વીશ્વામીત્રે ચઢાવ્યો હતો, અથવા પ્રથમ પ્લાસ્ટીક સર્જરી ભગવાન શંકરે કરી, ગણપતીજીના ધડ પર હાથીનું માથું બેસાડી આપ્યું હતું – એવી

એવી માન્યતાઓ સેવવી યા પ્રચારવી એ અનાવશ્યક એવો હાસ્યાસ્પદ પુરુષાર્થ છે. ગણપતીદેવની પ્લાસ્ટીક સર્જરી વીશે આપણા જાણીતા ગઝલકાર, હાસ્યકાર અને વીચારક શ્રી. રતીલાલ–અનીલે કટાક્ષમય વીવરણ આપ્યું છે : કોઈ અંગ કપાય યા અન્યનું જોડાણ થાય, ત્યારે બ્લડ ગ્રુપ માણસના લોહી સાથે બરાબર મળતું આવે, એવું 'કોસ્મોપોલીટીન' હોય છે કે નહીં, એ તો મને ખબર નથી. વળી હાથીના મસ્તકનાં અંગોપાંગો માનવભાષા કેવી રીતે બોલી શક્યાં હશે? એય એક પ્રશ્ન છે. દેવોના વૈદ્ય અશ્વીનીકુમારે ચોક્કસ વીદ્યા જાણી લેવા માટે કોઈ ઋષીનું મસ્તક કાપીને એને ઘોડાનું માથું ચોટાડ્યું, એ પછી એ અશ્વ મસ્તક પેલી દીવ્ય વીદ્યા માનવવાણીમાં બોલી ગયું, તો પ્રશ્ન

એ રહે છે કે કોઈ માનવેતર પ્રાણીના દા.ત., બકરાના ધડ પર માનવમસ્તક ફીટ કરી દેવામાં આવે તો શું થાય? ઈત્યાદી.

સત્ય હકીકત તો એ જ કે આવી બધી વાતો સત્ય – આધારીત નહીં; પરન્તુ માનવમનની ધર્માભીમાની મનગમતી કલ્પનાલીલા જ છે. તે જ રીતે, આપણા પુર્વજોએ આવી કપોળકલ્પનાઓ કરી, એની પાછળનું મુખ્ય કારણ એ જ કે જીજ્ઞાસા તીવ્ર હતી, ઈચ્છાઓ, આવશ્યકતાઓ અને અનીવાર્યતાઓ પણ ઉત્કટ હતી; પરન્તુ સત્ય પામવું એટલું સરળ નહોતું. એટલે એ પુર્વપેઢીઓએ અવનવી અને અદ્‌ભુત કલ્પનાઓમાં રાચીને સન્તોષ લેવો રહે એ સ્વાભાવીક લેખાય. આપણા પુર્વજોના વીરાટ જ્ઞાનરાશી વીશે મેં અગાઉ આ વીભાગમાં લખ્યું જ છે; પરન્તુ જ્ઞાનનાં એ સર્વ ક્ષેત્રો ઐહીક તથા માનવસાધ્ય હતાં. નરી આંખે જોઈ

શકાય એવાં અને ઈન્દ્રીયગોચર હતાં, તે કરતાં અનેક ગણાં વધુ તો ‘આધ્યાત્મીક હતાં, જે શંકાસ્પદ લેખાય.’ બીજી બાજુ, આજે છે એવાં અટપટાં અનેકવીધ વૈજ્ઞાનીક સાધનોના અભાવે, આપણા પુર્વજો કેટલાંક સુક્ષ્મતમ અથવા તો વીરાટ સત્યો પામી શકેલા નહીં, એ સમજી શકાય અને સ્વીકારી શકાય એવી હકીકત છે. દા.ત., બેક્ટેરીયા કે વાયરસ અથવા તો ક્વાસાર, પલ્સાર અને બ્લેક હૉલ જેવી વસ્તુઓ કે ઘટનાઓ પારખી શકવા તેઓ શક્તીમાન નહોતા. બીજી બાજુ, સાહીત્ય, ચીત્રકલા, સંગીત, નાટ્યકલા, નૃત્યકલા, યન્ત્રવીદ્યા, બાણવીદ્યા, આયુર્વેદ, ભાષાવીજ્ઞાન વગેરે... વગેરે. અનેકાનેક વીદ્યાશાસ્ત્રો તેઓએ વીકસાવ્યાં હતાં; છતાં પાણી એ ઓક્સીજન અને હાઈડ્રોજનનું સંયોજન છે, અથવા તો $E = mc^2$ના સમીકરણની તેઓને લેશમાત્ર જાણ નહોતી. અને એમાં કશી

નાનમ માનવાને પણ કારણ નથી. માનવજીવનની વ્યવસ્થા અને એના ધ્યેયો સન્દર્ભે એ પુર્વજો કેટલીક ઉત્તમોત્તમ વીભાવનાઓ અવશ્ય સેવતા હતા; એય તેઓની મહાનતા જ છે. આટલી પ્રાસ્તાવીક ચર્ચા તો અત્રે મેં એટલા માટે કરી કે આ લેખમાં હું ડૉ. અશ્વીન કારીયા લીખીત ‘સ્વર્ગ–નરકની માન્યતાઓ’ – પુસ્તકનો કેટલોક રસપ્રદ પરીચય કરાવવા પ્રવૃત્ત થયો છું. પ્રારમ્ભે જ કહી દઉં કે સ્વર્ગ અને નરક જેવાં સ્થાનો હોવાની કલ્પના લગભગ તમામ ધર્મોમાં પ્રવર્તમાન છે, આવી માન્યતા સદન્તર નીરાધાર છે; પરન્તુ એવી કલ્પનાના મુળમાં માણસની એ તીવ્ર જીજ્ઞાસા રહેલી છે કે મૃત્યુ બાદ શું હશે? ઉપરાંત, સારાં–નરસાં કર્મોનો બદલો જો આ સંસારમાં ન મળતો હોય તો પછી તે ક્યાં મળે અને શું મળે? જવાબમાં, માનવીએ કલ્પના કરી કે સારાં કર્મોના, પુણ્યના

બદલામાં સ્વર્ગ મળે, જ્યાં બધું જ ઉત્તમ, સુખમય અને આનન્દમય છે, દેવોનું એ નીવાસસ્થાન છે, જ્યાં દુઃખ નથી, ભુખ નથી, ત્રાસ નથી. એથી ઉલટું ત્યાં આનન્દ–આનન્દ અને મોજમસ્તી છે, ઘી–દુધની નદીઓ વહે છે, અપ્સરાઓનાં નાચગાન ચાલે છે, સુરાપાન છે, મીષ્ટાન્ન છે વગેરે... વગેરે. બીજી બાજુ, પાપના બદલામાં જે નરકની સજા થાય છે, ત્યાં બધું સ્વર્ગથી ઉલટું જ છે : ત્રાસ છે, દમન છે, પીડા છે, મારફાડ છે, આગ અને ઉકળતા તેલની સજાઓ છે, માર્ગે મલીન અને ગંધાતી એવી લોહીપરુની નદી વૈતરણી છે, ત્યાં રાક્ષસો, પીશાચો, યમદુતો વગેરે અત્યન્ત ક્રુર તત્ત્વો જીવાત્માને ઘોર પીડા આપે છે ઈત્યાદી (પૃષ્ઠ–03).

ખગોળના સત્ય જ્ઞાનના અભાવે, આપણા પુર્વજોએ પૃથ્વીપીંડની ઉપર–નીચેના વીશ્વ વીશે કેવી કેવી કલ્પનાઓ દોડાવી છે એ જાણવું ખુબ–રસપ્રદ

નીવડે તેવું છે. ડૉ. કારીયા લખે છે : ‘પ્રાચીન આર્ય–હીન્દુ ધર્મ મુજબ, પૃથ્વીની ઉપર તથા નીચે એમ સાત–સાત લોક છે, જેને અનુક્રમે સ્વર્ગલોક અને પાતાળલોક કહેવામાં આવે છે : સાત સ્વર્ગ : ભુર, ભુવઃ સ્વઃ મહઃ, જનઃ તપઃ અને સત્યલોક. જ્યારે નીચેનાં પાતાળો છે : અતલ, વીતલ, સુતલ, રસાતલ, તલાતલ, મહાતલ અને પાતાલ... નરકનું ભૌગોલીક સ્થાન પાતાલની નીચે, ગર્ભોદક નામક પાણીની ઉપર આવેલું છે, જેનો વીસ્તાર ત્રીસ હજાર યોજનનો જણાવાય છે. પુરાણો અનુસાર નરકની સંખ્યા અઠ્ઠાવીસ છે.’ આ નરકોની પુરી યાદી માટે જીજ્ઞાસુએ મુળ પુસ્તક જોવું (પૃષ્ઠ–05).

આર્ય–હીન્દુ ધર્મની જેમ જ અન્ય ધર્મોમાં પણ સ્વર્ગ–નરકની કલ્પનાઓ છે જ; પરન્તુ એ પરસ્પરવીરોધી છે. બૌદ્ધધર્મના નરકના ભેદ દસ જ, જ્યારે ખ્રીસ્તી, પારસી– જરથોસ્તી અને

ઈસ્લામમાં સ્વર્ગ–નરક વીશેના ખ્યાલો બીજા ધર્મના તદ્વીષયક ખ્યાલો સાથે પુરેપુરા મળતા આવતા નથી. હવે સત્યનો એ અફર નીયમ છે કે તે ‘એકમેવાદ્વીતીયમ્’ જ હોય. સત્યદર્શનમાં પરસ્પર વીરોધ સમ્ભવી શકે નહીં. તદનુસાર સ્વર્ગ–નરકનો ખ્યાલ કેવળ કપોળકલ્પના જ સીદ્ધ થાય છે (પૃષ્ઠ–11).

આજે તો માનવસર્જીત અવકાશયાનોએ દુરસુદુરના બ્રહ્માંડનેય આંબવા માંડ્યું છે, જ્યારે શક્તીશાળી ટેલીસ્કોપોએ અબજોનાં અબજો જેટલાં તારાવીશ્વોની પ્રત્યક્ષ ભાળ મેળવી આપી છે. છતાં અદ્યાપી ક્યાંય સ્વર્ગલોક, દેવલોક, સત્યલોક અથવા રસાતાલ કે પાતાલ, રૌરવ યા વીરાસન જેવા નરકધામો કાંઈ કહેતા કાંઈ જોવા મળ્યું નથી, એવા કોઈ અસ્તીત્વનો અણસાર સુધ્ધાં પ્રાપ્ત થયો નથી. મતલબ કે એવાં કોઈ સ્થાનો છે નહીં, યા હતા પણ

નહીં. એ સર્વ આપણા જીજ્ઞાસુ પુર્વજોની મનગમતી તેમ જ કાવ્યમય કલ્પનાઓ હતી, ઉપરાંત લોકને સન્માર્ગે પ્રેરવાનું સાધન પણ એ હતી.

જો કે શ્રી. યશવંત મહેતા લખે છે એ પણ એટલું જ સાચું છે કે, ‘અજ્ઞાનના એજન્ટ એવા વીવીધ ધર્મોએ આ ભ્રામક માન્યતાઓના પાયા પર કેવા કેવા ખ્યાલોની સૃષ્ટી રચી...! ધર્મવાળાઓ ચીંધે તેમ, એ લોકોની સમૃદ્ધી વધારતી ક્રીયાઓ કરો, તો ‘સ્વર્ગ’ મળે એવી લાલચ તેમ જ, જો એ લોકને ન રુચતી રીતે વર્તો અથવા એમનાં પેટ ના ભરો; તો ‘નરક’માં યાતના સહેવી પડે એવો ભય– આમ લાલચ અને ભય એ બે જ તમામ ધર્મોના પાયા છે.’

ડૉ. કારીયાએ આ પુસ્તીકામાં આવી બધી માન્યતાઓનું મુળ સુપેરે શોધી આપ્યું છે. (પુસ્તકના છેલ્લા ટાઈટલ પર શ્રી. યશવંત મહેતાએ લખેલ

‘આવકાર્ય અભ્યાસ’માંથી સાભાર..) એ ઉપરાંત, પ્રાસ્તાવીક કથનમાં, શ્રી. રમેશ સવાણી તેમ જ શ્રી. ઈન્દુકુમાર જાની લખે છે : આપણે ત્યાં તો ‘લોકાયતદર્શન’ના પ્રસીદ્ધ ‘આચાર્ય ચાર્વાક’ના જમાનાથી જ સ્વર્ગ અને નરકની માન્યતાનું ખંડન થતું જ રહ્યું છે... ન્યાયમુર્તી ચન્દ્રશેખર ધર્માધીકારીએ કહેલી એક વાત યાદ આવે છે કે, ‘જે સ્થળે કશીય મહેનત વગર બધી સુખસગવડો મળે, સુન્દર અપ્સરાઓ તહેનાતમાં હોય, તો એને તો હરામખોરોનો અડ્ડો જ કહેવો કે બીજું કાંઈ?’ (પ્રકાશક : અશ્વીની આર્ટ પ્રા. લી., સેન્ટર પોઈન્ટ, બસ સ્ટેશન સામે, ગોધરા–389001)

## ભરતવાક્ય

... સ્વર્ગ નથી, ભગવાન નથી, આ ધરતી પર જ સ્વર્ગ છે, સજ્જન વ્યક્તી દેવતા છે, સત્સંગ સ્વર્ગ છે માટે આ ધરતીને જ સ્વર્ગ બનાવી લો!

આકાશમાં કોઈ સ્વર્ગ નથી. માણસ સાથે આદર અને પ્રેમપુર્વક વર્તાવ કરો, દરેકમાં દેવતાનું રુપ નીહાળો, તો સર્વ સ્થળ સ્વર્ગ જ પ્રતીત થશે.

•કબીર•

(((•)))

9

## ‘ચાર્વાક્’–દર્શન

અનુક્રમણીકા

ન સ્વર્ગો નાપવર્ગો વા
નૈવાત્મા પારલૌકીકઃ ।

નૈવ વર્ણાશ્રમાદી ના
ક્રીયાશ્ચ ફલદાયિતાઃ ॥

વીશ્વમાં કોઈ સ્વર્ગ નથી, ક્યાંય મોક્ષ નથી,
આત્મા નથી, તેમ કોઈ પરલોક પણ નથી...
વર્ણાશ્રમ વગેરે ક્રીયાઓ અર્થહીન છે,
તેથી કોઈ લાભ થતો નથી.

•ચાર્વાક્•

નાસ્તીકતા (એથીઝમ) કે વીવેકબુદ્ધીવાદ (રૅશનાલીઝમ) એ કોઈ દેશ–કાળનો ઈજારો નથી,

અર્થાત્ દેશેદેશે તથા યુગેયુગે નાસ્તીકો તેમ જ વીવેકબુદ્ધીવાદીઓ પ્રગટતા જ રહે છે; કારણ કે એ તો મનુષ્યની બુદ્ધી તથા વીવેકશક્તીનો જ એક સ્વાભાવીક; છતાં અસામાન્ય વીકાસ છે. અત્રે એને ‘સ્વાભાવીક’ ગણાવવા પાછળનો હેતુ એ કે, સંશય કરવો એ માનવચીત્તનો સ્વભાવ છે, જ્યારે નાસ્તીકતા–વીવેકબુદ્ધી ‘અસામાન્ય’ ગણાવવાનું કારણ વળી એ કે, મનમાં જામેલા સ્તરો ભેદીને સત્યની જ દીશામાં પ્રગતી કરવી, એવી વ્યક્તીઓ તથા ઘટના વીરલ છે. શુદ્ધ અને સત્ય તર્કસરણી સર્વસુલભ નથી; મનુષ્ય અવળા તર્કનો ભોગ સહેલાઈથી બની જાય છે અને સરળ યા કપોળકલ્પીત તારણોથી સન્તોષ માની લે છે. દા.ત., વીશ્વનું સર્જન કોણે કર્યું? – એવું કુતુહલ પ્રત્યેક માણસના મનમાં જાગે; પરન્તુ તે એવા સરળ–કાલ્પનીક ઉત્તરથી મન મનાવી લે કે ઈશ્વર–

પરમાત્મા નામક કોઈ મહાશક્તીશાળી તત્ત્વે; પછી સન્તોષ!

હકીકતે રૅશનાલીસ્ટ થવા માટે પ્રચંડ ચીન્તનશક્તી તથા સબળ, શુદ્ધ તર્કશક્તી જોઈએ. દા.ત., આ દુનીયા જો ઈશ્વરે જ બનાવી હોય તો પછી આમ કેમ, તેમ કેમ? – એવો સંશય જેના ચીત્તમાં પ્રગટ્યા જ કરે અને શુદ્ધ લૉજીક તથા સાક્ષાત્ અનુભવ દ્વારા પુર્ણતઃ સત્ય જ્યાં પ્રતીત ન થાય ત્યાં સુધી તે વીચારતો જ રહે; ત્યારે જ તેનાથી રૅશનાલીસ્ટ બની શકાય. હું આવી પ્રગતીને, સત્ય પ્રતીની ગતીને રૉકેટ–ઉડ્ડયન સાથે સરખાવું છું. પ્રથમ તો, આ પૃથ્વીનાં બન્ધન ત્યજી અવકાશને આંબી શકવા માટે ચોક્કસ વેગવાળો પ્રાથમીક ધક્કો અનીવાર્ય રહે. એ પછી વીવીધ સ્તરો ભેદતાં આગળ ને આગળ

ગતી કરવી પડે, જેવા કે હવામાનના સ્તરો–સ્ટ્રેટોસ્ફીયર, આયનોસ્ફીયર વગેરે જે હોય તે. અન્તે પૃથ્વીના ગુરુત્વાકર્ષણનુંય પડ ભેદીને જ્યારે રૉકેટ બહાર નીકળી જાય, પછી તે મુક્ત અવકાશમાં અનાયાસ ગતીપ્રગતી કરી શકે. માનવચીત્તમાં જામેલા સ્તરો તે વારસાગત સંસ્કાર, ધાર્મીક માન્યતાઓ, શ્રદ્ધા–અન્ધશ્રદ્ધાઓ, અસત્ય કેળવણી વગેરે.. એ ભેદાય તો જ સત્યની, અર્થાત્ રૅશનલ અભીગમની અવકાશી મુક્તી પ્રાપ્ત થાય.

નાસ્તીકતા યા રૅશનલ અભીગમ એ કોઈ એક જ દેશ યા ચોક્કસ વીસ્તારના દેશોનો જ ઈજારો નથી. આપણે ખોટી રીતે માની લઈએ છીએ કે, વીજ્ઞાનમાં આગળ વધેલા દેશો, જેમ કે પશ્ચીમના દેશોની પ્રજા વૈજ્ઞાનીક માનસવાળી, વીવેકબુદ્ધીવાદી જ હોય. એથી ઉલટું, જો તમે યુરોપ–અમેરીકામાં સજાગ ચીત્તે ફરો, તો જોઈ શકશો કે ત્યાં પણ

આપણા જેટલી જ મુર્ખાઓની બહુમતી છે. હા, શીક્ષણાદીના પ્રસારને કારણે થોડોક ફરક પડે, જે બહુધા તો વળી જીવનરીતીનું જ પરીણામ હોય; રૅશનલ અભીગમનું નહીં. જીવનરીતીનો આવો ભેદ તે શું? – એ વીશે વીગતે વળી ક્યારેક લખીશું; છતાં દાખલો ટાંકી લઉં : અમેરીકામાં એક બાજુ કરન્સી નોટ પર છાપવામાં આવે કે ‘અમને ઈશ્વરમાં શ્રદ્ધા છે’ અને બીજી બાજુ વળી સજાતીય સમ્બન્ધ માટે કાયદેસરની માન્યતા મેળવવાનાં આંદોલનોય ચાલતાં હોય!

કાળની વાત કરી તો ગ્રીસમાં આજથી પુરાં ત્રેવીસસો વર્ષ વહેલાં (ઈ.સ.પુ. 342–270) એપીક્યુરસ નામનો એક નાસ્તીક વીચારક થઈ ગયો, જેણે જાહેર કરેલું કે ‘જીવન ખાઈ–પીને આનન્દ કરવા માટે જ છે. દેવોની ચીન્તા ન કરો! તેઓ કશુંય કરી શકતા નથી’ વગેરે... હજી વીસમી

સદીના અન્ત ભાગેય હજી આજેય આપણે કથાપારાયણોમાં, કૃતજ્ઞતા સમારોહોમાં, ધ્યાન–શીબીરોમાં તથા લક્ષચંડી અને કોટીચંડી યજ્ઞોમાં લાખોનાં ટોળાં જમાવી, તનમનનું પ્રદુષણ ફેલાવીએ છીએ; ત્યારે છેક અઢારમી–ઓગણીસમી સદીમાં અંગ્રેજ લેખક–વીચારક એસ. ટી. કોલેરીજે ઘોષણા કરેલી કે : 'નાસ્તીક થવા માટે મનની જ પ્રચંડ શક્તી તથા હૃદયની જે ઉદારતા જોઈએ તે હજારમાંથી ભાગ્યે જ એકાદ વ્યક્તીમાં જોવા મળે!' એ જ પ્રમાણે આપણા ભારતવર્ષમાં જ આશરે ત્રણેક હજાર વર્ષ પુર્વે એક નાસ્તીક મહર્ષી થઈ ગયો : 'ચાર્વાક્'; જેણે આરંભે ટાંકેલ શ્લોક અનુસારની નીરીશ્વરવાદી ફીલસુફી પ્રર્વતાવી કે ઈશ્વર નથી, આત્મા નથી, સ્વર્ગ નથી, નરક નથી... વગેરે ('ચાર્વાક્'નો જીવનકાળ ચોક્કસ રીતે મને મળી શક્યો નથી, તો ક્ષમાયાચના) ટુંકમાં, નાસ્તીક

તથા વીવેકનીષ્ઠ (રૅશનલ) અભીગમ એ કેવળ કાળનું, યુગબળનું જ પરીણામ નથી; ખરેખર તો મનુષ્યની વીચારશક્તી તથા તર્કશક્તીનું જ એ પરીણામ છે. અલબત્ત, વીજ્ઞાનની અદ્ભુત તથા અકલ્પ્ય શોધોએ ઈશ્વરવાદની ભ્રમણા નષ્ટ કરવામાં અતીબળવાન ફાળો આપ્યો છે, જે અર્વાચીન યુગની જ મહાન દેન છે; છતાં એ સ્વીકારનારા આજે કેટલા ઓછા?

વીજ્ઞાનના પ્રદાનની થોડી વાત કરીએ તો ઓગણીસમી–વીસમી સદીમાં ત્રણ ભીન્ન ભીન્ન ક્ષેત્રે જે ત્રણ મહાન વીજ્ઞાનીઓ પાક્યા એમણે ઈશ્વરની મીથ (કલ્પના–પુરાણકલ્પના) લગભગ છીન્નભીન્ન કરી નાખી, એ ત્રણે મહાનુભવો તે ડાર્વીન, ફ્રોઈડ અને માર્ક્સ.

•ડાર્વીને મનુષ્ય ઈશ્વરનું વીશીષ્ટ, દીવ્ય સર્જન છે (ગોડ ક્રીયેટેડ મેન ઈન હીઝ ઑન ઈમેજ)

એ ખ્યાલનો સદન્તર છેદ એના ઉત્ક્રાન્તીના સીદ્ધાન્તની સ્થાપના દ્વારા ઉડાવી દીધો.

•ફ્રોઈડે મનુષ્ય પણ આખરે ભીતરથી તો પશુ જેવું પશુ જ છે – લગભગ 98 ટકા એમ સુક્ષ્મ–વ્યાપક માનસ સંશોધન દ્વારા સીદ્ધ કરી આપ્યું;

•જ્યારે માર્ક્સે આર્થીક મનુષ્ય તથા આ પૃથ્વીપટે માણસ જ સર્વનો કર્તાહર્તા છે, એમાં ઈશ્વરનું કોઈ સ્થાન જ નથી. ધર્મ કેવળ શોષણનું સાધન, અજ્ઞાનજનોને બેહોશ રાખવા માટેનો અફીણી નશો છે ઈત્યાદી..

એમ આ ત્રણે ભૌતીક સત્યો પ્રકાશીત કરીને, ધર્મ તથા ઈશ્વરની આવશ્યકતાનો જ બહીષ્કાર કરી દીધો. વાસ્તવમાં આ ત્રણનો ફાળો પરમ્પરાગત કઠોર ભોંય ભાંગી નુતન માર્ગ કંડારવાનો છે; બાકી અન્ય અનેક સમર્થ વીજ્ઞાનીઓનો ફાળો પણ

નાનોસુનો તો નથી જ. હકીકતે છેલ્લાં પાંચસો વર્ષથી વીજ્ઞાન અને ચર્ચ (ધર્મ) વચ્ચેનું જે યુદ્ધ ચાલતું હતું, એમાં ઓગણીસમી–વીસમી સદીના વીજ્ઞાનીઓએ ચર્ચને સમ્પુર્ણ પરાજીત કરી બતાવ્યું. જો કે સમગ્ર માનવજાત એ સ્વીકારે એ માટે તો હજી પ્રલમ્બ મજલ કાપવી બાકી છે.

નીરીશ્વરવાદ તથા વીવેકબુદ્ધીવાદના પ્રચારમાં આમ વીજ્ઞાનનો પરોક્ષ ફાળો પાયાનો તથા મહાન છે; પરન્તુ એના આધાર પર આ સત્યનીષ્ઠ વીચારણાને સીદ્ધાન્તબદ્ધ કરવામાં તથા સામાન્ય જનની સમજમાં આવે એ રીતે એને પ્રસ્તુત કરવામાં તો જે નીરીશ્વરવાદી, રૅશનાલીસ્ટ તત્ત્વચીંતકોએ સમર્થ કામગીરી અદા કરી છે તેઓ જ ઘણા વધુ યશના અધીકારી છે; કારણ કે વીજ્ઞાન પણ સબળ છતાં સરળ દલીલો દ્વારા લોકમાનસમાં ઉતારવું પડે. દા.ત., હજી આજેય એવા ગાંગડું

માણસો – શીક્ષીતો સુધ્ધાં – અનેકાનેક છે કે જેઓ ડાર્વીનવાદને બીલકુલ સ્વીકારતા નથી, કદાચ સમજી જ શકતા નથી! આ સમજવું અર્થાત્ ગળે ઉતારવું કે ગ્રહણ કરવું – એ સમસ્યા જ ઘણી દુષ્કર છે; કારણ કે હજીય એવા લોકો પ્રશ્ન ઉઠાવે જ છે કે 'જો વાંદરામાંથી જ માણસ બન્યો હોય, તો આજે કેમ એ બનતો નથી?' ખેર, ઉપર જણાવ્યું તેવા મહાન નાસ્તીક રૅશનાલીસ્ટ ચીંતકોનાય થોડાં નામ ગણાવી લઈએ : બર્ટ્રાન્ડ રસેલ, ડૉ. અબ્રહામ કોવુર, ઈન્ગરસોલ, આઈન રેન્ડ, ટૉમસ પેઈન, સ્પીનોઝા, વોલ્ટેર, માર્ક ટ્વેઈન, નીત્શે વગેરે..

તો હવે, 'ચાર્વાક્'–દર્શનની ચર્ચા પર આવતાં પુર્વે આ મહાન વીચારકોના રૅશનલ ચીંતનનાં થોડાંક અવતરણો અત્રે પ્રસ્તુત કરું; જેથી વચ્ચેના સમયગાળામાં વાચક મીત્રોનેય ચીંતન કરવાની ભુમીકા પ્રાપ્ત થાય :

•રસેલ લખે છે કે ઈશ્વર જો સર્વશક્તીમાન હોય તો એણે આ સૃષ્ટીમાં સીધું જ માનવીનું સર્જન કરી દેવું જોઈતું હતું અને પછી માનવના અસ્તીત્વ માટેની તમામ અનીવાર્યતાઓ સર્જી દેવી જોઈતી હતી. સર્વશક્તીમાનનું શ્રેષ્ઠ સર્જન, જે તેના જ સ્વરુપમાં સર્જવામાં આવેલ એવો જો માનવી જ હોય તો પછી, ઉત્ક્રાન્તીના સુદીર્ઘ તથા અટપટા ક્રમની આવશ્યક્તા જ ક્યાં રહી  અમીબા કે ડાયનાસોરથી શરુઆત કરવાની જરુર જ શી? વળી, અનીષ્ટો અને દુષ્ટતા કેમ પ્રવેશી ગઈ? શા માટે? (અરવીંદવાદીઓ વળી ચેતનાની ઉત્ક્રાન્તીમાં માને છે! અરે મીત્રો, જો તમારી જ માન્યતા મુજબ ઈશ્વરની જ આવી યોજના હોય, તો પછી એ માટે આટલી લાંબી, આડીઅવળી અને અનીષ્ટસભર યાત્રા–પ્રક્રીયા શા માટે? વાયરસ, બૅક્ટેરીયા કે અળસીયાનું સર્જન વળી કયા હેતુસર?)

•માણસને ધીક્કારવો અને ઈશ્વરને ભજવો – એ જ સર્વ ધર્મનો સાર છે. (ઈંગરસોલ).

•દીવ્ય અનુભવ અર્થે ધ્યાનની લાંબી કંટાળાજનક ક્રીયા અનીવાર્ય જ નથી. બરાબર એવી જ માનસીક ભ્રમણાઓ નશીલાં દ્રવ્યોના સેવનથી, સંગીતના ઉન્માદથી, મન્ત્રના રટણથી, નાચવા–કુદવાથી તથા હોર્મોન કે વીટામીનોની ઉણપથી થતા રોગો દ્વારા પણ અનુભવી શકાય છે. (ડૉ. કોવુર).

♦શું વધુ હાનીકારક છે? ઝનુન કે નાસ્તીકતા? જવાબ છે : ઝનુન. ઝનુન જ ખરેખર હજારોગણું જીવલેણ છે; કારણ કે નાસ્તીકતા કોઈનુંય રક્ત રેડવાની ઉત્તેજના પ્રેરતી નથી. નાસ્તીક વ્યક્તીઓ માટે ગુનાખોરી અનીવાર્ય નથી, જ્યારે ઝનુનીઓ ગુનાખોર કૃત્યોને જ નોંતરે છે (વૉલ્ટેર).

•હું માનું છું કે જો ઈશ્વર સર્વશક્તીમાન હોય

તો પ્રજાઓને તે વીનાશક યુદ્ધો ન જ ખેલવા દે અને નીર્દોષ મનુષ્યોને મરણશરણ થતાં નીરાધાર ન જ છોડી દે... (ટૉમસ પેઈન)

આ લાંબા લેખના બે ભાગ કર્યા છે.

બીજા ભાગમાં ‘ચાર્વાક્’ના પ્રાપ્ય

સુત્રોના સાર સમજાવ્યા છે.

•ગોવીન્દ મારુ•

(((•)))

## 10

# ‘ચાર્વાક્’–દર્શન

(ભાગ – 2)

અનુક્રમણીકા

યાવત્ જીવેત્ સુખં જીવેત ઋણં કૃત્વા ઘૃતં પીબેત્ ।
ભસ્મીભુતસ્ય દેહસ્ય પુનરાગમનં કુતઃ ॥

જ્યાં સુધી જીવો ત્યાં સુધી સુખચેનથી જ જીવો, દેવું
કરીને પણ ઘી પીઓ! કારણ કે એક વાર
ભસ્મીભુત થઈ ગયેલો આ દેહ પુનઃ
કદાપી આ સંસારમાં આવી શકતો નથી.

•ચાર્વાક્•

અગાઉ લખ્યું તેમ ‘ચાર્વાક્’ માને છે કે આ સૃષ્ટીમાં કોઈ અલગ કે સ્વતન્ત્ર એવો સજીવ–ચેતન આત્મા નથી, જે છે તે ફક્ત આ દેહ છે અને તે કદાપી મૃત્યુથી બચી શકવાનો નથી. (નાસ્તી મૃત્યોર્

ગોચર:) તો પછી આ જીવનમાં મનુષ્યે કરવાનું શું છે દેવું કરીને પણ ઘી પીવું એટલે કે, સુખચેનથી, આનન્દપ્રમોદમાં જીવન વ્યતીત કરવું; કારણ કે પુનર્જન્મ જેવું પણ કશું જ નથી. પ્રાણી માત્રના જીવનનું ધ્યેય ફક્ત એક જ છે અને તે સુખથી જીવવું – લાઈફ ઈઝ ફૉર લીવીંગ – જીવન જીવવા માટે જ છે એટલું જ નહીં; આનન્દથી જીવવા માટે જ છે – એવું વાસ્તવીક તથા સયુક્તીક જીવનધ્યેય આજથી ત્રણેક હજાર વર્ષ પુર્વે આ મહર્ષી યથાર્થ રીતે ચીંધી ગયો, કદાચ તેને વીશ્વનો પ્રથમ એક્ઝીસ્ટેન્શ્યાલીસ્ટ–અસ્તીત્વવાદી કહી શકાય. (જો કે એપીક્યુરસ ચાર્વાક્નીય પુર્વે થયો.)

આમ ‘ચાર્વાક્’નીય પુર્વે સદીઓથી ભારતીય ચીન્તન ક્ષેત્રે યદચ્છાવાદ નામક સૃષ્ટીની ઉત્પત્તી વીશેનો એક મત પ્રચલીત હતો જ, જે અનુસાર એમ માનવામાં આવતું કે આ સમગ્ર સૃષ્ટી

અકસ્માતોની હારમાળાનું જ પરીણામ છે, એ કોઈ શક્તી કે વ્યક્તીનું સભાન સહેતુક સર્જન નથી. આમ યદચ્છાવાદમાં પણ ઈશ્વરનો ઈનકાર કરવામાં આવ્યો છે. યદચ્છા એટલે અકસ્માત. આજે તો મોટા ભાગના વીદ્વાનો–વીજ્ઞાનીઓ ‘બીગ બેંગ’ના સીદ્ધાન્તનો સ્વીકાર કરે છે. ઉક્ત સીદ્ધાન્ત, ટુંકમાં નીચે મુજબ છે :

♦પન્દર–વીસ અબજ વર્ષો પુર્વે, અસીમ અવકાશમાં રજકણોનું જે સુવીરાટ વાદળ હતું તે સ્વકીય ગુરુત્વાકર્ષણના બળે જ નીરન્તર સંકોચાતું રહ્યું. વીજ્ઞાનના અફર નીયમાનુસાર સંકોચ ઉષ્ણતા જન્માવે છે, પરીણામે આ વાદળના કેન્દ્રભાગે પ્રચંડ ઉષ્ણતાનો ઉદ્‌ભવ થયો અને એના બળથી તે ફાટી પડ્યું. એ જ બીગ બેંગ, અર્થાત્ મહાવીસ્ફોટ, જેને પરીણામે અવકાશમાં ચોમેર અગણીત દ્રવ્ય પીંડો ફંગોળાયા, જે ગતીમાન હોઈ, એમાંથી વળી

નાનામોટા અસંખ્ય પીંડો બંધાયા. એ જ આજના તારકો તથા ગ્રહો, ઉપગ્રહો વગેરે..

ગ્રીક ચીન્તક એપીક્યુરસની જેમ જ ચાર્વાક્ પણ પરમાણુવાદમાં માને છે, અર્થાત્ અવકાશમાં ગમેતેમ (રેન્ડમ) નીરુદ્દેશ ગતી કરતા પરમાણુઓ જ આ સૃષ્ટીનું મુળ કારણ છે. કણાદ મુનીનો પરમાણુવાદ તે જુદો. ચાર્વાક્ મત મુજબ પરમાણુઓના નૈસર્ગીક સ્વભાવ અનુસાર થતાં રહેલાં સંયોજનોથી જ આ વીશ્વ રચાતું ગયું છે. ચાર્વાક્ લખે છે કે જેમ અગ્ની ઉષ્ણ છે અને જળ શીતળ છે એમ પ્રત્યેક પદાર્થને એનો કુદરતી સ્વભાવ હોય છે, જે સ્વભાવના પ્રવર્તનથી જ સતત પરીવર્તનશીલ એવું વીશ્વ સર્જાતું રહે છે. નુતન સર્જન તથા વીનાશ જેવું કશું જ નથી. દ્રવ્ય જે હતું, છે; તે જ રહેશે. જડ–ચેતન જેવા પણ કોઈ મુળભુત ભેદો નથી. એ બધી લીલા રાસાયણીક

સંયોજનોની જ છે, અર્થાત્ વીવીધ દ્રવ્યોના સંઘાતને પરીણામે જ જડ પદાર્થમાં ચેતન પ્રગટે છે. એમાં કોઈ સર્જક–સ્રષ્ટા હોવો અનીવાર્ય નથી. મતલબ, આ જગતનો કર્તા એવો ઈશ્વર હોવો શક્ય નથી, તેમ આવશ્યક પણ નથી; અર્થાત્ ઈશ્વર છે જ નહીં. જે છે તે કુદરત છે, પ્રકૃતી છે, એ અન્ધ છે. મતલબ કે એનામાં કોઈ વીવેકશક્તી નથી. તે તેના સ્વભાવ મુજબ જ અફર ગતી કરતી રહી છે. વીશ્વમાં આવાં અન્ધ પરીબળોનું જ અહેતુક સર્જન છે.

આવો નીરીશ્વરવાદ એ પણ મહર્ષી ‘ચાર્વાક્’ની મૌલીક શોધ તો નહોતી જ. તેઓની પુર્વે થઈ ગયેલા કપીલ મુની નીરીશ્વરવાદના મુળ પ્રણેતા ગણાય છે. જેઓએ સમ્ભવતઃ યદચ્છાવાદથી પ્રભાવીત થઈને સાંખ્યદર્શનની રચના કરી હોવી જોઈએ. સાંખ્ય મતમાં ઈશ્વરના અનસ્તીત્વનું પ્રતીપાદન કરેલું છે કે ઈશ્વર જેવું કોઈ તત્ત્વ જ

નથી. વીશ્વમાં વીચરણ કરતાં ભીન્ન ભીન્ન તત્ત્વો જ સૃષ્ટીની જ ઉત્પત્તીના કારણરુપ છે. કપીલ મુનીએ આ તત્ત્વોની સંખ્યા દર્શાવી માટે એને ‘સાંખ્યદર્શન’ કહેવામાં આવ્યું એવો પણ એક મત છે. જો કે ‘સાંખ્ય’નો એક અર્થ ‘જ્ઞાન’ એવો થાય છે. ગીતામાં જે ‘સાંખ્ય’ની ચર્ચા છે ‘સમ્યક્ જ્ઞાન’ના અર્થમાં જ છે.

જો કે સાંખ્યદર્શનની સાથે સાથે જ કદાચ એનીય પુર્વેથી આપણા ભારતવર્ષમાં ‘લોકાયતવાદ’ નામક એક મત પણ પ્રચલીત હતો. ‘લોકાયત’ એટલે ‘ઈહલોકમાં જે પ્રવર્તમાન, વીસ્તરેલું છે તે’, અર્થાત્ આ મત મુજબ ઈહલોક એટલે કે આ સંસારથી પર એવું અન્ય કોઈ વીશ્વ કે તત્ત્વ નથી. પરીણામે ઈશ્વર પણ નથી જ. આ લોકાયતવાદના મુળ પ્રણેતા બૃહસ્પતી નામના ઋષી હોવાનું કહેવાય છે. બૃહસ્પતી વૈદીક ઋષીઓમાંના એક છે, જે

અંગીરસ ઋષીના પુત્ર હતા અને મહાવીદ્વાન હતા, એથી દેવોના પણ આચાર્ય ગણાયા. એથી જ કદાચ ગુરુના ગ્રહને તેઓની સ્મૃતીમાં બૃહસ્પતી એવું નામ આપવામાં આવ્યું. મીથ્યા કર્મકાંડના કર્દમમાં ખુંપી ગયેલા ભારતીય આર્યોને, બૃહસ્પતીએ નાસ્તીકતાનો ઉપદેશ આપ્યો અને નીરીશ્વરવાદનો પ્રચાર કર્યો. એક માન્યતા મુજબ ચાર્વાક્ ઋષી બૃહસ્પતીના જ શીષ્ય હતા. એ ગમે તે હોય, ઉભય ઋષીઓ આત્માના અર્થાત્ ચૈતન્યના અલગ અસ્તીત્વને કે ઈશ્વરને સ્વીકારતા નથી એ હકીકત છે અને બૃહસ્પતી ચાર્વાકની પુર્વે થયા એથી તેને શીષ્ય અવશ્ય કહી શકાય. એક મત એવો પણ છે કે બૃહસ્પતી જ્યારે અનુમાન પ્રમાણથી ઈશ્વરનું અસ્તીત્વ સીદ્ધ કરવાનું શીખવતા : જેમ કે પ્રત્યેક વસ્તુનો કોઈ સર્જક હોય જ છે; તો પછી આ વીશ્વના સ્રષ્ટા તરીકે ઈશ્વરનું અનુમાન કરી શકાય.

ત્યારે ચાર્વાકે આવા ગુરુ–ઉપદેશનો વીરોધ કરતાં દલીલ કરી કે, રાત્રે ધુળમાં કોઈએ વાઘનાં પગલાં ચીતર્યાં હોય એને આધારે એવું અનુમાન કરવું કે અહીં રાત્રે વાઘ આવ્યો જ હોવો જોઈએ, તો એ અસત્ય ઠરે છે. એ જ પ્રમાણે ઈશ્વર, સ્વર્ગ, નરક, આત્મા, પુનર્જન્મ આદી માન્યતાઓને અનુમાનને આધારે સીદ્ધ સત્ય ગણી શકાય નહીં. તેના મતે પ્રત્યક્ષ પ્રમાણ એ જ સત્ય પ્રમાણ ગણાય. કહે છે કે ગુરુ બૃહસ્પતી શીષ્યની આવી સુક્ષ્મ તર્કપ્રતીભાથી ખુબ જ પ્રભાવીત થયા હતા.

જો કે આ બધી કેવળ માન્યતાઓ યા તો કીંવદંતીઓ જ છે. ખરેખર તો 'ચાર્વાક્' મુનીનાં જન્મ કે જીવન વીશે કોઈ આધારભુત માહીતી મળતી નથી. તેમ તેઓના દર્શનનો મુળ ગ્રન્થ પણ ઉપલબ્ધ નથી. માત્ર તેઓના દર્શનનું ખંડન કરતા ગ્રન્થોને આધારે જ, એટલે કે એમાંનાં કેટલાંક

વીધાનો ઉપરથી જ આપણને ચાર્વાક્ મતનો થોડોઘણો પરીચય પ્રાપ્ત થયો છે. ચાર્વાકનો જન્મ યુધીષ્ઠીર સંવત 661માં થયો હોવાનો પણ ઉલ્લેખ છે. પરન્તુ યુધીષ્ઠીર સંવતની ગણના શંકાસ્પદ હોઈ, કદાચ એટલું જ કહી શકાય કે ચાર્વાક્ ઋષી તથાગત્ બુદ્ધની પુર્વે થઈ ગયા એ ચોક્કસ અને બુદ્ધ પણ નીરીશ્વરવાદી જ હતા એય અત્રે નોંધવું ઘટે. કીંવદંતીઓ મુજબ તો ‘ચાર્વાક્’ની માતાનું નામ સ્રગ્વીણી અને પીતાનું નામ ઈન્દુકાન્ત હતું. તેઓનો જન્મ અવંતી દેશમાં શંખોદ્ધાર નગરમાં થયો વગેરે... આ બધી હકીકતોનું કોઈ ઐતીહાસીક પ્રમાણ નથી અને એની કશી જરુર પણ નથી. આપણે કેવળ ‘ચાર્વાક્’–દર્શન જ જોઈએ :

તો ખુબ જ મહત્વની, આજેય અનુકરણીય એવી તેઓની વાત તો એ કે :

♦અગ્નીહોત્ર કરવા, ભસ્મલેપન, ત્રીદંડ તથા

માળાઓ ધારણ કરવી – એ ધર્મ નથી; પરન્તુ ધર્મને નામે બુદ્ધી તથા પૌરુષ વીનાના માણસોએ શોધી કાઢેલું આજીવીકા રળી ખાવાનું ધતીંગ માત્ર છે.

(આજે પણ આપણે ભગવાધારી ત્રીપુંડ–માલામંડીત બાવાસાધુઓથી આકર્ષાઈને મીથ્યા કર્મકાંડને જ ધર્મ માની પ્રભાવીત થઈએ છીએ ત્યારે ચાર્વાકનું ઉપર્યુક્ત દર્શન યથાર્થ સમજવા જેવું છે. આ નાનામોટા સાધુગુરુઓએ તો પોતાનો રોટલો રળી ખાવા ખાતર જ આવો નાટકીય વેશ ધારણ કર્યો હોય છે. ટુંકમાં, ગુરુ બનવું ને અધ્યાત્મનો ઉપદેશ આપવો, ધ્યાનસાધનાની શીબીરો યોજવી, પ્રવચનો કરવાં, કથાપારાયણો ચલાવવાં, યજ્ઞયાગાદીના સમારોહ પ્રયોજવા, સ્વાધ્યાય–સત્સંગની સભાઓ ભરવી – આ બધું તો અમુક માણસોના કેવળ આજીવીકા રળવાના વ્યવસાયનાં

જ વીવીધ પાસાં છે. આ ધર્મ નથી, તેમ તેનાથી તમારો ઉદ્ધાર પણ થઈ જવાનો નથી.)

યજ્ઞયાગાદી ક્રીયાઓના મીથ્યા કર્મકાંડ ઉપર કટાક્ષપ્રહાર કરતાં ચાર્વાક્ લખે છે :

♦યજ્ઞમાં પશુની હત્યા કરીને જો એને અગ્નીમાં હોમવાથી એ સ્વર્ગે જ જતું હોય, તો યજ્ઞનો યોજક યજમાન, શા માટે પોતાના પીતાને જ યજ્ઞની વેદીમાં હોમીને સીધા સ્વર્ગમાં મોકલી દેતો નથી?

(ચાર્વાક્ તથા બુદ્ધના કાળ દરમીયાન બ્રાહ્મણો દ્વારા યજ્ઞાદી ક્રીયાઓનાં ધતીંગ ખુબ ફુલ્યાંફાલ્યાં હતાં અને એ નીમીત્તે ભયંકર હીંસાચાર ચાલતો, પશુઓથી માંડીને નરમેધ સુધીના યજ્ઞો થતા અને હીંસા ઉપરાન્ત વીવીધ અશ્લીલ વીધીઓ પણ એમાં કરવામાં આવતી. દા.ત., અશ્વમેધમાં અશ્વ દ્વારા યજમાનપત્ની સાથે

સમ્ભોગ કરાવવો ઈત્યાદી.. ચાર્વાક્ના મત મુજબ આ કેવળ મીથ્યાચાર છે અને એની વાત સાચી જ છે; કારણ કે ભારતવર્ષમાં આજેય યજ્ઞો થાય છે – અનેક અને વીવીધ પ્રકારના. છતાં જ્યાં યજ્ઞો મુદ્દલે નથી થતા એવા પશ્ચીમી દેશોની અપેક્ષાએ આપણે અતીદરીદ્ર, અભાવગ્રસ્ત તથા દુ:ખગ્રસ્ત પ્રજા જ છીએ. બેએક વર્ષ પુર્વે અશ્વમેધ યજ્ઞો થયા અને ત્યારે એવી હૈયાધારણા અપાઈ હતી કે એથી ભરપુર વર્ષા થશે અને સમ્બન્ધીત પ્રદેશ ધનધાન્યથી છલકાઈ ઉઠશે. પરન્તુ આજે તો ગુજરાતમાં તથા જે નગરમાં આવા યજ્ઞો થયા એવા ખુદ રાજકોટમાં તો પીવાના પાણીનાંય ફાંફાં છે. હા, અશ્વમેધ યોજનારા મબલક નાણાં કમાઈ ગયા ખરા, એ ફલશ્રુતી સાચી!)

હવે અન્તમાં, ‘ચાર્વાક્’–દર્શનના કેટલાક શ્લોકોનું સીધું મુક્ત ભાષાતર જ ટાંકી વીરમું :

♦જો શ્રાદ્ધ કરવાથી મૃતાત્માને અન્નાદી પહોંચતું હોય તો પ્રવાસે જનાર વાટભાથું શા માટે સાથે બાંધી જાય છે? એનાં સ્વજનો ઘરબેઠાં જ તર્પણ કરે તો એને તે કેમ ન પહોંચી જાય? માટે શ્રાદ્ધ, તર્પણાદી ક્રીયાકાંડો એ તો બ્રાહ્મણોએ પોતાની જ આજીવીકા પડાવી ખાવા માટે શોધી કાઢેલી ધુર્ત યોજના માત્ર છે. અશ્વનો યજમાનપત્ની સાથે સમાગમ જેવા અશ્લીલ વીધીઓ પ્રચલીત કરનારા તથા એ નીમીત્તે માંસભક્ષણ કરનારા માણસો ઋષીમુનીઓ નહીં; પરન્તુ ભાંડ, ધુર્ત કે નીશાચરો જ હોવા જોઈએ, જેઓ અગડંબગડં વીદ્યાઓની ગપ્પાંબાજી ચલાવીને લોકને લુંટતા રહ્યા છે.

ચાર્વાક્ કહે છે કે :

♦દુઃખના ભયથી સુખનો ત્યાગ ન કરો! સુખી

થવું અને અન્યને સુખી કરવા એ જ પુણ્યકર્મ છે વગેરે..

(ગુજરાતમાં જ ‘ચાર્વાક્’–દર્શનનો એક આશ્રમ ચાલે છે, જેનો સમ્પર્ક જીજ્ઞાસુઓ સાધી શકે : ‘સનાતન સેવાશ્રમ’, મુ. પો. હારીજ, જીલ્લો : પાટણ)

(((●)))

## 11

# રૅશનાલીઝમ, વૃત્તીઓ અને સદ્‌ગુણો

અનુક્રમણીકા

નૈતીક મુલ્યો યા માનવીય સદ્‌ગુણોના ક્ષેત્રે ધર્મે એવો તો ઈજારો ઠોકી બેસાડ્યો છે કે, જીવન પરત્વેના તર્કપુત તથા વીવેકપુત અભીગમનો ભાવાત્મક અર્થ તથા લક્ષ્યાર્થ સમજવા–સમજાવવાનું અત્યન્ત મુશ્કેલ બની રહ્યું છે. નીતીમુલ્યોને ધર્મે જાણે કે એવાં પચાવી પાડ્યાં છે કે, નીતી માનવસુખની વીરોધી બની ગઈ છે અથવા તો માનવીની ઉચ્ચતમ નૈતીક ભાવનાઓ નીરપેક્ષ બની રહેવાને બદલે, જાણે કે ધર્માજ્ઞાઓના પરીણામ રુપે પ્રવર્તે છે. જેથી એ સદ્‌ગુણો કે એવી નીતીમત્તા અપાર્થીવ લક્ષણો ગણાઈ ગયાં છે અને તેને મનુષ્યની પહોંચની બહારનાં લેખવામાં આવે છે.

દા.ત., કોઈ ઉચ્ચાવસ્થાની અનુભુતી એટલે કશાક અલૌકીક તત્ત્વનું ધ્યાન કરવાથી પ્રાપ્ત થતી માનસીક અવસ્થા; ભક્તી એટલે માનવીથી ઉચ્ચતર એવા કોઈ અગોચર તત્ત્વ પરત્વેની વફાદારી તથા સમર્પણ ભાવનો લાગણીમય અનુભવ; સમાદર એટલે કોઈ પરમ તત્ત્વ સમક્ષ ઘુંટણીયે પડીને અનુભવાતી પવીત્ર લાગણી અને ‘પવીત્ર’ એટલે પણ આ પાર્થીવ મનુષ્ય દ્વારા અસ્પૃષ્ટ અને અસ્પૃશ્ય એવી, તેના પ્રતી કશાય સમ્બન્ધ વીનાની કોઈ શુદ્ધતર અવસ્થા.

પરન્તુ એથી એ સત્યનો અસ્વીકાર થાય છે કે, માનવચીત્તની આ બધી વાસ્તવીક ભાવનાઓ છે; જે મનુષ્યને માટે ઉન્ન્તીપ્રેરક તથા ઉદાત્ત છે. એને માટે ધાર્મીક આદેશો ફરમાવે છે એ રીતે, આત્મતીરસ્કારની યા હીણપદની લાગણી અનુભવવાની કશી જરુર જ નથી અથવા તો કોઈ

અલૌકીક, પરમ તત્ત્વના અસ્તીત્વના સવીકારની પણ આવશ્યકતા નથી.

–આઈન રેન્ડ (ધ ફાઉન્ટનહેડ)

માનવમુલ્યોનો સમાદર કરનારી, આ સદીની એક શ્રેષ્ઠ માનવતાવાદી, રૅશનાલીસ્ટ લેખીકા આઈન રેન્ડનું લાંબુ વીધાન જો સમજવું મુશ્કેલ લાગે તો એક જ વાક્યમાં એ સ્પષ્ટ કરી દઉં કે, આત્મગૌરવ, ભક્તી, સમાદર યા પવીત્રતા જેવા માનવીય સદ્‌ગુણો કેળવવા માટે ઈશ્વરમાં માનવાની યા તો ધર્મના આશ્રય લેવાની કશી જ અનીવાર્યતા નથી. અર્થાત્ આ બધી ઉચ્ચ વીભાવનાઓની માનવસમાજમાં નીરપેક્ષ પ્રતીષ્ઠા કરવી એ જ વધુ લાભદાયક કર્તવ્ય છે. દા.ત., એક વ્યક્તી આસ્તીક કે પ્રભુભક્ત થયા વીના જ. નમ્ર હોઈ શકે, પ્રામાણીક બની શકે ઈત્યાદી.

અમદાવાદથી એક વાચકમીત્રનો પત્ર છે કે, ‘શું રૅશનાલીસ્ટ પુરુષ ઈર્ષ્યા, દ્વેષ, અહમ્ જેવા દુર્ગુણો ધરાવતો હોઈ શકે?’ પુરો પત્ર વાંચતાં કંઈક એવી પ્રતીતી થાય છે કે, આ પ્રશ્નકર્તા મીત્ર કશાક એવા અનુભવે વ્યથીત છે. એના જવાબમાં મારે સર્વપ્રથમ તો એ જણાવવાનું કે, ઈર્ષ્યા, દ્વેષ જેવી વૃત્તીઓને પણ માનવસહજ લાગણી માની સ્વીકારી લો! આ પણ એક રૅશનલ અભીગમ છે– તો તમારી વ્યથા દુર થઈ જશે. દા.ત., બાળક સમ્પુર્ણ સ્વાર્થી પ્રાણી છે. પોતાની કુદરતી વૃત્તીઓને પુરેપુરું આધીન રહીને જ વર્તે છે; જેમ કે એને કંઈક આપો તો એ તમારા પ્રતી આસક્તી, મમતા દાખવે; ઈનકારો તો ક્રોધ કરે, બીજાનું વધું સારું દેખાતાં, ઈર્ષ્યા–સ્પર્ધાનો ભાવ અનુભવે, ભુખ લાગે તો ઝુંટવી લે; એકલું એકલું ખાઈ જાય ને બીજાને ન આપે વગેરે... પરન્તુ એથી વડીલો વ્યથા નથી

અનુભવતા; ઉલટા આનન્દ માણે છે. કારણ કે આપણે સ્વીકારીને જ ચાલીએ છીએ કે બાળકની આવી બધી લાગણીઓ તેના વીકસીત માનસની જ દ્યોતક છે. તો મીત્ર, સમજી લો કે, આ માનવસમાજમાં કેટલાંક ઉમ્મરલાયક બાળકો પણ વીચારતાં હોય છે.

બીજી એક વાતની સ્પષ્ટતા પણ અત્રે જરુરી છે કે, નાસ્તીક અને રૅશનાલીસ્ટ વચ્ચે ડીગ્રીનો પણ મહત્વનો ભેદ છે. અર્થાત્ રૅશનાલીસ્ટ અચુક નાસ્તીક હોય; પરન્તુ નાસ્તીક માણસ રૅશનાલીસ્ટ હોય, યા ન પણ હોય. મતલબ કે નાસ્તીકતા એ રૅશનાલીઝમનો એક અંશ માત્ર છે. બીજા શબ્દોમાં સમજાવું તો, રૅશનાલીઝમ નાસ્તીકતાથી એક પગથીયું ઉંચી, દશાંગુલ ઉર્ધ્વ અવસ્થા છે. અર્થાત્ કોઈ મનુષ્યની પરમ તત્ત્વ, દૈવી શક્તીમાંથી શ્રદ્ધા ઉઠી જાય; છતાં ઈતર માનવીય કે પ્રાણીસહજ

વૃત્તીઓ તે ત્યાગી ન શકે ત્યારે એ નાસ્તીક કહેવાય; પરન્તુ રૅશનાલીસ્ટ નહીં. ધર્મગ્રન્થોમાં સ્થીતપ્રજ્ઞનાં જે લક્ષણો આપવામાં આવ્યાં છે એ પુણ્ય કમાવા માટેની તપશ્ચર્યા નથી; બલકે એમાંનાં અમુક ઉચ્ચતમ માનવીય સદ્‌ગુણો છેઃ જે બહેતર, સુખી–શાંત સમાજની સ્થાપના અર્થે નાગરીકે કેળવવા જરુરી બની રહે છે. દા.ત., 'ન દૃષ્ટી, ન કાંક્ષતી' – સ્થીતપ્રજ્ઞ માણસ કશાની ઝંખના–લાલસા પણ નથી રાખતો. આ કેવી મહાન, સુખદ માનસીક અવસ્થા છે! જો તમામ નાગરીકો આવો ગુણ કેળવે તો સમાજ કેવો નીરુપદ્રવી, શાંતપ્રશાંત, નીશ્ચીંત તથા તુચ્છતાથી પર બની રહે! આવા મુલ્યવાન સદ્‌ગુણોને ધર્મના ક્ષેત્રનો ઈજારો બનાવી રાખવાથી, તેના પ્રત્યે સામાન્ય માનવીના ચીત્તમાં એક પ્રકારની અપ્રાપ્યતાની લાગણી જન્મે છે. એને બદલે રૅશનાલીઝમ એમ ભારપુર્વક પ્રતીપાદન કરે

છે કે, આ તો માનવ સંસ્કારનું ક્ષેત્ર છે અને એ શક્ય છે, પ્રાપ્ય છે, એટલું જ નહીં, પુર્ણ સુખી સમાજની સ્થાપના માટે તે અનીવાર્ય પણ છે. જો કે સ્થીતપ્રજ્ઞનાં બધાં લક્ષણો સ્વીકાર્ય ન ગણાય, કારણ કે અમુક ગુણલક્ષણ સેવનાર માનવી પછી જડ – પથ્થરવત્ બની રહે.

હવે કુદરતી એટલે કે પ્રકૃતીદત્ત વૃત્તીઓના પણ બે પ્રકાર યથાર્થ સમજી લેવા ઘટે : એક છે તે જીવન ટકાવવા માટેની અનીવાર્ય ઈચ્છાઓ અને બીજો પ્રકાર તે પ્રાણીસહજ, માનવસહજ નીર્બળતાઓ. અત્રે પ્રાણીસહજ અને માનવસહજ વચ્ચેનો સુક્ષ્મ ભેદ પણ સ્પષ્ટ કરી લઈએ : મનુષ્ય પણ એક પ્રાણી જ છે; છતાં મુખ્ય મહત્ત્વનો ભેદ એ છે કે, માનવીનું માનસીક જગત ખુબ જ સુવીકસીત છે, પરીણામે પ્રાણી–અવસ્થામાં જે વૃત્તીઓ એનામાં સુક્ષ્મ તથા અલ્પ પ્રમાણમાં રહેલી

હતી તે પણ ઉત્ક્રાંતીની સાથે ઘણી વધુ વીકાસ પામી; જેના લાભાલાભ પણ પ્રકટ થયા. દા.ત., દયા જેવી વૃત્તીનો વીકાસ થતાં, માનવ પરહીતચીન્તક તથા હમદર્દ બન્યો; તો બીજી બાજુ, ક્રોધ જેવી લાગણી વીકસતાં મનુષ્ય ઘણો વધુ ક્રુર તથા પરપીડનવૃત્તીવાળો પણ બની રહ્યો વગેરે. હવે સમાજ માટે કઈ વૃત્તીઓ હીતકારી છે અને કઈ હાનીકર્તા છે એ યથાર્થ પ્રમાણવા માટે વીચારશક્તી, તર્કશક્તી, વીવેકશક્તી આવશ્યક છે. કેટલાક અગ્રણીઓ જ એ નક્કી કરે અને પછી કેવળ પાપ–પુણ્યના પાયા ઉપર એનો ઉપદેશ આપે ત્યારે એ ધર્મ બને; જ્યારે એના ગુણધર્મ સમ્પુર્ણ પ્રમાણી, એનું નીરપેક્ષ મુલ્ય પુરસ્કારે તે રૅશનાલીઝમ કહેવાય. આમ રૅશનાલીઝમ અને ધર્મનું કાર્ય સમાજના સન્દર્ભે, ઐહીક સુખશાંતીની દૃષ્ટીએ તો એક જ છે; ફરક માત્ર પારલૌકીકતાનો રહે છે.

રૅશનાલીઝમ આ લોકથી પર એવા ઈતર લોકમાં માનતો નથી કે એની તથા આવતા જન્મની ફીકર કરતો નથી. જોકે, કેટલાક ધર્મો પણ ઐહીકતાવાદી છે જ.

બીજો ઘણો વધુ મહત્ત્વનો ભેદ તે એ કે, ધર્મ ચુસ્ત ઉપદેશરુપે પ્રચારવામાં આવતો હોવાથી એમાં પરીવર્તનશીલતાનો સમ્પુર્ણ ઈનકાર પ્રવર્તે છે. હવે કોઈ પણ મનુષ્યનું દર્શન સર્વાંગસમ્પુર્ણ તો સમ્ભવે જ નહીં; એથી સ્થાપકની મર્યાદાઓ તથા ઉણી દૃષ્ટીને કારણે અથવા તો તત્કાલીનતાને પરીણામે કેટલાંક અનીષ્ટો પણ ધર્મમાં પ્રવેશી ગયા હોય છે; જેને બદલી નાંખવામાં યા દુર કરી દેવામાં તે નથી માનતો. જ્યારે રૅશનાલીઝમ સામાજીક, ઐહીક લાભાલાભને જ સ્વીકારતો હોઈ કોઈ પણ કર્મ

યા માન્યતાની કાલસાપેક્ષતા શોધતો જ રહે છે અને તદનુસાર પરીવર્તનોને આવકારે છે. જો કે ધર્મક્ષેત્રે પણ સુધારકો પાકે જ છે.

હવે પ્રકૃતીદત્ત–નૈસર્ગીક વૃત્તીઓના બે પ્રકારભેદની વાત કરીએ : એ છે, (1) જીવન ટકાવવા–સંવર્ધવા માટેની અનીવાર્ય વૃત્તીઓ અને (2) આનુષંગીક યા પેટાવૃત્તીઓ; જે હમ્મેશાં જીવન ટકાવવાની દૃષ્ટીએ અનીવાર્ય નથી, બલકે ક્વચીત્ તો જીવન માટે હાનીકારક બની રહે છે. અલબત્ત, આવી કેટલીક અનુચીત વૃત્તીઓનાં મુળ તો મુળભુત રીતે પેલી જીવન ટકાવવાની ઈચ્છામાં જ પડેલાં જોવા મળશે. દા.ત., ક્રોધ એ ભય તથા રક્ષણની વૃત્તીની જ એક શાખા છે.

જીવન ટકાવવા–સંવર્ધવાની મુળભુત વૃત્તીઓ તે આહાર, મૈથુન અને ભય. આ ત્રણ વૃત્તીઓનો સ્વીકાર ધર્મ તથા રેશનાલીઝમ ઉભયે

કરવો જ રહ્યો; કારણ કે એના વીના આ પૃથ્વીપટે જીવન શક્ય જ બને નહીં. જ્યારે ઈતર આનુષંગીક કે પેટાવૃત્તીઓ તે ચોક્કસ પ્રકારના માનસીક વીકારો છે; જેવા કે ક્રોધ, લોભ, મોહ, ઈર્ષ્યા, દ્વેષ, દયા, ઉદારતા વગેરે; જેના બે પેટા વીભાગ પાડીએ તો સારી અને ખરાબ વૃત્તીઓ સ્પષ્ટ જ છે કે ક્રોધ, ઈર્ષ્યાદી હાનીકર્તા છે; જ્યારે દયા, માયા, ઉદારતા, સહાનુભુતી જેવી લાગણીઓ સમાજ માટે હીતકારી છે. (નીદ્રા–ઉંઘનો ઉલ્લેખ એક નૈસર્ગીક વૃત્તી તરીકે મેં અત્રે એટલા માટે ટાળ્યો છે કે, સામાજીક, સામુહીક, જીવન વ્યવસ્થામાં એનું પ્રવર્તન ખાસ પરીણામકારી નથી.)

આહાર તથા મૈથુનની આવશ્યક્તા યા તો સન્તોષ પરત્વે ધર્મ અને રૅશનાલીઝમનો અભીગમ

ભીન્ન છે; છતાં ધર્મ એક હકીકત તો સ્વીકારે જ છે કે, આ અનીવાર્ય એવી કુદરતી વૃત્તીઓનું રૅશનલાઈઝેશન તો થવું જ જોઈએ અર્થાત્ માનવસમાજમાં એનું અનીયન્ત્રીત પ્રવર્તન તો અંધાધુંધી જ સર્જે, માટે એ તો માન્ય રખાય જ નહીં. વળી માનવી સુરુચી ધરાવતું પ્રાણી છે; એથી પણ તે અમુક મર્યાદાઓ સ્વયમેવ સ્વીકારે છે. આમ છતાં; આવી વૃત્તીઓનો સામાન્ય રીતે ભોગ બની જનાર પ્રત્યે ધર્મ અને રૅશનાલીઝમનું વલણ અલગ અલગ રહે છે. ધર્મ એવી વ્યક્તીને તીરસ્કારશે, ક્યાંક તો ક્રુર, અતીક્રુર સજા ફટકારશે; જ્યારે રૅશનાલીઝમ–વીવેકબુદ્ધીવાદ તેને સહાનુભુતીથી સમજવાનો પ્રયત્ન કરશે. જો કે – ઓશો રજનીશ જેવા ગુરુઓનો પંથ આજે મહદંશે ધાર્મીક કક્ષાનો જ બની રહ્યો હોવા છતાંય; એ આહાર તથા મૈથુન બાબતે નીયન્ત્રણવાદી નહીં; પરન્તુ સ્વીકારવાદી

હોઈ રૅશનલ અભીગમને મળતો આવે છે. આવા બીજા પણ કેટલાક પંથો હતા અને છે જ. આ મુદ્દો ઘણી લાંબી ચર્ચા માંગી લેતો હોઈ અત્રે સ્થળસંકોચવશ મુલત્વી જ રાખીએ.

અન્યની પાસેનો પદાર્થ પોતે પ્રાપ્ત કરી લેવા માટે આક્રમણ કરવું – એ પ્રાણીસહજ ઈચ્છાવૃત્તી છે; પરન્તુ માનવસમાજમાં આવી ઝુંટાઝુંટ, સંસ્કૃતી તથા સંસ્કાર મુજબ પ્રતીબંધીત છે. આથી અભાવવાળો માણસ જ્યારે આક્રમણ કરી શકતો નથી અને પોતાની નીર્બળતાવશ અન્ય માર્ગ પણ તે ઈચ્છીત પ્રાપ્ત કરી શકતો નથી; ત્યારે તે ઈર્ષ્યા–દ્વેષ કરે છે. અને નીન્દાદી કરીને સન્તોષ લેવા મથે છે.

આમ ઈર્ષ્યા એ કામ–ક્રોધનું વર્ણસંકર સંતાન છે; જે બીલકુલ બીનજરુરી એવું નપુંસક તથા આત્મનાશક છે. શેક્સપીયરે એક સ્થળે ઈર્ષ્યાની ભયાનકતાનું બહુ સરસ વર્ણન કર્યું છે. તે લખે છે :

ઈર્ષ્યા એક એવું લીલી આંખવાળું રાક્ષસી પ્રાણી છે કે તે પોતે જે માંસ ખાઈને પોષણ મેળવે છે; એ જ માંસને સતત ઠોલ્યા કરે છે. ટુંકમાં ઈર્ષ્યાથી કોઈ પણ પક્ષને કશો લાભ નથી, બલકે બેઉ પક્ષે કેવળ હાની છે, જો સતેજ વીવેકબુદ્ધી વડે આટલી હકીકત યથાર્થ સમજી લઈએ તો આવી તુચ્છ નીર્બળતાઓથી સહેજે મુક્ત થઈ શકીએ અર્થાત્ રૅશનાલીઝમમાં ઈર્ષ્યાદીને સ્થાન જ નથી. ધાર્મીક ઉપદેશ, આત્મશુદ્ધીના લાભાલાભ કે પાપ–પુણ્યના બદલાના વીકલ્પે, જો રૅશનાલીસ્ટ અભીગમથી આ સ્થીતીનો લાભ પામીએ તો એ સહજ–સાધ્ય બની રહે. ટુંકમાં, પાકો, સાચો રૅશનાલીસ્ટ ઈર્ષ્યા, દ્વેષ, અહંકાર, કૃપણતા જેવા કેવળ હાનીકારક વીકારોથી બહુધા મુક્ત હોય, હોવો જ જોઈએ.

(((•)))

12

# અન્તીમ ભ્રમણ : કાળની વીકરાળ લીલા

અનુક્રમણીકા

વીદાય! આજથી આ ‘રમણભ્રમણ’ આખરી વીદાય લે છે. તબીયત બેહદ કથળી ગઈ છે : હલનચલન બીલકુલ બન્ધ! એક પડખું બદલતાંય મરણતોલ શ્વાસ ચઢી જાય છે. જીવવું, દુષ્કર છે, ત્યાં વળી લખવું? (વય : 92) ખેર! મારાં દુઃખ રડવાને બદલે ચાલો દોસ્તો, થોડાં સુખદ સંસ્મરણો વાગોળી લઈએ.

આજથી પુરાં આડત્રીસ વર્ષ અને ચારેક મહીના પુર્વે–1975ના ડીસેમ્બરમાં યા ‘76ના જાન્યુઆરીમાં એક લેખ લખી મોકલતાં જણાવ્યું કે, ‘હું તો આવું કંઈક લખું, જો આપ ને માન્ય હોય તો!’ ‘ગુજરાતમીત્ર’ની મુળ માગ તો હાસ્યની કટારની હતી; કારણ કે ત્યારે હું મુમ્બઈના

‘જન્મભુમી’ દૈનીકમાં એવી હાસ્યની કોલમ ‘કટાક્ષીકા’ લખતો. પરન્તુ મારું મન તો રૅશનાલીઝમના ઉછાળા મારી રહ્યું હતું, મને ઢંઢોળતું કે, ‘આ તો એક દુર્લભ તક મળી છે, રખે ને એ ચુકતો! હકીકત એવી હતી કે, સમાજમાં ધર્મઘેલછાઓ, અન્ધશ્રદ્ધાઓ, વહેમો, રુઢીઓ તથા કર્મકાંડો, ભેદભાવ અને શોષણનાં ઘોડાપુર ઉછળતાં હતાં, ત્યારે મારીય કશીક કામગીરી બની રહેતી હતી. મને થતું કે, જો માણસ રૅશનાલીસ્ટ બની રહે તો, આ તમામ અનીષ્ટો, પીડાઓ, યાતનાઓ, શોષણખોરી ક્ષણ માત્રમાં દુર થઈ જાય અને જેવી મુક્તી અને શાન્તી મારા જેવા વીચારના બધા રૅશનાલીસ્ટો માણતા હતા, તેવી મુક્તી અને શાન્તીથી આખો સમાજ જીવી શકે. પરન્તુ મારા એ વીચારો પ્રચારવાનો કોઈ માર્ગ મને સુઝતો નહીં – મળતો નહીં.

ત્યાં ‘ગુજરાતમીત્ર’ને જાણે ટેલીપથી થઈ ને એ વહારે ધાયું : એણે આમન્ત્રણ મોકલ્યું કે, ‘અમારા દૈનીકપત્રમાં એક કટાર લખો!’ ધન્ય! ધન્ય!! એનો નામકરણ વીધી પ્રેમથી કરનારા મીત્રો ત્યારે હાજર હતા : સર્વશ્રી ચન્દ્રકાન્ત પુરોહીત, ભગવતીકુમાર શર્મા, જયન્ત પાઠક અને તન્ત્રીશ્રી પ્રવીણકાન્ત રેશમવાળા તો ખરા જ : નામ પડ્યું ‘રમણભ્રમણ’. પરન્તુ પાયાનો પ્રશ્ન તો હજી આડો ઉભો જ હતો : એ સુત્રધારો ‘હાસ્ય’ માંગતા હતા અને મારે તો ‘રુદન’ રજુ કરવું હતું! વળી, એમ ચાર–છ માસ નીકળી ગયા. ત્યાં મેં એક લેખ લખ્યો ને પુરોહીતજીને પાઠવતાં જણાવ્યું કે, ‘હું તો આવું કંઈક લખું, જો આપ ને માન્ય હોય તો! અને એ મંજુર’ એમ 1975ના ડીસેમ્બરમાં કે પછીના જાન્યુઆરીમાં આ ‘રમણભ્રમણ’નો જન્મ થયો, જે પછી તો ચાલ્યું, માત્ર ચાલ્યું જ નહીં; ખીલ્યું,

‘બેફામ’ વીકસ્યું (વકર્યું)! ધીમે ધીમે એક ‘રૅશનલ કટાર’ તરીકે એ પ્રતીષ્ઠીત બન્યું, લોકપ્રીય થયું, લોક–અપ્રીય પણ એટલું જ થયું. અત્રેથી રજુ થતી વાતો લોકો માટે કંઈક નવી જ હતી, અસાધારણ હતી...

આમ તો ગુજરાતમાં સુધારાવાદ કાંઈ નવો ન હતો, છેક નર્મદના યુગથી (19મી સદીના ઉત્તરાર્ધથી), અરે! ખરેખર તો એથીય થોડો વહેલો ‘સુધારો’ ગુજરાતમાં પ્રવેશી ચુક્યો હતો. પરન્તુ એ બધા સામાજીક સવાલો હતા. વીધવા–વીવાહ, બાળલગ્ન, સતી થવાનો રીવાજ અને એવા અન્ય અનેક કુરીવાજો. જ્યારે મેં તો મુળમાં જ ઘા ઝીંકવા માંડ્યા : મતલબ કે બધાં જ અનીષ્ટોનાં મુળમાં છે, ધર્મ અને ઈશ્વર, ધર્મ ઘણા પ્રાચીન કાળમાં સ્થપાયેલ હોઈ, એમાં અપરમ્પાર અનીષ્ટો ઘુસી ગયેલાં અને વળી એની પકડ તો એવી ભયંકર

નાગચુડ હતી કે, પ્રજા બાપડી રીબાતી હતી, તરફડતી હતી. વીચાર તો કરો : દસ–બાર વર્ષની બાલીકાવધુ વીધવા બને અને એને પછી એનું માથું બોડી, બાપડી લાચાર બાળાને જબરજસ્તીથી જીવતી સળગાવી મારવામાં આવે! ખ્રીસ્તી સમાજમાં એ જ રીતે, યુવતીઓને ડાકણ ઠરાવીને યા વીજ્ઞાન કે સુધારાની વાત કરનારને ‘સેતાન’ લેખાવીને જીવતાં જ જલાવી મારવામાં આવતાં! મીત્રો, ધર્મ એટલે શું? એનો જરાક તો વીચાર કરો! કારણ કે આજેય પરીસ્થીતીમાં ઝાઝો સુધારો તો નથી જ દેખાતો અને ‘ઈશ્વર’ તો કદી પ્રગટ્યો જ નહીં!

પછી તો ‘રમણભ્રમણ’નો મધ્યાહ્ન યુગ આવ્યો : ભારે હીમ્મતથી અને કવચીત્ જાનના જોખમેય મેં અતીબંડખોર, ક્રાન્તીકારી લેખો ફટકારવા માંડ્યા. એકવાર તો એક સાધુવેશધારી છતાં ક્રોધી, સ્વામીજી લાઠી લઈને મને મારવા

દોડેલા! ચોમેરથી ધાર્મીકો ‘ગુજરાતમીત્ર’ને પડકારતા : ‘રમણભ્રમણ’ બન્ધ કરો!’ પણ મબલખ ધન્યવાદ ઘટે છે ‘ગુજરાતમીત્ર’ને કે તે અડગ જ રહ્યું! અને હુંય બેફીકર ને બીનધાસ્ત. પછી તો જામ્યું! જો કે એ સમાજને એની આબોહવા આજની અપેક્ષાએ ઘણી જ સાનુકુળ (પ્રગતીશીલ) હતી, મતલબ કે લોકોની સહીષ્ણુતા ઘણી વધારે હતી. આજે કટ્ટરતા વધી છે અને એથી ‘રમણભ્રમણ’ જરા ફીકું પડ્યું છે. એનુંય મને મનદુઃખ છે. એક દાખલો યાદગાર તથા નોંધપાત્ર છે. મેં એક લેખ લખ્યો. ‘મન્દીર નહીં; સંડાસ બાંધો’ જે પ્રગટ થતાં જ ધાર્મીકો ઉશ્કેરાયા.. પણ પછી તો એક અદ્ભુત ચમત્કાર બન્યો : કથાકાર મોરારીબાપુને લેખની આ વાત ખુબ ગમી ગઈ. તેઓએ મને બોલાવીને કહ્યું, ‘તમારો અનુરોધ ખુબ મુલ્યવાન છે. હું આ માટે આખી એક કથા જ ગામડામાં સંડાસ

બાંધવાના લાભાર્થે કરવા માંગું છું’ અને ખરેખર જ એવી રામકથા તેઓશ્રીએ બારડોલીમાં જ કરી! હવે આજે તો, સત્તાવાર ધોરણે અનુરોધ થાય છે કે, ‘દેશને દેવસ્થાનોની નહીં; સંડાસ બાંધવાની વધુ અનીવાર્યતા છે.’

આવી તો ઘણી જ ઘણી વાતો, સુખ, દુ:ખની વીશેષત: આનન્દનાં સંસ્મરણોરુપ યાદ આવે છે. પરન્તુ ‘રમણભ્રમણ’ના આ લેખના કદની તથા મારી શારીરીક શક્તીની ભારે મર્યાદા છે, એટલે અટકું. આજના વીદાય પ્રસંગે સર્વપ્રથમ તો હું ‘ગુજરાતમીત્ર’ના તન્ત્રીશ્રીઓનો અન્તરથી આભાર, ખુબ ખુબ આભાર માનું છું. આટલા પ્રલમ્બ સહપ્રવાસ દરમીયાન, તેઓએ કદીય, એક શબ્દમાંય એવું સુચન નથી કર્યું કે, ‘આમ નહીં; આમ લખો. આવું તો ન જ લખો’ એવા જ અડગ અભીગમ શ્રી. ચન્દ્રકાન્ત પુરોહીતનો રહ્યો. તેઓનો

જેટલો આભાર માનું તેટલો ઓછો જ. ઘણીવાર આ કટાર બન્ધ કરવા મેં તો વીચાર્યું; પણ ભાઈ પુરોહીત બે જ શબ્દો કહે, ‘કેમ જીજા?’ અને હું આજ્ઞાધીન બની રહું. એક મજાની વીચીત્ર વાત. અમે વાતવાતમાં જાણે વચનથી બંધાયા કે, ‘આપણા બેમાંથી કોઈ એક હયાત હોય, ત્યાં સુધી ‘રમણભ્રમણ’ પણ હયાત રહેવું જોઈએ!’ હવે કાળની વીકરાળ લીલા તો જુઓ? આજે અમે બન્ને હયાત છીએ; છતાં ‘રમણભ્રમણ’ અવસાન પામે છે!...

ભાઈ શ્રી. ભગવતીકુમાર શર્માનો પણ એટલો જ ઋણી છું. તેઓ વીચારથી અસમ્મત છતાં; ‘રમણભ્રમણ’ તો ચાલુ રહેવું જ જોઈએ, એવો તેઓનો આગ્રહ! ખુબ ખુબ આભાર! એ જ રીતે તન્ત્રી વીભાગના ભુતપુર્વ તથા વર્તમાન સર્વ મીત્રો–મુરબ્બીઓનો હું સર્વભાવે અનહદ આભારી છું. મને

એક ઘટના યાદ આવે છેઃ મુ. બટુકભાઈ દીક્ષીત ખુબ કડક તન્ત્રી (તન્ત્રી વીભાગના મુખ્ય સમ્પાદક) ગણાતા. એક વાર તેઓએ મારા લેખમાં નજીવો સુધારો કર્યો, અલબત્ત તેય ફક્ત શીર્ષકમાં! છતાં મેં વાંધો દર્શાવ્યો, તો તેઓએ મારા આગ્રહ સાથે સમ્મત થતાં, ‘સોરી’ કહ્યું. આવા ખેલદીલ હતા એ બધા મીત્રો! આજેય તન્ત્રીવીભાગના મીત્રો મારા પ્રતી એટલા જ ઉદાર છે. એમાંય ખાસ અને ખુબ ખુબ આભાર માનું શ્રી. નરેન્દ્ર જોશીનો, જેઓ સમ્ભવતઃ ‘રમણભ્રમણ’ની સંભાળમાં છે. અનેકવાર હું લેખ મોકલ્યા પછી ફોનથી સુધારા કે ઉમેરા કરાવું; જે ખુબ ‘આનન્દ’થી તેઓ અચુક કરી આપે. તેઓએ ક્યારેય કંટાળો બતાવ્યો નથી. આવા સ્નેહભર્યા સહકાર બદલ બીજું તો શું કહું – કરું? સુરતના રૅશનાલીસ્ટ બીરાદરોનો અને સ્વૈચ્છીક કુરીયર–સેવા આપતા ધનસુખભાઈ ઢીમ્મરનો તો

આભારેય શું અને કેટલો માનું? અને છેલ્લે, જેઓનો હું સૌથી વધુ ઋણી બનું છું, એ તો છે વાચકો, ‘રમણભ્રમણ’નું વીશાળ અને કદરદાન વાચકવૃંદ : વધાવી લેનાર તથા વીરોધ કરનાર ઉભયનો હું સરખો જ હાર્દીક આભારી છું. કેટલાક મીત્રો તો સામે ચાલીને સ્પષ્ટ શબ્દોમાં કહે છે કે, તમારી કટાર વાંચીને જ અમે રૅશનાલીસ્ટ બન્યા!’ હું ધન્ય ધન્ય અને કૃતકૃત્ય... તો પુનઃ પુનઃ  સૌનો અંતઃકરણપુર્વક આભાર અને ભારોભાર ઉષ્માભરી વીદાય!

## ભરતવાક્ય

Old Order Changed

Yielding Place To New.

(એક અંગ્રેજી કહેવત)

(((•)))

11

# આધુનીક મહર્ષી : પ્રા. રમણભાઈ પાઠક ‘વાચસ્પતી’

–વલ્લભ ઈટાલીયા

અનુક્રમણીકા

વનાંચલના એક નાનકડા ‘ગોઠ’ ગામમાં, ચુસ્ત કર્મકાંડી બ્રાહ્મણ પરીવારમાં રમણભાઈનો જન્મ થયો હતો. ક્રાંતીકારી લેખક અને વીચારપુરુષ શ્રી. રમણભાઈ બધી જ હદો વીસ્તારી આજે વીશ્વનાગરીક બન્યા છે. રૅશનાલીઝમના આદ્યપુરુષ રમણભાઈને જે સાચું લાગ્યું તે એક હાથમાં અને બીજા હાથમાં સત્યની સળગતી મશાલ લઈને એ નીકળી પડ્યા. ‘ગુજરાતમીત્ર’માં રમણભાઈ પચ્ચીસેક વરસથી ‘રમણભ્રમણ’ કટાર અન્તર્ગત અન્ધશ્રદ્ધા, કુરીવાજો, વહેમો, ચમત્કારો, પાખંડો

અને કર્મકાંડો વીરુદ્ધ એવું તો બૉમ્બાર્ડીન્ગ કરી રહ્યા છે કે, પ્રભાવગ્રસ્ત કેટલાય વીસ્તારોમાં જ્યોતીષીઓ તાન્ત્રીકો અને અન્ધશ્રદ્ધાળુઓ હચમચી ગયા!

'રૅશનાલીઝમ' શબ્દને રમણભાઈએ જ, એની બૃહદ વીભાવના સહીત, ગુજરાતમાં લોકપરીચીત બનાવ્યો; સાથે સાથે જ વળી એનું ગુજરાતીય આપ્યું અને તે, 'વીવેકબુદ્ધીવાદ'. તેઓનાં લખાણોમાં પાઠકસાહેબે રૅશનાલીઝમની કેવળ વીચારસરણી જ નહીં; એક જીવનવ્યવસ્થા તરીકે એનાં તમામેતમામ પાસાંની ઉંડાણપુર્વક તથા અભ્યાસપુર્વકની વ્યાપક ચર્ચા કરી છે, જે ગુજરાતમાં અગાઉ કોઈએ જ નથી કરી.

રમણભાઈ શોષણવીહીન, વર્ગવીહીન, લીંગભેદવીહીન, વાડાબન્ધીવીહીન અને સર્વસમાન એવી સમાજરચનાના પ્રખર હીમાયતી રહ્યા છે. રમણભાઈ આમ તો ગાંધી યુગના માણસ; પણ

પશ્ચીમના ફ્રોઈડ, માર્ક્સ, આયન રેન્ડ અને બર્ટ્રાન્ડ રસેલનાં ચીન્તનમાં તેમને વધુ તાર્કીકતા લાગી.

એમની લેખન–પ્રવૃત્તીમાં રુપીયો ગૌણ; રૅશનાલીઝમનો પ્રચાર જ મુખ્ય બાબત રહી છે. રમણભાઈ નીવૃત્તી સુધી કૉલેજમાં પ્રૉફેસર રહ્યા. જે દીવસે કૉલેજમાંથી નીવૃત્ત થયા એ દીવસે જ એમણે સરકારને અરજી કરી કે, 'મારે પેન્શનમાંથી ખાવું નથી, મને પેન્શનની જરુર નથી!' સીદ્ધાન્ત ખાતર પોતાના પેન્શનના હજારો–લાખો રુપીયા જતા કર્યા! પૈસા કમાવાની વૃત્તી જ નહીં, સ્વભાવથી ઉદાર અને ઉડાઉ પણ! સારું કમાયા; પણ બધું ખર્ચી નાંખ્યું. લોભલાલચ કે ભીખારીવેડા એમના સ્વભાવમાં જ નહીં, માનપાનનીય લાલચ નહીં; એટલે તો રૅશનાલીઝમ માટે એમને મળેલા કીર્તી સુવર્ણચન્દ્રકનો એમણે સાદર અસ્વીકાર કર્યો અને કહ્યું કે, 'મને એવા ચન્દ્રકથી કશો ફાયદો

થવાનો નથી; આ ચન્દ્રક કોઈ યુવાનને આપો, જેથી એને પ્રોત્સાહન મળે.'

રમણભાઈએ માત્ર રૅશનાલીઝમની 'વાતો' નથી કરી; રૅશનાલીઝમ 'જીવ્યા' છે. પંચાવન વરસ પહેલાં, કોઈ પણ જાતના કર્મકાંડ વીના માત્ર અઢી રુપીયાની નજીવી નોંધણી ફી ભરીને, રમણભાઈએ કોર્ટમાં શ્રીમતી સરોજબહેન સાથે લગ્ન કરેલું. આજથી 50 વર્ષ પહેલાં ગુજરાતમાં કુટુમ્બનીયોજન શું કહેવાય, તેની ભાગ્યે જ કોઈને જાણ હશે, ત્યારે એમને ત્યાં માત્ર એક જ સન્તાન, વળી તે પણ 'દીકરી'નો જન્મ થયો અને એમણે સન્તતી–નીયમનનું ઑપરેશન કરાવી નાંખેલુ! રમણભાઈ હમ્મેશાં વીવાદાસ્પદ રહ્યા છે; કારણ કે જમાનાથી ઘણું આગળ વીચારવાની એમને ટેવ છે.

રમણભાઈ લખે છે ઓછું અને ચર્ચાય છે વધારે! સામાન્ય રીતે માણસ પોતાની ટીકા થાય તો

નારાજ થઈ જતો હોય છે; પણ આ સાહેબ, જરા જુદી માટીના બનેલા છે; તેઓ પોતાની ટીકાને પણ પોતાની પ્રતીષ્ઠા ગણે! ક્યારેક તો લખાઈ ગયા પછી કોઈ વાચક એમનો વીરોધ ન કરે તો, એમને નબળું લખાઈ ગયાનો વહેમ પડે! પોતાનાં લખાણો અને વીચારો માટે વૈજ્ઞાનીક આધાર સાથે વાદ–વીવાદ, તર્ક અને ચર્ચા કરવા માટે હમ્મેશાં સજ્જ રહે. પોતાની ભુલ થઈ હોય તો કાન પકડવામાં એમને ‘મોટાઈ’ કદી આડે નથી આવતી! લગભગ સ્થીતપ્રજ્ઞ કક્ષાના માણસ, રાગ–દ્વેષ કદી રાખે નહીં; સંઘર્ષને તો ટાળે જ. જરુર લાગે તો, ‘ભલે, ત્યારે તેમ..’ એમ કહીને ઘણીવાર સામાની ખોટી વાત પણ જતી કરે. રમણભાઈના જીવનમાં બે પરસ્પર વીરોધી ઘટનાઓ એકી સાથે ઘટી : સગાં–સ્નેહીઓ ને મીત્રોનો અપાર–અનહદ આદર પામ્યા છે અને એમની સાથે અસમ્મત થનારાઓનો

અનાદર પણ એટલો જ પામ્યા છે. આ બન્ને ઘટનાઓ રમણભાઈને સરખો આનન્દ આપી શકે છે; એ જ આ રમણ મહર્ષીની મહાનતા છે. દમ્ભ, દ્વેષથી સદન્તર મુક્ત; પ્રેમ, પ્રસન્નતા અને પ્રામાણીકતાપુર્વક જીવનને વધુ આનન્દમય બનાવવાનો રાહ ચીન્ધનારા આનન્દમાર્ગી મનીષી છે. આદરણીય શ્રી. ગુણવન્તભાઈ શાહે સુરતની એક સભામાં કહેલા શબ્દોનું મને સ્મરણ થાય છે કે, 'રમણભાઈ પાઠક સુરતના સૌથી વધુ પ્રામાણીક માણસ છે.'

રમણભાઈની કલમ સતત સામાજીક સુધારાઓ માટે વહેતી રહે છે. રૅશનાલીઝમ ઉપરાન્ત એમનાં વીચારો, લખાણો અને વીષયોનો કોઈ પાર નથી. રમણભાઈએ વીસેક જેટલા ચીન્તનાત્મક નીબન્ધસંગ્રહો ઉપરાન્ત વાર્તાસંગ્રહો, નવલકથા(ઓથાર), હાસ્યસંગ્રહો, સેક્સ અને

ભાષાવીજ્ઞાન વગેરે વીષયો ઉપર અસંખ્ય મુલ્યવાન, બળવાન અને પ્રાણવાન પુસ્તકો ગુજરાતની પ્રજાને આપ્યાં છે. ગુજરાતના પ્રસીદ્ધ કવી અને રમણભાઈના મોટાભાઈ કવી ડૉ. જયન્તભાઈ પાઠકે એક વાર મને કહેલું, 'હું સાહીત્યનો જીવ ખરો; પણ મને એ એક જ ઈન્દ્રીયનું જ્ઞાન; પણ રમણ તો ભુગોળ ને ખગોળ, મનોવીજ્ઞાન, સેક્સ, તબીબશાસ્ત્ર, નૃવંશશાસ્ત્ર ને તત્ત્વજ્ઞાન બધું જ જાણે! હું ઉમ્મરમાં રમણથી બે વરસ મોટો ખરો; પણ એ બધા વીષયોમાં હું એનો શીષ્ય છું!'

1980થી '85 દરમીયાન હું જ્યારે કૉલેજમાં હતો ત્યારે 'રમણભ્રમણ' નીયમીત વાંચતો. વાંચવાનું ખુબ ગમતું; પણ એમની ભાષા કડક એટલે એમનો પ્રત્યક્ષ પરીચય કરવામાં મને જોખમ લાગે! આખરે 1989માં મીત્ર શ્રી. છગનભાઈ બરવાળીયા પહેલી વાર મને રમણભાઈ પાસે લઈ

ગયેલા. એમને મળ્યા પછી રમણભાઈ બહુ ‘કડક’ માણસ હોવાની મારી છાપ, તડકામાં બરફ ઓગળે એમ ઓગળી ગઈ. સાવ સાચું કહું તો રમણભાઈથી વધારે વીનમ્ર માણસની હું શોધમાં છું. મીત્ર તો ઠીક; પણ એમના દુશ્મન બનવું પણ પાલવે એટલા વીવેકશીલ માણસ છે, રમણભાઈ!

દુનીયાના લગભગ દરેકેદરેક વીષયમાં એમને રસ અને જાણકારી. પાછો દરેક બાબતે પોતાનો મૌલીક અભીગમ અને અભીપ્રાય તો ખરો જ. પાર વીનાનું વાંચે અને અપાર જ્ઞાનના ધણી, એમની સાથે જેમ જેમ મીત્રતા ગાઢ થતી ગઈ એમ એમ વાંચવાની ટેવ ઘટતી ગઈ. કોઈ પણ પ્રશ્ન ઉઠે તો, ચોપડીઓ ફંફોસવા કરતાં એક ફોન જોડીએ એટલે તત્ક્ષણ પ્રમાણો સાથે ઉત્તર મળી જાય! એટલે જ હું ઘણીવાર એમને ‘હરતીફરતી લાઈબ્રેરી’ કહું છું. ‘લોકસમર્થન’ના મારા દરેક લેખો

ધ્યાનથી વાંચે, તરત ફોન કરે, ભુલ જણાય ત્યાં ધ્યાન દોરે–માર્ગદર્શન આપે અને સારું લાગે ત્યાં પીઠ થાબડે.

બાળકોની સમસ્યાઓ અને સ્ત્રીઓની સમસ્યાઓ એ એમની તીવ્ર વેદનાના વીષયો છે. આ બન્ને વીષયોમાં બુદ્ધની કરુણા રમણભાઈને ‘જીવલેણ’ લાગુ પડી છે! રમણભાઈ રોતું બાળક સાંભળી અસ્વસ્થ બની જાય, દ્રવી જાય. ગરીબ બાળકને કશુંક આપી દે, અપાવી દે અને ખુશ થાય. કોઈ બાળકની લાગણી દુભાઈ જાય તે એમને માટે અસહ્ય વેદના. તેઓ બાળઉછેરનું પણ વૈજ્ઞાનીક જ્ઞાન ધરાવે. પોતાના દોહીત્ર મલ્હારને (જે હાલમાં અમેરીકા અભ્યાસ કરી રહ્યો છે) ત્રણ મહીનાનો હતો ત્યારથી પાંચ વર્ષનો રમણભાઈએ જ કર્યો! જાણે એક સુસંસ્કૃત માતા! કોઈ પ્રસીદ્ધ શીલ્પી

મુર્તીના ઘડતરમાં જેટલી કાળજી રાખે એટલી કાળજીથી એમણે મલ્હારનો ઉછેર કર્યો.

વૈચારીક બાબતોમાં મોટામાં મોટા માણસોનો જાહેરમાં વીરોધ કરતા અને નાનામાં નાના માણસને ભરપુર આદર આપતા અમે રમણભાઈને નજરે નીહાળ્યા છે. ઘરના કામવાળાં પ્રત્યે પણ એવી જ સહાનુભુતી તથા સ્નેહાળ સૌજન્ય. રમણભાઈ સુરતમાં 13 વર્ષ રહ્યા, કામવાળી–રસોયણ એક જ, એકની એક જ! બારડોલી રહેવા જવાનું થયું અને સુરતનું ઘર છોડ્યું ત્યારે મારા ખભા પર હાથ મુકતા અને ઘરની સામે જોતાં રમણભાઈએ મને કહ્યું, ‘વલ્લભભાઈ, ઘર છોડવું પડ્યું એનું જરાય દુ:ખ નથી; પણ આ કામવાળી બહેનને નીરાધાર છોડી રહ્યો છું એનું મને પારાવાર દુ:ખ છે!’ આટલા મોટા ફીલોસોફરની આંખોમાંથી પણ નાનામાં નાના માણસ માટે આંસુ વહી શકે છે. મને બરાબર યાદ

છે કે, કામવાળી બહેને અશ્રુધારા સાથે કહેલું, ‘હે ભગવાન! મારી ઉમ્મર પણ આ પાઠક સાહેબને આપી દેજે!’ આજે બારડોલીમાં પણ આઠ વરસથી એક જ કામવાળી–રસોયણ બાઈ છે! નોકર ભુલ કરે તો પણ ઉગ્રતા ધારણ કરવાનું એમને આવડ્યું જ નહીં! એમના બ્લડપ્રેશરમાં કે અવાજના લયમાં કદી નોંધપાત્ર ફેરફાર થતો અમે જોયો નથી! આને હું રમણભાઈની ‘સ્થીતપ્રજ્ઞતા’ ગણું છું.

ગાંધીવીચારના બહુ પ્રશંસક નહીં; પણ સત્ય, સ્વચ્છતા અને કરકસર(રુપીયા સીવાય)માં ગાંધીજીને જ આદર્શ માને. મહેમાનોને આવતાં વેંત પાણીનો ગ્લાસ ધરી દેવાના રીવાજના સખ્ત વીરોધી. મહેમાન માંગે તો અથવા પુછીને પછી જ પાણી આપે. બાકી એક ગ્લાસ પણ પાણી વેડફાય તો ગાંધીની માફક દુ:ખી થઈ જાય. ઉંચામાં ઉંચી ફીલસુફીમાં તો નીપુણ; પણ ઘરકામમાં પણ એટલા

જ નીપુણ! રમણભાઈના ઘરે જે કોઈ જાય એમને રમણભાઈના હાથની ચા મળે જ! વર્ષોથી ઘરકામ કરે, ચા તો જીન્દગીભર જાતે જ બનાવી; પણ એમના રસોડામાં કદી અવાજ કે અકસ્માત નહીં! ક્યારેય દુધ ઉભરાઈ ગયું નહીં, બગડી ગયું નહીં કે ઢોળાયું પણ નહીં! જાણે એક ઉત્તમ ગૃહીણી!

સમયપાલન અને નીયમીતતાના પણ એટલા જ આગ્રહી. ઘડીયાળને કાંટે જ બધાં કામ કરે. લેખ લખવા બેસે ત્યારે ત્રણ–ચાર જાતની રંગબેરંગી બોલપેન વાપરે અને જાતજાતનાં ચીહ્નો કરે, તેથી કમ્પોઝીટરને વાંચવામાં તકલીફ ન પડે અને છાપભુલ ટળે. બીજાને તકલીફ ન પડે એની વધુ પડતી ચીવટ રાખે. એથી ઘણીવાર પોતાને જ તકલીફ વેઠવી પડે; પરન્તુ ‘મારે લીધે કોઈનેય મુશ્કેલી ન પડવી જોઈએ’ એ એમનો જીવનમન્ત્ર. વીવેકબુદ્ધી અને વીનમ્રતાની સાથે સાથે

સંવેદનશીલતાનું સન્તુલન જાળવવામાં એમણે મહારત હાંસલ છે. બાકી, સંવેદનશીલતા વગરની બૌદ્ધીકતા સીમકાર્ડ વગરના મોબાઈલ ફોન જેટલી જ ખપમાં આવે! સાહીત્યકાર મીત્ર ભાઈ શ્રી. રજનીકુમાર પંડ્યાએ સાચું લખ્યું છે કે, ‘રમણભાઈના રૅશનાલીઝમમાં માત્ર અન્ધશ્રદ્ધા, તન્ત્ર–મન્ત્ર, ચમત્કાર વીરોધની જ વાતો નથી; સમગ્ર જીવનવ્યવહારને આવરી લેતા સુઘડ આચાર–વીવેકની વાતો છે. મનુષ્ય માત્રના સુખની સુન્દર કામના એ જ રમણભાઈનો ધર્મ છે.’

રમણભાઈને લગભગ બધા જ જાણે છે; પરન્તુ બહુ લોકપ્રીય કે સર્વપ્રીય ન થઈ શક્યા. તેનું કારણ તેઓ પ્રવાહને પારખીને તેની દીશામાં તરનારા માણસ નથી; પણ વીવેકબુદ્ધીના તરાપા પર પ્રવાહની વીરુદ્ધમાં તરનારા માણસ છે. કદાચ એટલે જ મીત્ર શ્રી. જમનાદાસ કોટેચાએ રમણભાઈને

‘સામાપુરના તરવૈયા’ જાહેર કર્યા છે અને એ નામનું રમણભાઈ વીશે આખું પુસ્તક પણ આપ્યું છે. કથાકાર મોરારીબાપુને પણ થયું કે જે માણસ જીન્દગીભર જીવના જોખમે લોકપ્રવાહની વીરુદ્ધમાં, સામે પુર તર્યો છે એ માણસની એક વાર તો મુલાકાત લેવી જ જોઈએ! અને બાપુ રમણભાઈની સમ્મતી લઈને પ્રેમપુર્વક બારડોલી રમણભાઈના ઘરે, સામે ચાલીને મુલાકાતે આવ્યા જ!

પરમ્પરાને આંખો મીચીને સ્વીકારે એ રમણભાઈ નહીં; આંખો ફાડીને પડકારે એ રમણભાઈ! સુરતની ભુમી વીરનર્મદ અને પ્રા. રમણભાઈ પાઠક ‘વાચસ્પતી’ને જીરવી ગઈ એ પણ નાનોસુનો ચમત્કાર નથી. મીત્રો, ઓગણીસમી સદીમાં સુરતને નર્મદની જેટલી જરુર હતી, એટલી જ વીસમી સદીમાં ગુજરાતને રમણભાઈની જરુર હતી! અવૈજ્ઞાનીકતા, બુદ્ધીબધીરતા અને અન્ધ–

શ્રદ્ધાનાં ઘેઘુર જાળાંઓ વચ્ચે ત્રણ–ત્રણ દાયકા સુધી રૅશનાલીઝમની ઝુમ્બેશ ચલાવવી એ કદાચ કોઈને ચમત્કાર ન લાગતો હોય તો પણ; આ દેશમાં ત્રણ દાયકા સુધી કોઈનો માર ખાધા વગર આવી ઝુમ્બેશ ચલાવવી એ તો ચમત્કાર જ! ઝટ ગળે ન ઉતરે એવા, ક્યારેક અસમ્મત થવું પડે એવા વીચારોને નીર્ભીકપણે વ્યક્ત કરનારા લેખકો આજે ક્યાં અને કેટલા? હળાહળ પ્રદુષણયુકત વાતાવરણમાં આટલા નીર્મળ, સાચકલા અને તન્તોતન્ત લાગણીથી લથપથ થતા માણસને શોધવા દીવો લઈને નીકળવું પડે એમ છે. મીત્રો, ક્યારેક બારડોલી જવાનું બને અને સુટ–બુટ–ટાઈમાં સજ્જ કોઈ યુવાન દેખાતો વૃદ્ધ સામે મળી જાય તો એ રમણભાઈ પાઠક હોવાની પુરી સમ્ભાવના છે!

ઈટાલીમાં બ્રુનોએ પૃથ્વી સપાટ નહીં; ગોળ છે એવું જાહેર કર્યું, ત્યારે લોકોએ તેને ખોટો માની

જીવતો સળગાવેલો. ગેલીલીયોએ પૃથ્વી સ્થીર નથી; સુર્યની આસપાસ ફરે છે એવું જાહેર કર્યું ત્યારે પણ લોકોએ તેને ખોટો માની સજા કરેલી. બ્રુનો અને ગેલીલીયો બન્ને સાચા હતા એ સદીઓ પછી હવે આપણને સમજાયું. મને લાગે છે કે, ‘રમણભાઈ પણ સાચા હતા’ એવું પ્રમાણપત્ર આપવાની જવાબદારી આપણે આવનારી પેઢીઓને સોંપી રહ્યા છીએ!

રમણભાઈ પોતાના ભાતીગળ આયુષ્યનાં 81 વર્ષ પુરાં કરી રહ્યા છે. લેખકો, વીચારકો તો ઘણા અમારા મીત્રો છે, આદરણીય પણ એમાંના ઘણા લાગ્યા; પરન્તુ સાચું કહું તો એક માણસ તરીકે, એક માનવવ્યક્તી તરીકે રમણભાઈ જેવા વીદ્વાન, જ્ઞાની, વીનમ્ર, કરુણાવાદી અને આનન્દમાર્ગી બીજો માણસ મારા ધ્યાનમાં નથી. એમની તબીયત લોકો ધારે છે એટલી સારી હવે નથી, એની અમને શંકા

અને ચીન્તા બન્ને છે. અમારા મીત્ર શ્રી. યાસીનભાઈ દલાલના શબ્દોમાં કહું તો, ‘રમણ પાઠક ગુજરાતના સાહીત્યજગતની અને વીચારજગતની એક મહામુલી મુડી છે, એમને કે એમના વીચારવારસાને ગુમાવવાનું ગુજરાતની પ્રજાને પાલવે એમ નથી.’

હું ઉમ્મરમાં રમણભાઈથી 40 વરસ નાનો છું અને જ્ઞાનમાં 400 વરસ; છતાં પોતાના સાવ નજીકના મીત્ર તરીકે એમણે મને સ્થાન અને ગૌરવ આપ્યું. એમના વીચારોથી અને એમની મીત્રતાથી અમારા અસંખ્ય મીત્રોના જીવનમાંથી થોડો અન્ધકાર ઉલેચાયો. ભાગ્યે જ જોવા મળતા આવા અર્વાચીન મહર્ષી રમણભાઈ પાઠકને એમની ઉત્તરવયે, એમના ચાહકો–મીત્રો વતી અન્તઃકરણપુર્વક, આર્દ્ર હૈયે અને ભીની આંખોએ મારી સલામ!

## •પ્રસાદ•

‘જીવનનો એકમાત્ર હેતુ આનન્દનો છે,
એ મનભર મળે ત્યાં સુધી જ માણસે જીવવું જોઈએ.
સ્વજનોને માથે નીરર્થક બોજો બની નીરસ,
જડવત્ અને નીરાધાર બની જીવ્યા કરવું,
એ જીવનના સાચા મરમીને ન જ છાજે.
‘માણી’ રહ્યો છું એમ લાગે ત્યાં સુધી જીવીશ;
‘તાણી’ રહ્યો છું એમ લાગે ત્યારે મરીશ!’

•પ્રા. રમણ પાઠક ‘વાચસ્પતી’•

(જન્મ તારીખ : 30-07-1932

દેહાવસાન : 12-03-2015)

લેખક–સમ્પર્ક : શ્રી. વલ્લભભાઈ ઈટાલીયા, 74/બી, હંસ સોસાયટી, વરાછારોડ, સુરત –395 006, સેલફોન : 98258 85900, ઈ.મેઈલ : vallabhitaliya@gmail.com

સુરતના ‘લોકસમર્થન’ દૈનીક (હાલ બંધ છે)માં શ્રી. વલ્લભભાઈ ઈટાલીયાની કટાર ‘વીચારયાત્રા’ પ્રગટ થતી હતી. તેના તા. 5 જુન, 2003ના અંકમાં પ્રકાશીત થયેલો લેખ, લેખક શ્રી. વલ્લભભાઈના સૌજન્યથી સાભાર.

((●))

**III**

# અમારાં પ્રકાશનો

અનુક્રમણીકા

નવી દૃષ્ટી, નવા વીચાર, નવું ચીન્તન માણવા ઈચ્છતા વાચક બીરાદરો માટે 'મણી મારુ પ્રકાશને' ઈ.બુક્સનું પ્રકાશન કરવાનું કાર્ય ઉપાડી લીધું છે. અમારું પ્રત્યેક પ્રકાશન માત્ર સદ્વીચારોના પ્રસાર માટે વાચકમીત્રોને નીઃશુલ્ક મળે છે. અમે 30 જુલાઈ, 2019 સુધીમાં નીચે મુજબની 32 ઈ.બુક્સનું પ્રકાશન કર્યું છે.

| | |
|---|---|
| 1. | પ્રા. રમણ પાઠક (વાચસ્પતી)ના 25 લેખોની 'અભીવ્યક્તી' ઈ.બુક – 01 (પાનાં : 113; મુલ્ય : મફત) |
| 2. | શ્રી. દીનેશ પાંચાલના 25 લેખોની 'અભીવ્યક્તી' ઈ.બુક – 02 (પાનાં : 108; મુલ્ય : મફત) |
| 3. | શ્રી. મુરજી ગડાના 25 લેખોની 'અભીવ્યક્તી' ઈ.બુક – 03 (પાનાં : 127; મુલ્ય : મફત) |
| 4. | પ્રા. રમણ પાઠક (વાચસ્પતી)ના ચીન્તનાત્મક 37 લેખોની 'ઈ.બુક' – 'વીવેક–વલ્લભ' (પાનાં : 190; મુલ્ય : મફત) |
| 5. | પ્રા. રમણ પાઠક (વાચસ્પતી)ના ચીન્તનાત્મક લેખોમાંથી 206 રૅશનલમુદ્દાઓ તારવી કાઢીને તૈયાર કરેલ 'વીવેકવીજય' ગ્રંથની 'ઈ.બુક' (પાનાં : 131; મુલ્ય : મફત) |
| 6. | શીક્ષણવીદ્ ડૉ. શશીકાંત શાહની 'ઈ.બુક' 'આનન્દની ખોજ' (પાનાં : 53; મુલ્ય : મફત) |

| | |
|---|---|
| 7. | શીક્ષણવીદ્ ડૉ. શશીકાંત શાહની ‘ઈ.બુક’ ‘ટીન–એજ’માં બોયફ્રેન્ડથી સાવધાન’ (પાનાં : 51; મુલ્ય : મફત) |
| 8. | શ્રી. રોહીત શાહના 25 લેખોની ‘અભીવ્યક્તી’ ઈ.બુક – 04 ‘અધ્યાત્મના આટાપાટા’ (પાનાં: 111; મુલ્ય : મફત) |
| 9. | શીક્ષણવીદ્ ડૉ. શશીકાંત શાહની ‘ઈ.બુક’ ‘આનન્દનું આકાશ’ (પાનાં : 116; મુલ્ય : મફત) |
| 10. | પ્રા. રમણ પાઠક (વાચસ્પતી)ની આત્મકથાની ‘ઈ.બુક’ ‘આત્મઝરમર’ (પાનાં : 257; મુલ્ય : મફત) |
| 11. | આર્યસમાજી અને લેખક શ્રી. નાથુભાઈ ડોડીયાની ‘ઈ.બુક’ ‘દુઃખનીવારણના ભ્રામક ઉપાયો’ (પાનાં : 26; મુલ્ય : મફત) |
| 12. | શ્રી. એન. વી. ચાવડાના 14 લેખોની ‘અભીવ્યક્તી’ ઈ.બુક – 05 ‘ચાર્વાક દર્શન’ (પાનાં : 96; મુલ્ય : મફત) |
| 13. | શ્રી. દીનેશ પાંચાલના 20 લેખોની ‘અભીવ્યક્તી’ – ઈ.બુક – 06 ‘સત્યસન્દુક’ (પાનાં : 110) |
| 14. | શીક્ષણવીદ્ ડૉ. શશીકાંત શાહની ‘ઈ.બુક’ ‘સમ્બન્ધમીમાંસા’ (પાનાં : 83; મુલ્ય : મફત) |
| 15. | શીક્ષણવીદ્ ડૉ. શશીકાંત શાહની ‘ઈ.બુક’ ‘જીન્દગી કઈ રીતે જીવશો ?’ (પાનાં : 75; મુલ્ય : મફત) |
| 16 | શ્રી. વલ્લભ ઈટાલીયાના 10 લેખોની ‘અભીવ્યક્તી’ – ઈ.બુક – 07 ‘વીચારયાત્રા’ (પાનાં : 84; મુલ્ય : મફત) |
| 17 | નીવૃત્ત પ્રશાસક અને લેખક શ્રી. બી. એમ. દવેના લેખોની ‘અભીવ્યક્તી’ – ઈ.બુક – 08 ‘ભ્રમ ભાંગ્યા પછી...’ (પાનાં : 90; મુલ્ય : મફત) |

| | |
|---|---|
| 18 | સુશ્રી. કામીની સંઘવીના 11 લેખોની ‘અભીવ્યક્તી’ ઈ.બુક – 09 ‘કીતની હકીકત, કીતના ફસાના?’ (પાનાં : 72; મુલ્ય : મફત) |
| 19 | શ્રી. દીનેશ પાંચાલના 12 લેખોની ‘અભીવ્યક્તી’ ઈ.બુક – 10 ‘રૅશનાલીઝમનો ઘંટનાદ’ (પાનાં : 93; મુલ્ય : મફત) |
| 20 | શ્રી. દીનેશ પાંચાલના 12 લેખોની ‘અભીવ્યક્તી’ ઈ.બુક – 11 ‘રૅશનાલીઝમનો ઘંટનાદ–2’ (પાનાં : 110; મુલ્ય : મફત) |
| 21 | શ્રી. દીનેશ પાંચાલના 12 લેખોની ‘અભીવ્યક્તી’ ઈ.બુક – 12 ‘રૅશનાલીઝમનો ઘંટનાદ–3’ (પાનાં : 122; મુલ્ય : મફત) |
| 22 | શ્રી. રમેશ સવાણીના 14 લેખોની ‘અભીવ્યક્તી’ ઈ.બુક – 13 ‘દેતે હૈં ભગવાન કો ધોખા’ (પાનાં : 136; મુલ્ય : મફત) |
| 23 | શીક્ષણવીદ્ ડૉ. શશીકાંત શાહની ‘ઈ.બુક’ ‘સંતાનોમાં સંસ્કારસીંચન’ (પાનાં : 95; મુલ્ય : મફત) |
| 24 | શીક્ષણવીદ્ ડૉ. શશીકાંત શાહની ‘ઈ.બુક’ ‘મૃત્યુમીમાંસા’ (પાનાં : 34; મુલ્ય : મફત) |
| 25 | શીક્ષણવીદ્ ડૉ. શશીકાંત શાહની ‘ઈ.બુક’ ‘જીપ્સીની ડાયરી’–‘એક સૈનીકની નોંધપોથી’ (પાનાં : 112; મુલ્ય : મફત) |
| 26 | ડૉ. બી. એ. પરીખના 12 લેખોની ‘અભીવ્યક્તી’ ઈ.બુક – 14 ‘મન્ત્ર–યન્ત્ર–તન્ત્રનું અવીજ્ઞાન’ (પાનાં : 101; મુલ્ય : મફત) |
| 27 | ‘અંગદાન’ અંગેના 11 લેખોની ‘અભીવ્યક્તી’ ઈ.બુક – 15 ‘અંગદાનથી નવજીવન’ (પાનાં : 102; મુલ્ય : મફત) |
| 28 | શ્રી વીક્રમ દલાલના 10 લેખોની ‘અભીવ્યક્તી’ ઈ.બુક – 16 ‘રૅશનાલીસ્ટની દષ્ટીએ ગીતાનો સંદેશ’ (પાનાં : 81; મુ: મફત) |
| 29 | શીક્ષણવીદ્ ડૉ. શશીકાંત શાહની ડાયરી–સંગ્રહનાં ‘વીચારમોતી’ની ‘ઈ.બુક’ ‘શાણપણનાં મોતી’ (પાનાં : 104; મુલ્ય : મફત) |

| | |
|---|---|
| 30 | સુશ્રી. રચના નાગરીક સમ્પાદીત અને પ્રા. રમણ પાઠકના 19 ‘વીચારલેખોની ‘અભીવ્યક્તી’ ઈ.બુક – 17 ‘આચારી સબ જગ મીલા’ (પાનાં : 165; મુલ્ય : મફત) |
| 31 | સુશ્રી. રચના નાગરીકના 07 કંઠીમુક્ત વીચારલેખોની ‘અભીવ્યક્તી’ ઈ.બુક – 18 ‘બૈઠ પથ્થર કી નાવ’ (પાનાં : 167; મુલ્ય : મફત) |
| 32 | પ્રા. રમણ પાઠક (વાચસ્પતી)ના 12 લેખોની ‘અભીવ્યક્તી’ ઈ.બુક – 19 ‘સ્વર્ગ ધરતી પર છે’ (પાનાં : 170; મુલ્ય : મફત) |


મણી મારુ

●‘ઈ.બુક’ પ્રકાશક●

405, સરગમ એપાર્ટમેન્ટ, નવસારી કૃષી યુનીવર્સીટી સામે,

વીજલપોર. નવસારી. પોસ્ટ : એરુ એ. સી. – 396 450

સેલફોન : 9537 88 00 66

ઈ.મેઈલ : govindmaru@yahoo.co.in




# સમાપ્ત